
REGISTERED B. NO. 53 આપ પાસે આ વરસ સુધા રૂ. છેતે મે.કરો.

# રાહે નજાત



કિતાબ ૧૫ મી
હીસ્સો ૭ મો.

માહે
જમાદીઉલ
અવ્વલ
સન હી.
૧૩૨૫.

શીઓંકે વાસ્તે યેહી 'રાહેનજાત' હૈ=પઢકર અમલ કીયા કરેં જબતક હયાતહૈ*
લાએગા વોહ યકીન કે જો 'ખુશસીફાતહૈ'=ખિઝરે રહે બેહિશ્ત યેહ રાહેનજાતહૈ*

## સાંકળીઉ.

૧-બે જણનું બાપ.ણું ૧૯૩
૨-આવતા માસનું પંચાંગ. ૧૯૪
૩-મસાએલ. ૧૯૫
૪-મેઅરાજુસ્સઆદત. ૧૯૭
૫-માઅજીઝો. ૩૨૧મો. ૨૦૧
૬-એક યહુદી મુસલમાન ૨૦૪
૭-હમલએહૈદરી. ૨૦૬
૮-મેઅરાજ શામાટે થઈ ૨૧૪
૯-હ૦અલીઅ૦નો કાગળ ૨૧૬
૧૦-પરચુરણ. ૨૨૦
૧૧-અનજુમન ૨૨૧
૧૨-પંદર કરોડ રૂપીઆ ૨૨૨
૧૩-જુદી જુદી હદીસો ૨૨૪
[illegible]-વધારો ૪૧ થી ૪૪
૧૫-કાતાબેનું લીસ્ટ ૧થી૧૦

જનાબે પંજેતને પાક
અલયહે મુસલ્લા
મના સફકાવા.

ઈલ્મ રોશની શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ મામદાણી
માળીયા (મીયાણા)

પ્રગટ કરનાર
હાજી ગુલામઅલી
હાજી ઈસમાઈલ

અધીપતી રાહેનજાત
અને નુરેઇમાન
અમદાવાદ-પાચપટી.

કીમત
વરસના રૂ. ૨
આફ્રીકા વીગેરે રૂ. ૩

"હસનાઅશરી પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ."

આ નવી બાબત વાંચ્યા પછી બીજું વાંચો.

નીચેનો ઉમદા લાભ અટકાવાના જોખમદાર કદી ઠરશો નહીં.

# ખુદાની રહમતે પહોંચેલા ગ્રાહકો વી૦ને લાભ.

રાહેનજાત અને નુરેઇમાનના હાલ જેટલા ગ્રાહકો છે તેઓ સરવે જણ રજબ મહીનાની ૧ લી તારીખ સુધીમાં ઇ૦ આવતી રાહેનજાતની ૧૬મી અને નુરેઇમાનની ૧૪મી સાલ સુધીનું લવાજમ અમોને પહોંચતુ કરો તો ઇ૦ ઇદે ગદીરની ખુશહાલીમાં આપને તથા જે જે ખુદાની રહમતે પહોંચ્યા તે આપના સગા તથા મરહુમ ગ્રાહકોને નીચે મુજબ ઉમદા લાભ.

૧—સરવે ગ્રાહકોને એક નાની એવી પણ ઉમદા ઉપયોગી કીતાબ ભેટ આપીશું.

૨—ખુદાની રહમતે પહોંચેલા ગ્રાહકો કે જેઓએ ભુલથી અથવા તંગ હાલત થવાથી અમારો હક આંપ્યો નથી તેઓને માફ કરી આપીશું.

૩—ખુદાની રહમતે પહોંચેલા ગ્રાહકો તથા આપ સાહેબો આપના જુવે તે મરહુમોની રૂહના માટે નીય્યત કરો તે સરવેની રૂહના સવાબ માટે શબેકદરમાં અરબી તથા ગુજરાતી રૂ૧૦ વાળા કુરઆને શરીફ ફકત રૂ૨ા માં વક્ફ કરીશું.

૪—મજકુર મરહુમોની રૂહના સવાબ માટે એક મજલીસ કરી ફાતેહા પડાવીને તમામ સવાબ બખશી આપીશું.

૫—મજકુર મરહુમોની રૂહના સવાબ માટે ૬૬૬૬ કુરઆન ખતમ કરવાનો સવાબ મળે એમ કરીશું; એટલે માહે રમઝાનમાં એક કુરઆન ખતમ કરાવીને બખશી આપીશું કેમકે એ મહીનામાં એક આયત પડવામાં એકકુરઆન ખતમ કરવા જેટલો સવાબછે

૬—મજકુર મરહુમોની રૂહના સવાબ માટે પાંચ લાખ રૂપીઆ સોનાના કરોડો ડુંગરા રાહે ખુદામાં વાપરવા જેવા સવાબમાં વપરાય એવું કરીશું, એટલે ઇદે ગદીરને દીવસે હીદાયત ફંડમાં પાંચ રૂપીઆ તેઓની રૂહના સવાબ માટે આપીશું, ઇદે ગદીરના દીવસે કારે ખયરમાં વાપરવાનો સવાબ એકનો લાખ ગણો છે, અને હીદાયતમાં એક પાઇ વાપરવી તે સોનાનો પહાડ બીજા કામમાં વાપરવા કરતાં વધારે સવાબછે.

૭—નવી સાલના બન્ને ચોપાન્યાની દસ દસ નકલ ફકત પેકીંગ પોસ્ટેજ તરીકે આઠ આઠ આના લઇ ગરીબોંને વકફ આપીશું.

હવે અમારો હક તાકીદે મોકલી આપી અનો અઝીમ સવાબ મેળવો અને મરહુમોને રાજી અને ખુશ કરો.

જો સરવે ગ્રાહકો આ લવાજમ નહીં મોકલે તો આ તમામ કામ નહીં થાય; અને તેથી અઝીમ સવાબના કામ અટકાવનાર અને મરહુમોની અરવાહોને એ સવાબથી મહરૂમ રાખનાર લવાજમ નહીં મોકલનાર ઠરશે, અને કોઇને ગફલત વી૦નો ઉઝર નરહે તેથી લાંબી મુદત આપી છે. તા. ૧ લી રબીઉલ આખર.

## આફ્રીકા વી૦ ના ગ્રાહકોને ચેતવણી.

ઇન્શાઅલ્લાહ આવતા નવા વરસથી રાહેનજાતના રૂ.૨ા સવાએ નુરેઇમાનનો રૂ.૨ા અને લેનારના રૂ ૩ા લેવામાં આવશે.

અને હીંદુસ્તાનવાળાઓ પાસેથી ધારા મુજબ રાહેનજાતના રૂ. ૨ નુરેઇમાનનો રૂ. ૧ા અને બંને લેનારના રૂ ૩ લેવામાં આવશે.

બિસમિલ્લાહિર રહેમાનિર રહીમ.

# રાહે નજાત.

અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદ વઅ.લે મોહમ્મદ.

માસીક ચોપાનીયું.

કિતાબ ૧૫ મી.) તા૦ ૧લી માહે જમાદીઉલઅવ્વલ સન ૧૩૨૫ હી૦ (હિસ્સો ૭ મે

## બે જણનું ભોપાળુ એક કુતરાએ ખોલ્યું.

બહુરલગુમ્માઆમાં લખે છે કે જાબીર બીન અનસારી કહે છે કે એક દીવસ હું હઝરતે રસુલેખુદા સ૦ની ખીદમતમાં હાજર હતો અને અસ્હાબો હઝરતની આસપાસ બેઠા હતા, ત્યાં એક શખ્સે આવીને અરેજ કરી કે યા હઝરત ફલાણા યહુદીના કુતરાએ મારા કપડાં ફાડી નાખ્યા અને મને કરડયો તેથી હું જમાતની નમાઝમાં આવી શકયો નહીં, આ સાંભળીને હઝરત ચુપ થઇ ગયા. બીજે દીવસે બીજા શખસે પણ એજ કુતરાની શીકાયત કરી, તે વખતે આપે ફરમાવ્યું અગર એમજ હોય તો તે કુતરાને કતલ કરવો જોઇએ, પછી અસ્હાબોને લઇ તે યહુદીના ઘરે ગયા, અનસ બીન માલીકે યહુદીને બોલાવ્યો, આપે તેને ફરમાવ્યું તારા કુતરાને મારી પાસે લાવ તે લોકોને ઇજા પહોંચાડે છે તેથા તેને કતલ કરવો જોઇએ, આ સાંભળીને યહુદી તેને પકડીને લાવ્યો કુતરો હઝરતના કદમ સામે ભોંય પડી ગયો અને બોલ્યો અસ્સલામો અલયક યા૦ રસુલલ્લાહ મને શામાટે બોલાવ્યો છે ?

હઝરતે તમામ વાત કહી, તેણે અર્જ કરી તેમાં મારી તકસીર નથી એ બન્ને જણ જ્યારે અહીંયાથી નીકળ્યા ત્યારે હઝરત અલી અ૦ને બદ બોલતા બોલતા જતા હતા, તે મારાથી સહન થઇ શકયું નહીં તેથા મેં તેઓ ઉપર હમલા કરી કપડા ફાડી નાખ્યા, આ સાંભળીને હ૦ રસુલે ખુદા સ૦ એટલુ રડયા કે હઝરતની દાઢી પલળી ગઇ, પછી આપે યહુદીને કહ્યું આ કુતરાના ગળામાંથી જલદી દોરી છોડી નાખ અને બરાબર ખાણું પીણું આપતો રહેજે અને આના ઉપર સારી પેઠે મહેરબાની રાખજે.

આ મોઅજીઝો જોઇને યહુદી બોલ્યો હયવાન તો આપને માને છે અને હું ઇનસાન થઇ આવી ઇમાનની દોલતથી મહરૂમ રહું ? એમ કહી પોતાના સગાવહાલા સહી ! ઇમાન લાવ્યો.

( સલવાત )

## આવતામાહે જમાદીઉલ આખરનું ઇસ્લામી પંચાંગ, સન ૧૩૨૫હીજરી.

[ બીજ વખતે વેહલી મોડી દેખાય કે સાબીત થાય તે અમલ કરનારે હીસાબ કરવો. ]

| વાર. | ઇસ્લામી તારીખ | અંગ્રેજી તારીખ | હિંદુ તિથિ |
|---|---|---|---|
| શની | ૧ | ૩ | ૩ |
| રવી | ૨ | ૧૪ | ૪ |
| સોમ | ૩ | ૧૫ | ૫ |
| મંગળ | ૪ | ૧૬ | ૬ |
| બુધ | ૫ | ૧૭ | ૭ |
| ગુરૂ | ૬ | ૮ | ૮ |
| શુક્ર | ૭ | ૧૯ | ૯ |
| શની | ૮ | ૨૦ | ૧૦ |
| રવી | ૯ | ૨૧ | ૧૧ |
| સોમ | ૧૦ | ૨૨ | ૧૨ |
| મંગળ | ૧૧ | ૨૩ | ૧૩ |
| બુધ | ૧૨ | ૨૪ | ૧૪ |
| ગુરૂ | ૧૩ | ૨૫ | ૧૫ |
| શુક્ર | ૧૪ | ૨૬ | [illegible] |
| શની | ૧૫ | ૨૭ | ૩ |
| રવી | ૧૬ | ૨૮ | ૪ |
| સોમ | ૧૭ | ૨૯ | ૫ |
| મંગળ | ૧૮ | ૩૦ | ૬ |
| બુધ | ૧૯ | ૩૧ | ૭ |
| ગુરૂ | ૨૦ | ૧ | ૮ |
| શુક્ર | ૨૧ | ૨ | ૯ |
| શની | ૨૨ | ૩ | ૧૦ |
| રવી | ૨૩ | ૪ | ૧૧ |
| સોમ | ૨૪ | ૫ | ૧૨ |
| મંગળ | ૨૫ | ૬ | ૧૩ |
| બુધ | ૨૬ | ૭ | ૧૩ |
| ગુરૂ | ૨૭ | ૮ | ૧૪ |
| શુક્ર | ૨૮ | ૯ | ૩૦ |
| શની | ૨૯ | ૧૦ | ૧ |

**સંવત ૧૯૬૩ ના અશાડ સુદ ૩ થા શ્રાવણ સુદ ૧ સુધી.**
**ઇસવીસન ૧૯૦૭ તા૦ ૧૩ જુલાઇથી તા૦ ૧૦ આગષ્ટ સુધી.**

### જાણવા જોગ બાબતો.

### ખુલાસા,

આ મહીનામાં જાણવાજોગ બાબતો વધારે નથી, આ મહીનાની ૩જી તારીખે જનાબે ફાતેમા અ૦ની વફાત છે, અને એજ મઅસુમાની આ મહીનાની ૨૦મી તારીખે વીલાદત છે.

———×———

આ મહીનાની તા૦ ૧—૧૧—૧૨મી તારીખ નહસે અકબર છે.

——————

**કમર દર અકરબ** એટલે વીંછુરો આ મહીનાની ૯-૧૦-૧૧મીનાછે. તોહફએ અહમદીયાંમાં લખેછે કે આ મહીનામાં નીચે લખ્યા મુજબ બબે રકાત કરીને ચાર રકાત નમાઝ પડે તો ખુદા તેની નેઅમતઅહલાદ માલ દીન દુન્યાને એક વર્ષ સુધી હીફાઝતમાં રાખે અને અગર એજ વર્ષમાં મરણ પામે તો શહીદનો મરતબો મળે, એ નમાઝની તરતીબ, બે રકાતની સુન્નતની નીય્યત કરી અલહમ્દના સુરા પછી એક વખત **આયતુલકુરસી** અને ૨૫ વખત **ઇન્નાઅન્ઝલના**, બીજી રકાતમાં અલહમ્દના સુરા પછી એક વખત **"અલહાકોમુત્તકાસોરો"** અને ૨૫ વખત **"કુલહોવલ્લાહોઅહદ"** પડીને નમાઝ તમામ કરે. પછી બીજી બે રકાતની નીય્યત કરી અલહમ્દના સુરા પછી એક વખત **"કુલયાઅય્યોહલકાફેરૂન"** અને ૨૫ વખત **કુલઅઉઝોબેરબ્બીલફલક** પડે, અને બીજી રકાતમાં અલહમ્દના સુરા પછી એક વખત **'એઝાજાઅ'** અને ૨૫ વખત **"કુલ અઉઝો બેરબ્બીન્નાસ"** પછી નમાઝને તમામ કરી ૭૫ વખત **"તસબીહાતેઅરબઅ"** અને ૭૦ વખત સલવાત પડી ત્રણ વખત **"અલ્લાહુમ્મગ્ફિર લિલમોઅમેનીન વલમોઅમેનાત"** કહી સીજદામાં જઇ ત્રણ વખત કહે **"યાહુય્યો યાકુય્યુમો યાઝલજલાલે વલઇકરામે, યાઅલ્લાહો યા રહેમાનો યારહીમો યા અરહમરરાહેમીન"**

———*———

# મસાએલ.

## જનાબ મૌલાના મુજતહેદુલ અસ્ર જનાબ શેખ હાજી મોહમ્મદ હુસયન સાહેબ દામઝીલ્લહુના ફતવા મુજબ.

—o-ooooo-o—

જે સાહેબો મજકુર મુજતહેદ સાહેબના મોકલ્લીદ છે તેઓ કહેતા હશે કે લાંબી મુદ્દત થવા એ જનાબના મસાએલ આવતાં નથી. તેથી આ વખતે તેઓના ફતાવાથી લખેલ છે

૬૦૧ સ૦ ઝૈદ હમેશા રાત્રે શરાબ પીયે છે. અને કોઇ કોઇ વખતે વાજીબ બાબતો તરક પણ કરે છે, અને હમેશા સવારના તૌબા પણ કરે છે, અને નમાઝ પણ પડે છે પણ શરાબ પીધી તેનું ગુસલ કરતો નથી, તો એવા શખસની હમેશાની તૌબા અને એવી નમાઝ ગુસલ વીના પડે તે સહીહ છે?

જ૦ નમાઝ સહીહ છે ઇન્શા અલ્લા હોતઆલા, કેમકે શરાબ પીનારાઓ માટે હુકમ છે કે ગુસલ કરે તો તે ગુસલ વાજીબ નથી બલકે સુન્નત છે, રીવાયતોમાં વરીદ થયું છે કે જે શરાબ પીએ તેની સાથે રાત્રે શેતાન બદ કામ કરે છે તેથી તે શરાબ પીનાર રાત્રે શયતાનની ઓરત તરીકે ગણાય છે તેથી ગુસલ કરવાનો હુકમ છે પણ તે ગુસલ સુન્નત છે, અને તે હમેશા તૌબા કરે છે તો તૌબા કબુલ થવા માટે શરત છે કે તે પાછો એ કામ ન કરવાનો ઇરાદો રાખે અને નીશ્ચય કરે કે હવેથી એ કામ નહી કરૂં તો તૌબા કબુલ છે, આનો ખુલાસો એ કે શરાબ પીવામાં સખત ગુનાહ છે પણ નમાઝને અને શરાબને એવો સંબંધ નથી કે શરાબ પીએ તેની નમાઝ સહીહ થતી ન હોય, જેમકે કોઇ વ્યાજ ખાતુ કે દેતુ હોય તેમજ બીજા બીજા ગુનાહ કરતો હોય તો તેથી નમાઝ સહીહ થવામાં વાંધો નથી જો તેની શરતો મુજબ તહારતથી પડે તો, હા તે ગુનાહથી બચીને નમાઝ પડે તે નમાઝ કબુલ થવામાં અને તેના દરજામાં ફરક છે, અને હમેશા શરાબ પીએ અને હમેશા તૌબા કરે તો એ તૌબા ખોટી ગણાય, કેમકે તૌબા કરે તે વખતે જે કામથી તૌબા કરે તે હવે પછી ન કરવાનો ઇરાદો કરે પછી તૌબા કરે.

૬૦૨ સ૦ એક શખશે દસ રૂપીયાની વીટી વેચાતી લીધી, હવે તે વીટી પોતાના દોસ્તને પંદર રૂપીયામાં વેચાતી આપે તો જાએઝ છે?

જ૦ હા જાએઝ છે.

૬૦૩ સ૦ કોઇ કોઇ દોઆમાં છે કે ઝવ્વીજની "મેન લ્હુરીલ ઇન" એટલે હુરલઇન સાથે મારી શાદી કર, તો એ દોઆ ઓરતો પડે તો કેવી રીતે પડે?

જ૦ ઓરતો ઝવ્વીજની ને બદલે ખઅબ્દીમની એનલ્હુરૂલઇન પડે તો બસ છે, એટલે હુરલઇનને મારી ખીદમતગાર કર, અથવા ફેરફાર ન કરે અને એમજ ઝવ્વીજની પડે પણ તેથી નીયત એ રાખે કે મારી શરીક કર, બાકી શબ્દી અર્થ તરફ ધ્યાન ન રાખે.

૬૦૪ સ૦ નીકાહ પડવા માટે ઓરત તેમજ મરદ બન્ને તરફથી એક માણસ વકીલ થઇને નીકાહ પડાવી શકે છે કે નહીં?

જ૦ પડાવી શકે છે.

૬૦૫ સ૦ કોઇ શખસ કોઇ ઓરત સાથે નીકાહ કરવા ચાહે અને પોતે નીકાહ પડી જાણતો હોય તો ઓરત તરફથી પોતેજ વકીલ થઇ તેની સાથે પોતાના નીકાહ પોતેજ પડે તો થઇ શકે છે કે નહીં?

જ૦ હા એ મુજબ પડી શકે છે.

૬૦૬ સ૦ કોઇ જમીન નજીસ થઇ હોય અને હવાથી સુકાઇ જાય, તો જે વખતે તડકો આવે તે વખતે તે જગ્યો ભીની કરે અને તડકાથી સુકાઇ જાય તો પાક થાય છે કે નહી?

જ૦ પાક થાય છે.

૬૦૭ સ૦ કપડા વાસણ નજીસ હેય તેને ભીના કરીને તડકે સુકવે તો પાક થાય છે કે નહીં?

જ૦ વાસણ અને કપડા વીગ માટે જરૂરછે કે પાણીથી પાક કરે, પણ જે ચીજ જમીનના હીસાબમાં હેય તે સુર્યથી પણ પાક થાય છે.

૬૦૮ સ૦ કુર અથવા નદી વી૦ માં કપડુ પાક કરે તો તેને બે વખત નીચોવવું વાજીબ છે કે નહીં?

જ૦ જરૂર નથી.

૬૦૯ સ૦ એક કબરમાં બે મઇયત ભેગા દફન કરવા જાએઝ છે કે હરામ?

જ૦ મકરૂહ છે, અને પરાયો મરદ અને પરાઇ ઓરતને સાથે દફન કરવા બાઅઝે હરામ કહે છે

૬૧૦ સ૦ વહશતની નમાઝ પૈસા આપીને પડાવે તો જાએઝ છે કે નહીં?

જ૦ હા જાએઝ છે.

૬૧૧ સ૦ કાફરે બનાવેલો ગોળ કાફરને અથવા મુસલમાનને જાહેર કરીને વેચવો જાએઝ છે કે નહીં?

જ૦ હા જાએઝ છે.

૬૧૨ સ૦ કોઇ માનતા માને કે અમુક રકમ હ૦ અબ્બાસ અ૦ અથવા હઝરતે ઇ. માંમ હુસેન અ૦ના નામે વાપરીશ, અને ખાસ ફલાણા કામમાં વાપરીશ એમ નીય્યત ન કરે તેમજ કોઇ ચીજ તેઓને નામે વાપરવાની માનતા કરે, હવે તે નાણું અથવા ચીજ કઇ બાબતમાં વાપરે તે ખુલાસાથી બયાન કરો.

જ૦ વધારે સારૂ એ છે કે જે ઝવ્વાર ઘરે ખરચ ઓછો હોય અથવા ખરચ ન હોય તેને આપે, અથવા જે ઝવ્વાર થોડા ખરચના સબબથી પગે ચલીને જતો હોય તેને આપે, અને અગર મજલીસના કામમાં તથા તબરૂકમાં વાપરે તો પણ હરકત નથી, ખુલાસો એકે ઝવ્વાર અને રોઝાના ખુદ્દામ અને મોઅમીન ફકીરો મજલીસ મીજુબતી, ઇમામોના રોઝાની તામીર ગરીબ ફકીર મુજાવરો બલકે દરેક મો૦ અમીન ગરીબને આપે, પણ બેહતર એ છે કે ઝવ્વાર અને રોઝાના ખુદ્દામ અને મજલીસ અને ઇમામોના રોઝાની તામીર અને મીજુબ૦ તીમાં વાપરે, અને આ તમામ એ વખતે છે કે રોઝા મુબારકની શોભા ન થાય, પણ બનતા સુધી તો રોઝા મુબારક અને કબર મુબારકની શોભા થાય એમ વાપરે, હા અગર રોઝાની શોભા થાય એમ બની ન શકે અથવા શોભાથાય એવી ચીજ રેહવા ન આપે અને ખાઇ જાય તો પણ એ ખાસ બાબતની માનતા નથી તેથી વાંધો નહીં આવે.

૬૧૩ સ૦ અગર કોઈ જગોએ કોઇ પેશ નમાઝને જુવે કે તેની પાછળ ઘણા મોઅમીન નમાઝ પડે છે તો તે પેશનમાઝ આદીલ છે કે નહીં; તે તકફોક કર્યા વીના તેની પાછળ જમાઅતની નમાઝ પડવી જાએઝ છે કે નહ?

જ૦ અગર તે આદીલ હોવાનું ગુમાન થાય તો જાએઝ છે.

૬૧૪ સ૦ કોઇ પેશનમાઝ આદીલ હોય કેરાઅત જાણતો હેય, તેમજ નજાસત અને તહારતના મસાએલ પુરા જબાની યાદ ન હોય પણ કીતાબ જોઇને બરાબર સમજી શકતો હોય તો એવા શખસને પેશનમાઝ કરવો અને તેની પાછળ નમાઝ પડવી જાએઝ છે કે નહીં?

જ૦ અગર જરૂરત જેટલા મસાએલ જાણતો હેય જે ઘણે ભાગે હરવખત ખપ પડે છે, અને તે આદીલ હોય તો તે પેશનમાઝ થાય તો જાયઝ છે.

બલકે તમારા મા બાપ કે જેઓ મઝહબમાં તમારાથી ઉલટા હોય તે કરતાં તેઓ તમારી નજીક છે, અને જે લોકો ખુદા ઉપર ભરાંસો ન રાખતા લોકો ઉપર ભરોંસો રાખી એમજ ખયાલ રાખે છે કે ફલાણુ અમોને આપે, એવાને બેહતર છે કે આપે નહીં; કેમકે એવો શખ્સ શારકની અમુક જાતમાં ગણાય છે; ખુદા ફરમાવે છે કે **વમા યોઅમેનો અકસરોહુમ બિલ્લાહે વહુમ મુશરેકુન** એટલે ઘણાં લોકો ઇમાન લાવ્યા નથી પણ તેઓ મુશરીક છે, તેની તફસીરમાં હઝરતે ઇમામે જઅફરે સાદીક અ૦ ફરમાવે છે કે એ લોકો એવા કીસમના છે કે કોઇ કહે કે અગર ફલાણો શખ્સ ન હતે તો હુ હલાક થઇ જતે, તેમજ કહે કે ફલાણો શખ્સ ન હતે તો ફલાણી ચીજ મને મલતી નહીં; તેમજ કહે કે ફલાણો મદદ ન કરતે તો મારા બાલ બચ્ચા બરબાદ થઇ જતે, તો આ પ્રમાણે કહેવું ખુદાના મુલકમાં શરીક ઠરાવવા સમાન છેઃ અને જે લોકો પોતાની મોહતાજી જાહેર ન કરે બલકે પોતાની ગરીબીને છુંપાવે અને તેઓ ઇજ્જત વાળા હોય કે લોકો તેઓને સારી હાલત વાળા જાણે અને તેથી અમીરો જેવી રીતભાત રાખે એવા લોકોને આપવામાં વધારે સવાબ છે; અને જેઓ સગા હોય અને ગરીબ હોય તેઓને આપવામાં સરવે કરતાં વધારે સવાબ છે, તેઓને આપવું તે સીલેરહમ છે, અને તેનો સવાબ ખુદા સીવાય કોઇ જાણતુ નથી, અને બઅઝે હદીસોમાં વારીદ છે કે જેના સગા મોહતાજ હોય અને તે છતાં તે શખ્સ સદકો બીજાને આપે તો તે સદકો કબુલ થતો નથી, અને બીજી રીવાયતમા વારીદ થયું છે કે જે સગો દુશમની કરતો હોય તેને સદકો આપવામાં વધારે સવાબ છે, કેમકે એવા સગાને આપવું તે નફસ અને દીલની ચાહનાથી ઉલટુ વરતી નફસને તોડીને ખાસ ખુદાની ખુશી માટે આપવાનુ છે.

## ફસલ ૨૪મી. ફકીરોના આદાબ.

જાણવુ જોઇએ કે ઉપરની ફસલમાં જેવી રીતે આપનારને માટે આદાબ બયાન થયા તેમજ લેનાર ફકીરો માટે પણ કેટલાંક આદાબ છે.

૧—એ કે જે કાંઇ સદકો અથવા ઝકાત વીગેરે જે કાંઇ લીએ તેને ઇસરાફ ન કરે એટલે જરૂરત વીના નકકામી બાબતમાં વાપરે નહીં. તેમજ સંગ્રહ કરી મુકે નહીં.

૨—એ કે કાંઇ મળ્યા પછી ખુદાએ તઆલાનો શુકર બજાવી લાવે અને જેણે આપ્યું હોય તેનો હક ઓળખે, અને તેની તઅરીફ અને વખાણ કરે અને તેના માટે ખુદાએ તઆલાની દરગાહમાં નેક અને સારી દોઆ કરે. હઝરતે ઇમામે જઅફરે સાદીક અ૦ ફરમાવ્યું છે કે જે લોકો ખયરના રસ્તા બંધ કરે તેઓ ઉપર ખુદા લઅનત કરે.

એક શખસે અરજ કરી કે એ કયા શખસ છે ? આપે ફરમાવ્યું કે કોઇને કોઇ કાંઇ આપે અને તેની સાથે નેકી કરે; અને આગલો શખસ તે આપનાર અને નેકી કરનારનું એહસાન ન માને અને તેની બદી કરે અને એ સબબથી તે આગલો શખસ

બીજા કોઇને પણ આપવું અને નેકી કરવી બંધ કરે તો તે શખસે ખયરના કામના રસ્તાને બંધ કર્યો ગણાય.

૩—એ કે જે કાંઇ કોઇ આપે તેને નજીવું ન જાણે અને આપનારની મઝીમ્મત ન કરે અને આપનારનો કોઈ એબ જુવે તો તેને છુપાવે અને કાંઇ ન આપે તો તે ન આપનારની મઝીમ્મત ન કરે.

૪—એ કે જે હરામ માલ હોય અથવા હરામનો શુબો હોય એવો માલ લેવાથી પરહેઝ કરે, જે લોક હરામનો માલ ભેગો કરતા હોય અથવા વધારે માલ હરામનો હોય તેમજ હરામ માલથી પરહેઝ કરતા ન હોય તેઓ આપે તો કાંઇ પણ લીએ નહીં.

૫—કોઇ કાંઇ આપે અને તે પોતાની હાજત અને જરૂરત કરતા વધારે હોય તો પોતાની હાજત જેટલું લીએ વધારે લીએ નહીં.

૬—એ કે જાહેરમાં અને લોકો જુંવે એમ સવાલ કરે નહીં અને ખાસ કરીને જે શખસ આપતો ન હોય તેની પાસે તો માંગેજ નહીં, કેમકે તેને શરમીંદગી પયદા થાય.

૭—એ કે આલીમો અને પરહેઝગારો જ્યાં સુધી સખત તંગીમાં ન આવે ત્યા સુધી ઝકાત અને સદકો લીએ નહીં અને બનતા સુધી તેઓએ ઝકાત અને સદકો લેવાથી બચવું.

૮—એ કે અવા લેવા વાળા લોક કાંઇ પણ લીધા પછી લોકોમાં જાહેર ન કરે કેમકે તેથી ઇજ્જતમાં ધટાડો થાય છે; પણ જાહેર કરવાથી આપનારનો શુકર કરવનો મતલબ હોય અથવા પોતાની નમ્રતા માટે હોય તો હરકત નથી.

## ફસલ ૨૫મી. ખુમ્સનુ બયાન.

જાણવું જોઇએ કે ઉપર જે વાજીબ હકો બયાન થયા તેમાં બીજો હક ખુમસનો છે કે તે માલ સાદાતે આલી દરજાતનો છે, કેમકે ખુદાવંદે આલમે હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસતુફા સ૦ના સબબથી સાદાતોને તમામ ખલકત કરતા શ્રેષ્ટ અને માનવંતા કર્યા તેથી ઝકાત કે જે માલનો મેલ છે તે હલકી ચીજ લઇને તેઓની એ ઇઝ્ઝતી અને હલકાઇ થાય તેથી ઝકાતની મનાઇ કરી તેઓ માટે ખુમ્સ ઠેરાવ્યું કે તેથી તેઓમાંના ગરીબ અને ફકીર ફાકા કરવાની બલાથી છુટકારો પામે જેમકે કુરઆને શરીફમાં ફરમાવ્યું કે **વઅલમુ અન્નમા ગનિમતુમ મિન શયઇન ફઈન્ન લિલ્લાહે ખોમો સહુ વલિર રસુલે વલેઝિલ કુરબા વલ યતામા વલ મસાકીને વબનિસ્સબીલ ઇનકુન્તુમ આમન્તુમ બિલ્લાહે વમા અન્ઝલના અલા અબદેના યવમલ ફુરકાન** એના જાહેરી માયના એ છે કે જાણો કે તમોને જે કાંઇ નફો થાય તેમાંથી પાંચમો હીસ્સો ખુદા અને રસુલ અને તેના સગા અને યતીમો અને મીસકીનો અને મુસાફરો

માટે છે તો તેના બંદા ઉપર જે કાંઇ નાઝીલ કર્યું છે તેના ઉપર ઇમાન લાવ્યા હો તો તે હક તેઓને પહોંચાડો, આ આયતથી સાબીત થાય છે કે જે શખસ ખુમ્સ વાજીબ થવા છતાં ન આપે તે ઇમાનદાર નથી, અને ખુદાની કીતાબનો ફરમાબરદાર થયો નથી; તો ઇમાનદાર થવા માટે લાઝીમ છે કે ખુમ્સ આપવામા બખીલી ન કરે, અને પોતાના પયગમબરની અવલાદને મોહતાજ ન રાખે; હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું છે કે જે કોઇ મારી અવલાદની હાથ જીભ અને માલથી મદદ કરે તેની શફાઅત મારા ઉપર લાઝીમ છે, અને ફરમાવ્યું કે કયામતના દીવસે ચાર શખ્સોની શફાઅત કરીશ અગરચે તેના ગુનાહ આખી દુન્યા જેટલા હોય.

૧—જેણે મારી અવલાદની બુઝુરગી કરી હશે, ૨—જેણે મારી અવલાદની હાજત પુરી કરી હશે, ૩—જેણે મારી અવલાદની સખત અને કઠણ વખતમાં મદદ કરી હશે; ૪—જેણે તેઓને ઝબાનથી અને દીલથી દોસ્ત રાખ્યા હશે. મરવી છે કે કયામતના દીવસે એક મુનાદી ખુદા તરફથી નીદા કરશે કે અએ ખલાયક ખામોશ રહો કે હઝરત મોહમ્મદ સ૦ કાંઇ કહેવા માગે છે, તે વખતે તમામ લોક ખામોશ થઇ જશે. પછી એ હઝરત કહેશે કે અએ લોકો જે કોઇનો મારા ઉપર કાંઇ પણ હક હોય તેઓ ઉભા થાય કે તેઓને બદલો આપું ! ખલાયક કહેશે કે યા રસુલલ્લાહ આપ ઉપર અમારો શું હક હોય ! બલકે ખુદા અને રસુલનો હક અમારા ઉપર ઘણો છે, તે વખતે આપ ફરમાવશે કે મારી અવલાદમાના કોઇ સાથે નેકી કરી હોય અને કાઢી મુકેલાને જગો આપી હોય અથવા ભુખ્યાને ખાવું ખવરાવ્યું હોય અથવા નવસ્ત્રાને કપડા પહેરાવ્યા હોય તે ઉભો થાય કે તેનો બદલો કરૂં; આ સાંભળીને જેણે જેણે એ કામ કર્યું હશે તે ઉભા થશે, તે વખતે ખુદાની તરફથી હઝરતે રસુલે ખુદાને ખીતાબ થશે કે આ લોકોને બદલો આપવાનુ તમોને સોંપુ છું માટે તેઓને બેહીશ્તમાં તમારી મરજીમાં આવે ત્યાં જગો આપો, આ પ્રમાણે ફરમાન થવાથી હઝરતે રસુલેખુદા તેઓને પોતાના મકાનોમાં જગ્યા આપશે.

જાણવું જોઇએ કે જે પ્રમાણે ઝકાત વીશે આપનાર અને લેનારના આદાબ બયાન થયા તે પ્રમાણે ખુમસમાં પણ કેટલાંક આદાબ અને શરતો જાણવાની છે; જેમકે જે શખસ ખુમ્સ આપે તેને જોઇએ કે ખુમ્સ લેનાર ઉપર એહસાન ન રાખે અને તેને બુઝુર્ગ જાણે અને સાદાતની સાથે બહુજ નમ્રતાથી વરતે; અને જેમકે કોઇ બખીલો કોઇ વખતે સેન્જસાજ ખુમ્સ કાઢે છે તે મીઝાજ અને અહંકારની સાથે સખતાઇ અને અણગમાથી મોહતાજ સઇયદને આપે છે અને એવું જાણે છે કે જાણે તેણે તેને વેચાતી લીધો બલકે પેદા કર્યો, તો આવી બાબતથી બહુજ પરહેઝ કરે. એવા લોકો નથી જાણતા કે તમામ મુલક અને માલ બલકે તમામ જહાન એ સાદાતોના જદ્દે બુઝુરગવાર હઝરતે રસુલે મુખતાર સ૦ના તુફયલથી ખુદાએ પયદા કરેલ છે, અને તમામ જહાનને તેઓની બરકતથી રોઝી મળે છે.

## ફસલ ૨૬મી. ઘરના માણસોની ખોરાકી પોશાકી વીશે.

જાણવું જોઇએ કે ઉપરના વાજીબ હકોમાંનો ત્રીજો હક અહલો અયાલનો નફકો છે એટલે ઘરના લોક જેમકે ઓરત બચ્ચા વગેરેની ખોરાકી પોશાકી આપવી વાજીબ છે, જેમકે તેનો બરાબર ખુલાસો ફીકાહની કીતાબોમાં લખાએલો છે.

અને તેનો સવાબ બેશુમાર વારીદ થયો છે; હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે જે કોઇ પોતાના બાલ બચાની ખોરાકી પોશાકી વાસ્તે કોશીશ કરે તો તેને રાહે ખુદામાં જહાદ કરવા જેટલો સવાબ મળે, અને ફરમાવ્યું કે કેટલાક ગુનાહ એવા છે કે તેનો કફ્ફારો કોઈ ચીજથી થતો નથી પણ રોજી શોધવાથી તેનો કફ્ફારો થાય છે; અને ફરમાવ્યું કે જેને ત્રણ દીકરી હોય અને તેનું ખરચ ચલાવે અને તેઓ સાથે નેકી કરે એટલે સુંધી કે તેણીયો મોહટી થાય તો ખુદાએ તઆલા તેના ઉપર બેહીશ્ત વાજીબ કરે છે; મરવી છે કે એક દીવસ હઝરતે રસુલે ખુદા સ૦ જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦ના ઘરે ગયા તો જોયું કે હઝરત અલી દાળ વીણે છે અને જનાબે ફાતેમા અ૦ તપેલા પાસે બેઠા છે; તે વખતે હઝરતે ફરમાવ્યું કે યા અલી ખુદાએતઆલાએ ફરમાવ્યું છે કે જે શખસ પોતાના ઘરના કામ કાજમાં ઓરતની મદદ કરે તો તેના બદનમાં જેટલા વાળ હોય તે દરેક વાળના બદલામાં એક વરસની એવી ઇબાદતનો સવાબ અતા કરે કે દીવસના રોઝા રાખ્યા હોય અને રાતના ઇબાદત કરી હોય અને તેને સાબેરીન જેવો સવાબ આપે કે તેઓ હઝરતે દાઉદ અને યઅકુબ અને ઇસા અ૦ છે.

યાઅલી જે કોઇ પોતાના ઘરનું કામકાજ કરે અને તેમાં કાંઇ હરકત ન સમજે તો ખુદા તેનું નામ શહીદોના દફતરમાં લખે અને હમેશાં દીવસ અને રાતનો સવાબ હઝાર શહીદનો લખે અને એકામ માટે જેટલા કદમ ઉપાડે તે દરેક કદમે હજ અને ઉમરાહનો સવાબ તેને આપે અને તેના અંગમાં જેટલી રગ છે તે દરેક રગે જન્નતમાં એક શહેર અતા કરે, યાઅલી ઘરનું કામકાજનું એક કલાક કામ કરવું તે હજાર વરસની ઇબાદત અને હજાર હજ અને હજાર ઉમરાહ અને હજાર બંદા આઝાદ કરવા અને હઝાર જહાદ કરવી અને હજાર બીમારોને જોવા જવું અને હજાર જુમ્આની નમાઝ પડવી અને હજાર જનાઝાની સાથે જવું અને હજાર ભુખ્યાને ખાવુ ખવરાવ્યું અને હજાર નવસ્ત્રાને કપડા પહેરાવવા અને હજાર ઘોડાને રાહે ખુદામાં મોકલાવવા અને તવરેત ઇનજીલ ઝબુર અને કુરઆને શરીફ પડવું અને હજાર કેદીને છોડાવવા અને હજાર ઉંટ મીસકીનોને આપવા કરતાં બેહતર છે, અને દુન્યાની અંદરથી બાહેર નહીં જાય પણ એ કે પોતાની જગ્યા બેહીસ્તમાં જોશે યાઅલી ઘરના લોકોની ખીદમત કરવી તે કબીરા ગુનાહોનો કફ્ફારો છે અને પરવરદીગારના ગઝબને ઠંડો કરે છે હુરલઇનની મહેર થાય છે નેકીઓને વધારે છે અને દરજાને ઊંચા કરે છે, યાઅલી કોઇ ઘરના લોકોની ખીદમત નથી કરતો પણ એ કે જે સીદદીક હોય અથવા શહીદ હોય અથવા એવો હોય કે જેના માટે ખુદાએ દુન્યા અને આખેરતની ખૈર ચાહી હોય, હઝરતે ઇમામે મુસીએ કાઝીમ અ૦ થી મરવી છે કે

# મોઅજીઝો  ૩૨૧મો.

## તાઝીયા બંધ કરવાની કોશીશ કરનારે આખી ઉમ્મર તાજીયો કરવાનો ઈકરાર કર્યો.

દીલ્હીમાં નીકળતું ઇસનાઅશરી અઠવાડીક તા૦ ૧૫ એપ્રીલ સન ૧૯૦૭માં લખે છે કે બુલંદ શહર જીલ્લાનું ગામ ખુરજામાં સાદાતે પંજેતનીના પાંચ ઘર છે, અને તેઓ જનાબે ઇમામે હુસયન અ૦ની તઅઝીયેદારી ઘણી સારી રીતે કરે છે; એ ગામમાં હાલમાં એક મોઅજીઝો થયો છે ત્યાં પચાસ સાઠ વરસથી હયાતબક્ષ નામનો રંગરેજ સુન્નત જમાત હતો તે પોતાના મોહલ્લાના ઇમામવાડામાં દર વરસે તઅઝીયો બનાવી મજલીસ કરતો હતો; અને તેના દીલમાં પંજેતનેપાક અ૦ની મોહબ્બત પયવસ્ત થઇ હતી; જ્યાં સુધી હયાત રહયો ત્યાં સુધી તેણે ધારા પ્રમાણે તઅઝીયો અને મજલીસ બરાબર કરી, તે ખુદાની રહમતે પહોંચવાની બઅદ જો કે તેની અવલાદે પણ રીવાજ સમજી એ બાબત કયમ રાખી પણ તે વીશે પુરતુ ઇમાન ન હતું, અને દીન બદીન મોહબ્બત ઘટતી ગઇ એટલે સુધી કે દસ બાર વરસથી મજલીસ કરવી બંધ કરી, બાકી તઅઝીયો બનાવવાની બાબત જારી રાખી, છેવટે આ વરસે સન ૧૩૨૫ હીજરીમાં તાજીયો બનાવવાનો રીવાજ માંડી વાળવા નકકી કર્યું; અને તેની ઓલાદમાં શરફુદ્દીન નામનો શખસ છે તેણે કહ્યું તાજીયો બનાવવો બીદઅત છે માટે આ વરસથી નહીં બનાવું.

આ સાંભળીને તેની માએ કહ્યું મારી જીંદગી સુધી તાજીયા બનાવીશ; હા મારો પાછળ તને ઇખતીયાર છે જુવે તે કર, આ વાતથી શરફુદ્દીન ગુસ્સાંમાં લાલચોળ થઈ જઇ બોલ્યો ઠીક આ વરસ તો તાઝીયા થવા આપીશ; પણ આવતા વરસથી બનાવા નહીં આપુ; તે પછી કાંઇ કામ માટે મુસાફરીએ ગયો અને આશુરાની રાતરે પાછો આવ્યો તેની માએ ધારા પ્રમાણે તાજીયો બનાવી તઇયાર કર્યો અને ધારા પ્રમાણે ઝીયારત માટે બાહેર રાખ્યો,- મજકુર શરફુદ્દીન અને મહોલ્લા વાળા આઠ દસ બીજા માણસો મળીને તાજીયાથી જરા છેટે રસ્તા ઉપર બેસીને વાતો કરતા હતા, રાતના બે ત્રણ વાગે શરફુદ્દીને જોયું કે એક બુઝુરગવાર નુરાની સુરત સુફેદ દાઢી વાળા બહુજ સફેદ રંગના કપડા પહેરેલા તાજીયાની અંદર છે, આ જોવાથી બહુજ હયરતમાં પડી ગયો અને ધ્રુજવા લાગ્યો; અને ધીમેથી તે માણસોને કહ્યું ભાઇઓ જરા તાઝીયા તરફ્તો જુઓ આ કેવો વિચિત્ર બનાવ છે ? એ સાંભળીને સરવેથી પહેલે રહીમબકસ મણીયારે જોઇને કહ્યું ઓ હો ! આતો આપણા હજરત છે; આ સાંભળીને બીજા સરવે જણ હયરત પામી ઉભા થઇ એ

બુઝુરગવારના દીદાર કરવાં લાગ્યા; અને રહીમબકસ ઘરે જઇ પોતાની ઓરતને તથા મોહલ્લાની બીજી ઓરતો અને મરદોને એ જોવા માટે બોલાવી લાવ્યો, એ સરવે જણાઓને એ બુઝુરગવારના દીદાર થયા. પછી જેમ જેમ આજું બાજૂ ખબર પડતી ગઇ તેમ તેમ લોકો જોવા માટે આવવા લાગ્યા; અને તેઓને ઝીયારત પણ નસીબ થઇ; રહીમબકસે આગળ વધી બરાબર નજર કરી તો દેખાયુ કે તે બુઝુરગવારની પાસે બીજા સાહેબ લીલો અમામો (પાઘડી) બાંધી ઘોડાની બાગ ચોભીને ઉભા છે; આ જોવાથી વધારે અજબ થયો અને એકદમ બોલી ઉઠયો કે એ હો અહીંયા તો આપણા પયગમબર સ૦ અને આકાએ મઝલુમ ઇમામે હુસેન અ૦ છે જેઓના તઅજીયો છે.

આ મોઅજીઝો જોવાથી એ સરવે હયરતમાં પડી ગયા અને થર થર ધ્રુજવા લાગ્યા અને દુરૂદ પડતા હતા; આશરે પંદર મીનીટ સુધી આ મોઅજીઝો રહયો, પછી એ બુઝુરગવારો નજરોથી છુપી ગયા.

રહીમબક્ષને ખબર હતી કે શરફુદ્દીનનો એઅતેકાદ ખરાબ થઇ ગયો છે, તેથા તેને કહ્યું કે અરે તવબા કર અને હવે પછી કોઇ બેઅદબીની કે કુફરની વાત દીલમાં લાવીશ નહીં, અને તઅઝીયા બનાવાનુ અને મજલીસ કરવાનુ હમેશા પોતા ઉપર ફરઝ સમજી લે કેમકે આપણ ગુનેહગારોની નજાત માટે એજ ઉપાય છે, આ સીવાય બીજી કોઇ એવી ચીજ આપણા પાસે નથી કે તે બીહામણી અને બાંકટ અને સખત રસ્તાથી આસાની સાથે પસાર કરાવી રાહેનજાત સુધી પહોંચાડે.

આ અસર વાળી વાતો સાંભળીને મજકુર શરફુદ્દીને બહુજ મજબુતીથી ઇકરાર કર્યો કે ઈનશાઅલ્લાહ પોતાની આખર જીંદગી સુધી તાઅજીયો બનાવવો અને મજલીસ કરવી તરક નહીં કરૂં, આ બનાવતો મોહરરમની ૧૦ મી રાતનો હતો પછી મોહરરમની પંદરમી તારીખે તેણે પોતાને ઘરે બહુજ ધામધુમથી મજલીસ કરી અને મજલીસમાં આવેલા લોકોને ઘણી રીક્કત થઇ અને એક યાદગાર મજલીસ થઇ.

એજ ગામમા બીજા મોહલ્લામાં અશુરાની રાત્રે બે ત્રણ વાગે એક એવી જગ્યેથી કે ત્યાં તાઅજીઓકે મજલીસ કદી થઇ નહતી ત્યાંથી માતમની અને હુસન હુસેન કહેવાની આવાજ સાંભળાવવામાં આવી અને એ આવાઝ આશરે બે અઢી કલાક સુધી લોકોએ સાંભળી.

જ૦ સય્યદ મહદી હુસેન નકવી ખુરજાના રહેનાર નાજી કહેછે એ મઝલુમની અઝાદારીઅને તાઅઝીયેદારી બંધ કરાવવાના ઘણા ઉપાય કરેછે, મસલા લખયછે ફતવા અપાયછે છાપા છપાય છે, અને ગામોગામ જાહેર ખબરો વેંહચાય છે ભાષણ થાય છે પણ તેથી કાંઇ વળતું નથી બલકે જેમ જેમ તેઓ તોડવાની અને છુપાવાની કોશીશ કરતા જાયછે તેમ તેમ વધુ અને મજબુતી ઉપર આવતી જાયછે, ઇમામે હુસેન અ૦ની શહાદતથી સર્વેજણ આગાહ છે, પણ ઘણા જણને એ અહવાલ તફસીલથી માલુમ નથી, અને ભવીષ્ય વાણીયો જે આગળ પયગમબરો વી૦એ ફરમાવેલ છે તેમજ સેંકડો બલકે હજારો હદીસો કે જે કેટલાંક સ્વપ્નામાં પણ સાંભળેલ નહીં એ સાંભળી અને વાંચી, મીરઝા હૈરતે ઇમામે હુસેન અ૦ની શહાદતના ઇનકારમાં પોતાના કરઝન ગેઝેટના પાના ચીતરવા અને ભરતી ક-

રવા શુરૂ કર્યા અને નવી નવાઇની વાતથી લોકોને શોખ ઉત્પન્ન થઇ ગ્રાહકો વધારવાની યુક્તી રચી પણ તેથી થોડું નુકશાન અને ઘણો ફાયદો થયો, થોડું નુકશાન એકે જુજ ગણત્રીના માણસોએ તેની વાતને કબુલ રાખી, અને કેટલાંકને શક પડી ગયો, પણ એમ થવાથી ઇમામે હુસેન અ૦ની શહાદતની સાબેતીની હજારો હદીસો એ બનાવની હકીકત ભવીષ્ય વાણી વી૦ વી૦ ની કેટલીક કીતાબો સુન્ની અને શાઆહ તરફથી છપાણી અને હજારો માણસોએ વાંચી અને જેઓના શક હતો તે શક દુર થયો, જેઓને એ ભયંકર બનાવની પુરતી ખબર નહતી તેઓને પુરતી ખબર પડી, જેઓ વાકેફ ન હતા તેઓ વાકેફ થયા, અને એવી એવી હદીસો કે જે મોટી મોટી અરબી અને ફારસી કીતાબોમાં હતી તે ઉર્દુ તેમજ ગુજરાતીમાં થઇ અને ઊર્દુ તથા ગુજરાતી વાંચક વર્ગના હાથમાં પહોંચી, એટલુંજ નહીં પણ ઇસલામી સીવાય હીંદુ ઇંગરેજ વી૦ બીજી કોમો કે જેઓને એ બાબતમાં ઊંડા ઊતરવાનું કારણ નહતું તપાસ કરવાની જરૂરત નહતી તેઓ પણ એ બાબતની ખાત્રી કરવા અને જાણવાના આતુર થયા અને જે બાબત જાણતા ન હતા તે જાણી અને હકીકત ધ્યાનમાં લાવ્યા.

તેમજ જેઓ તાઅઝીયા અને માતમદારી બંધ કરાવાની કોસીશ કરે છે અને લાખો જાહેર ખબરો છપાવે છે અને સેંકડો ફતવા ઊપર મોહર કરાવીને પ્રગટ કરેછે તેથી થોડો અસર થઇ કોઇ કોઇ ઠેકાણે તાજીયા બંધ થયા, મજલીસો મવકુફ થઇ, પણ તેના મુકાબલામાં તાજીયા બનાવામાં હરકત ન હોવાની દલીલો અને મજલીસની ફઝીલતોની જાહેર ખબરો પ્રગટ થઇ સેંકડો તાઅઝીયા વધતા જાયછે મીજલીસોનો શોખ વધતો જાયછે, અને છુટથી મજલીસો થયછે.

એ સર્વે બાબતો ઠીક પણ યાજુજ માજુજના અહવાલ જેવો એ આકાના દુશમનોનો હાલછે કે યાજુજ માજુજ આખો દીવસ સીકંદરી કીલ્લાને તોડવામાં કોશીશ કરેછે અને સાંજે તુટવાની નજીક પહોંચેછે, પણ સવારના પાછી હતી એવીજ થઇ જાયછે; તેમજ મજલીસ અને તાઅઝીયાને બંધ કરાવનારા આખુ વરસ મેહનત અને કોશીશ કર્યા કરેછે પણ જ્યારે મોહર્રમ આવે ત્યારે ઘણે ભાગે બેઅદબી કરનાર મનાઇ કરનારને એવા જાહેર મોઅજીઝા દેખાય છે કે તેથી સેંકડો જણના દીલ નુરાની થઇ જાયછે.

વધારે અફસોસ તો એ થાયછે કે તાઅઝીના બનાવામાં હરકત નથી અને અગર હરકત ગણે તો પણ તે ઇસલામીયોમાં મતભેદની વાતછે કે મોટો ભાગ દુરસ્ત ગણેછે અને કોઇ નાજાએઝ ઠરાવેછે તે પણ કાંઇ એવી મજબુત દલીલ રાખતા નથા પણ જે બાબત કે તમામ ઇસલામી બલકે તમામ લોકમાં હરામ છે જેમકે **જુગાર ઝીના નાચ** વી૦ વી૦ વી૦ તો હજારો પીરની દરગાહમાં બરાબર દર વરસે ધામધુમથી ઊરસ ( મેળા ) થાયછે, અને એ ઊરસને બહાને કેટલાંકના લાંબા દીવસોના વાયદા વશ થાયછે ખરાબ મુરાદો પુરી થાયછે, નાચ ગાયન તો ખુલ્લમ ખુલ્લા થાયછે જુગાર ધમધોકાર રમાય છે, એ બાબતો બંધ કરાવા શામાટે જાહેર ખબરો છપાતી નથી અને શા માટે તે વીશે તાઅઝીયા અટકાવાની જેમ પગલા ભરવામાં આવતા નથી ?! તો તેથીજ સાબીત થાય છે કે ઝીના નાચ ગાયન કરતા તાઅઝીયાદરી વધારે કઠેછે, અને તે કઠવાનું કારણ યઝીદની તરફદારી અને

તે મરદુદની કુમક શીવાય બીજુ કાંઇ માલુમ થતું નથી, પણ એ તરફદારીથી કાંઇ વળતું નથી અને વળશે પણ નહીં, હા ઉલટો અઝાબનો વધારો થવાની બાબતો બનેછે, છેવટે દોઆ કરીશું કે અએ ખુદાવંદ જનાબે ગઝલુમે કરબલાની તાઅઝીયેદારી બને અઝાદારી કરનારને દીન અને દુન્યામાં નેક બદલો અતાફરમાવ અને તોડનારને તને યોગ્ય લાગે એવી સજા આપ, પણ દુન્યામાં જલદી સજા આપતો મોહરમમાં માતમદારી કરનારાના દીલ ખુશ થાય.

( આમીન )

## શરાઅની પાબંદી જોઇ એક યહુદી મુસલમાન થયો.

ઇસલામની શુરૂઆતમાં દીનના બુઝુર્ગોએ પોતા ઉપર ઘણી જાતની સખતીયો વેઠીને શરાની પાબંદી જારી કરી છે, જ્યારે હાકીમ ઝુલમ કરે ત્યારે સીપાહીયો ખામીજ ન મુકે જેમકે કેટલાંક અમલદાર બાહેર ગામ જાય ત્યારે સર સામાન સીધુ વી૦ દુકાનદારો પાસેથી ઓછે ભાવે લીએ છે જેમકે ગામમાં રૂ૧)નું બશેર ઘી હોય તો તેઓ અઢીશેરના ભાવે લીએ છે. અને જો ન આપે તો બીચારાની માટી ખરાબ કરી નાખે છે; જ્યારે હાથ નીચેના નોકરો અને સીપાહીયો એવો ઝુલમ જુવે ત્યારે તેઓને બહુજ પુષ્ટી મળે છે, અમલદાર સાહેબ બાર આના કીંમત આપે તો સીપાઇ દગા ભરાઇને અરધી કીંમત આપે. અને વળી સખત હોય તો મફત પણ પડાવે, અને જે અમલદારો અદલ અને ઇનસાફ વાળા હોય તેઓ કોઇને એક પાઇ પણ ઓછી આપતા નથી, બલકે સમજે છે કે અમો અગર એક બેદુ મફત લેશું તો અમારી હાથ નીચે વાળા બકરા અને ઉંટ મફત લેશે, તેથી તેઓ અદલ ઇનસાફથી ચાલે છે કે તે જોઇ તમામ નોકર ચાકર ધ્રુજે છે અને એક પાઇ પણ નાહકની લેતા નથી, પણ જોર અમલદાર ઘણા થેડા, આતો અદલ અને ઇનસાફથી કોઇનુ વધારે ન લેવાની બાબત છે, પણ આપણુ દીનના પેશવા એવા થઈ ગયા છે કે પોતાનો હક માર્યો જાય તો પણ ગુસ્સો કરતા નહીં અને શરાની પાબંદી કરતા, જેમકે તે વીશે એક નકલ અખબારે ઇમામીયા ૧૯૦૭ તા૦૫ મી ફેબરવારીના અંકમાં લખે છે કે સીફફૈનમાંની લડાઇમાં હઝરત અલી અ૦નું બકતર ખોવાઇ ગયું, તપાસ કરી પણ પતો લાગ્યો નહીં એટલે સુધી કે તમામ લશકર વીખેરાઇ ગયુ અને હઝરત અલી અ૦ પણ કુફે ગયા, લાંબી મુદત પછી એક દીવસે હઝરત અલી અ૦ એ બકતર એક યહુદીની પાસે જોયું અને બરાબર ઓળખ્યું કે આપનુંજ હતું, તેથી આપે યહુદીને ફરમાવ્યું કે આ બકતર મારૂં છે ફલાણી જગોએ ખોવાઇ ગયું હતું તું ક્યાંથી લાવ્યો હતો ? તેણે જવાબ આપ્યો કે આ બકતર મારૂ છે આપનું નથી, હઝરત અલી અ૦ તે વખતે સંપુર્ણ રીતે હાકેમ હતા. આપને તમામ જાતની સત્તા હતી. કેમકે જાહેરી ખીલાફત પણ આપના હાથમાં હતી, આપ જે ચાહતે તે કરી શકતે એક બારગી તે બકતર લઇ લેતે અને તેને સજા કરતે તેના હાથ કાપતે જુવે તે કરતે મુખતાર હતા, વળી શકની બાબત ન હતી પોતે સારી પેઠે જાણતા હતા અને બકતરને ઓળખતા હતા તો પણ આપે જાહેરમાં બેઇનસાફી ન કહે-

વાય તથી તેનો ઉઝર સાંભળીને ચુપ થઇ ગયા, અને તેને કાઝી પાસે ઇનસાફ માટે મોકલી આપ્યો, અને રઇયતના કામનો કાઝી ફેસલો કરે તેજ પ્રમાણે આ પોતાની બાબતનો ફેસલો પણ કાઝીને સોપ્યો, કાઝી ઘણો ચાલાક હુશીયાર અને અકકલ વાળો હતો તેણે પોતાની જીંદગી એ કામમાં ગુજારેલી તે સમજી ગયો કે યહુદીએ ચોરી કરી છે. પણ આદીલનો ઝમાનો શરાની પાબંદીનો વખત વળી પોતે બાદશાહે ( હ૦ અલી અ૦) ઇનસાફ કરવા ફરમાવેલું તેથી પોતાની ખાતરી ઉપર અમલ થઇ શકે નહીં. શરાના કાયદાની પાબંદી કરવી લાઝીમ તે વીના છુટકો નહી; કોઇનો પક્ષ રખાય નહીં, અગરચે જાણતો હતો કે હઝરત હાકીમ અને બાદશાહ છે, સીદ્દીકે અકબર છે; તેઓ તમામ સાચુબોલનારાઓના સરદાર છે તેઓથી ખીલાફ વાત બનેજ નહીં, તો આપે ફરમાવ્યું કે આ બકતર મારૂં છે તેમાં કાંઇ શક પણ ન હોય તો પણ ઇનસાફની ખાતર કાઝીએ કહ્યું યા હઝરત હકીકતમાં આપ હક ઉપર છો આપ ફરમાવો છો તે બરાબર છે, પણ જ્યારે શરાના કાનુન મુજબ મારી પાસે ઇનસાફ કરાવો છો તો કાનુન પ્રમાણે આપ બે સાક્ષી રજુ કરો તો ફેસલો થાય, આ સાંભળીને એ જનાબે ફરમાવ્યું કે આ બાબતનો શાક્ષી મારી પાસે નથી, તે વખતે કાઝીએ કહ્યું જ્યારે આપની પાસે શાક્ષી નથી ત્યારે આ મુકદ્દમો કાઢી નાખવામાં આવે છે. આ સાંભળી એ જનાબ એ ઝમાનાના બાદશાહ હોવા છતાં કાંઇ પણ મોઢું ન લગાડતા કચેરીમાંથી પોતાના ઘર તરફ રવાના થયા અને યહુદીને કાંઇ પણ કહ્યું નહીં.

આ બનાવ જોઇ યહુદીયે વીચાર કર્યો કે આ ઝમાનાના આ જનાબ હાકીમ અને બાદશાહ છે ઉપરાંત આ બખતર તેમનુજ છે પણ એ બખતર વીશે શાક્ષી ન હોવાથી આપે શરાની એવી પાબંદી કરી કે પોતાનો દાવો નીકળી જતા છતાં કાંઇ પણ બોલ્યા નહીં, તો આ ઉપરથી સાબીત થાય છે કે ખરેખર દીને મોહમ્મદી બરહક છે કે કોઇ ઉપર જરા પણ ઝુલમ કરવો રવા રાખતા નથી. આ વીચારથી યહુદીના દીલમાં નુરેઇમાન પયવસ્ત થયું અને કુફરનું અંધકાર દુર થયું તેથી હઝરતની ખીદમતમાં જઇને સીદક દીલથી મુસલમાન થયો અને અરજ કરી કે યા હઝરત બેશક આ બકતર આપનુ છે, પણ હું આપનુ ઇમતેહાન લેતો હતો કે આપ શરાના કાનુનના કેટલા પાબંદ છો ! ખરેખર આપ શરાના કાયદા ઉપર સંપુર્ણ રીતે ચાલનાર છો અને ઇનસાફ સીવાય ઝુલમનુ તો આપ પાસે નામ નથી માટે મારી તકસીરને માફ ફરમાવશો.

**નાજી** કહે છે કે દીનના આવા સરદાર હોય તેજ માનવા જોગ છે અને એવાજ સાહેબોના હાથમાં **નજાતનો** રસ્તો છે, અને તેઓજ દરેક રીતે મહેરબાની કરી પોતાના તાબેદારોને પાર ઉતારનાર છે, બાકી જેઓ હીરસ અને હવસથી ભર્યા હોય જરા મરજી વીરૂધ કોઇએ કર્યું કે સજા કર્યા વીના રહેજ નહીં, કોઇની ચીજ સારી લાગે તો ગમે તેમ કરી લીધા વીના મુકે નહીં એવા બીજાને કેવી રીતે **નજાત** અપાવી શકે ? એટલુંજ નહીં પણ તેઓને પોતાની નજાત કરાવવી મુશકીલ બલકે મહાલ છે, ખુદાવંદે કરીમ સરવેને નેક તવફીક આપે કે આવા આદીલ અને પરહેજગાર સરદારની ફરમાબરદારી કરે.

# હંમલએ હૈયદરી.

## પ્રકરણ ૧૦૯ મું.

### હીજરતના આઠમા વર્ષમાં અહઝાબની લડાઇ થવી, અને યહુદીયોનો ટુંક અહવાલ.

મોઅતબર રાવીયોથી રીવાયતછે કે જ્યારે આલે નઝીરના યહુદીયોને હઝરતે રસુલે ખુદા સ૦ દેશનિકાલ કર્યા અને તે યહુદીયો મદીનાની આસપાસ ઢેકાળા અને ઈંટાળાની જેમ વેરાઇ ગયા, અને તેમાંનું એક ટોળું ખયબરમાં પણ આવ્યું અને હઝરતે રસુલે ખુદા સ૦ની અદાવતથી જરાએ ચૈન પામ્યા નહીં, અને કાફેરોના મન ગમ અને ગુસ્સાના કારણથી ઘણાં તંગ થયાં તેથી એક દીવસ જંગ કરવાની મસલેહત કરવા માટે એકઠાં થયાં. પહેલાં તો જેની જેની છતીમાં કીનો હતો તેણે તેણે તે જાહેર કર્યો અને પછી માંહોમાંહે કોલ કરાર કર્યો કે જેમ અને તેમ હવે લડાઇના કામને મજબુત કરો અને ઇસ્લામીયોને પળવાર પણ આરામ લેવા ન દયો, નહી તો આવી શરમ અને હુરમતી અને નામરદાઇનું તોહમત કયાં સુધી ઉપાડે જસો? અને હવે તો વારંવાર મનમાં એજ આવેછે કે હમણાં હાલ વતનમાં જઇયે અને મુસલમાનોનો માલ અસબાબ લુંટી લઇએ અને નહીં તો—

ચુદીને મોહમ્મદ બેગીરદ શિવાજ*
સિતાનદ ઝે રૂમો અજમ હમ ખિરાજ*

જ્યારે મોહમ્મદ સ૦નો દીન ચારે તરફ પસરી જશે અને રૂમ અને અજમની પાસેથી મુસલમાનો ખંડણી લેતાં થઈ જશે ત્યારે કોની તાકાત છેકે પછી તેઓનો મુકાબલો કરે? અને આખી ઉમર અફસોસી કીધા વિના કાંઈ વળવાનું નથી. નિયમ છેકે જ્યારે થોડી આગ લાગે ત્યારે બનવા જોગ છેકે તે થોડા પાણીથી હોલવાઇ શકાય, પણ જ્યારે તે આગ હવેલી અને મકાનમાં ચારે તરફ ફેલાઇ જાય ત્યારે કદાચ આખા દરિયાથી પણ ન હોલવાય, અને સરવે વસ્તુઓ બળીને ખાક થઈ જાય: આવી રીતે દરેક માણસ તે અંજોમનમાં બોલતો હતો અને પોતાની અકલ પ્રમાણે સલાહ આપતો હતો, પણ તેઓમાં હજુ કોઇ પકો નિશ્ચય થયો નહીં કે તે બાબત વિશે આ પ્રમાણે કરવું જોઇયે. એક દનિશમંદ માણસે ફીકરના દરિયામાંથી માથું ઉચું કરી કહ્યું કે આ વખતે મ્હારો વિચાર મને એ બાબત તરફ દોરેછે કે આપણે સઘળાં કઅબા તરફ ચાલો અને કુરૈશીઓમાંના નામદારો પાસે આ બાબતમાં મદદ માંગો કેમકે તેઓ પણ આપણી જેમ આ એજ દરદ અને બલામાં ફસાએલાં છે અને મુસલમાનોના ઝુલમ ન સહી શકવાથી લાચાર થયા છે ઉપરાંત તેઓ માલદાર તવંગર અને કુવ્વતવાન પણ છે, અને ખાતરી પુર્વક કહુછું

ઇલ્મ રોશની છે.

કે તેઓ આપણી દરખાસ્તને પાછી ફેરવશે નહી અને તનમન ધનથી તમારો સાથ દેશે—

**હુમઆઝ ગયરતેમા હુમ અઝકીને ખીશ*
બઝુદી બરંદ ઈં મોહિમરા ઝેપીશ***

કાંઇકતો આપણી શરમથી અને કાંઇકતો પોતાની દુશ્મનીથી આપણો સાથ દેશે અને મ્હારે કામમાં મદદ આપશે, હાંસીલ કલામ બદબખ્ત યહુદીયોને તે બુઢ્ઢાનો આ મત પસંદ આવ્યો અને તેથી તે કાફરો કઅબા તરફ રવાના થયાં, જ્યારે તેઓ હરમમાં પહોંચ્યા ત્યારે અબુસુફયાનને બાજુએ લઇ જઇને પોતાના મનનો સઘળો ભેદ કહયો કે અએ આલી હીમ્મત અને અએ અરબના સરદાર અમો સારી પેઠે જાણીએ છીયે કે માતા રૂપી ઝમાનાએ ત્હારા જેવો શુરવીર અને બહાદુર અને તવકીર તેમજ ઇજ્જતવાળો કોઇ પુત્ર જણ્યો નથી અને ત્હારા જેવો બુતોનો બંદો અને હુબલનો પુજારી કોઇ પૈદા થયો નથી અને તું પોતાની વાત નભાવવાને જીંદગીથી બેહતર સમજેછે, અને જ્યારે કોઇ વાત આવી પડેછે ત્યારે તેને માથું આપતાં પણ નભાવ્યા વિના રહેતો નથી અને મુસ્કીલના વખતે ત્હારી પાસે જે દરખાસ્ત લાવેછે તેને તું બરાબર દાદ આપેછે અને તેનો મતલબ પુરો કરી આપેછે, ખરેખર તું જે તરફ લડવાનો નિશ્ચય કરેછે તે તરફ અગર શેર પણ હોયછે તો તે પાછો હઠી જાયછે તો અએ નામદાર તેમજ રીતે અમો પણ ત્હારી પાસે અરજ કરવા આવ્યા છીયે કે—

**બરાએ હુસુલે મુરાદ આમદીમ*
ઝે દસ્તે મોહમ્મદ અદાદ આમદીમ*
ચે ગોઇમ બામા મોહમ્મદ ચે કર્દ*
અઝી ખાનદાં ચુંબર આવુર્દ ગર્દ***

અને અમો અમારી મુરાદ પામવા માટે ત્હારી પાસે આવ્યા છીએ અને ત્હારી પાસે મોહમ્મદ સ૦ ના ઝુલમની દાદ ચાહીયે છીયે અમો તને શું કહીયે કે મોહમ્મદ સ૦ અમારા સાથે શું શું કર્યું છે અને અમારા ખાનદાનોની કેવી જડ ઉખાડી છે !!! તેણે અમોને એવાં ઝલીલ ખ્વાર અને તુચ્છ કીધાં છે કે અમારી હાલત દયા જનક થઇ પડી છે ગોયા કે અમારા હાલ ઉપર દરિયા અને જમીને પણ વિલાપ કર્યો છે અને તેના ઝુલમથી અમારી કોમના બુઝુર્ગો અને મોટેરાઓ પાંદડાઓની જેમ વિખેરાઇ ગયાંછે, અમોતો એમ કહીએ છીયે કે આવી અફત દુશ્મન ઉપર પણ ન પડો !! જેમ કે અમારી કોઇ કોમતો બીચારી શામ તરફ ચાલી ગઇ અને કોઇ રૂમ તરફ ચાલી ગઇ અને કોઇ કયાં અને કોઇ કયાં એમ વિખેરાઇ ગઇ, અને હવે અમો મદદ વિના નિરાશ્રય અને નિરાધાર થઇ પડયા છીયે, અને હવે અમારી પાસે કાંઇ રહ્યું નથી માત્ર મુરદાઓએ પહેરેલાં કફન અને જીવતાં એ પહેરેલી કબાઓ એ અમારી દોલત બાકી રહીછે બાકી ઝેરખાવા પાઇ પણ પાસે નથી. અમોએ આ બાબતમાં ઘણોએ વિચાર કર્યો પણ કોઇ મદદગાર ન પામ્યા પણ તું નામદાર એવો એક છેકે અગર તું ચાહે તો અમારી મદદ કરી શકેછે, હુબલ તને સદા આબાદ રાખે અને ઝમાનો કદી ત્હારી હસ્તીથી ખાલી ન થાય માટે અમારા હાલ ઉપર દયા આણી કૃપા કરી અમારી મદદ કર અને આવી મુસીબતના વખતે અમારો હાથ પકડ, અબુસુફયાને જ્યારે તેઓની આ વાતો સાંભળી ત્યારે તેના મનનો જખમ પાછો તાજો થયો અને તેની આંખો રાતી થઇ ગઇ અને તેના મનમાં ગુસ્સાની અગ્ની ભડકવા લાગી અને ઘણી મહેરબાન નવાઝીથી કહેવા લાગ્યો કે અએ બુઝુર્ગો અને સરદારો હું સમજ્યો કે તમોને આ નાલાયક અને નકદરા કાળચક્રે ઘણું દુઃખ આપ્યુંછે જે તમારો સદમો જોઇ મ્હારૂં લોહી ઉકળેછે અને મ્હારા મનમાંથી અગ્નીના ભડકા નીકળેછે, અલબત્તા

આ નાલાયક દુન્યાનો નીયમછે કે કદીતો તેમાં માતમ હોય છે અને કદીતો આનંદ હોય છે પણ તે બાબતની શુરવીર લોકો પરવા રાખતા નથી, એતો સંસારના કામછે! એમને એમ ચાલ્યા જાયછે, એતો ચઢતી પડતી છાંયડીછે! તમો ગભરાઓ નહી અને જાણો કે હવે તમારી મુસીબતનો અંત આવ્યો છે અને મને હઝરતે મોહમ્મદ સ૦ સાથે લડવા માટે ઉશ્કેરનાર કરતાં કોઇ દોસ્ત વધુ વ્હાલો નથી, અને જે કોંઇ મોહમ્મદ સ૦ના દુશ્મનછે તે મને મ્હારા પોતાના પ્રિય પુત્ર કરતાં પણ વધારે વ્હાલોછે કેમકે હું પણ તેના હાથથી અનહદ સંકટો અને ઇજાઓ સહી ચુકયોછું અને જેથી વારવાર મ્હારી આંખોમાં લોહીની ધારો વહેછે, તમો શાંત થાઓ અને જરાએ ગભરાઓ નહીં આરામથી બેસો મેં તમારી વાત સાંભળતાંજ લડવાનો દ્રઢ નિશ્ચય કર્યોછે અને મ્હારી કમરને મજબુત બાંધી છે, લ્યો હું કોલ અને સત્ય વચન આપુંછું કે જ્યાં સુધી મ્હારૂં હાડપીંજર કચરાઇને ચુરેચુરા ન થાય ત્યાં સુધી મોહમ્મદ સ૦ સાથે લઢવા વિના ઝંપીને બેસુ નહીં અને તમોને વાળ જેટલી પણ ઇજા પહોંચવા દઇશ નહીં, પણ આજ મને મોહલત આપો અને ખુશી પુર્વક મ્હારા મેહમાન થાઓ અને આવતીજ કાલે લડાઇની સઘળી સામગ્રી સહીત લડાઇના મૈદાનમાં દ્રઢ ઉભેલો જોઇ લ્યો, અત્યારે હું જાઉંછું અને મ્હારી કોમના સરવે સરદારોને હરમમાં એકઠાં કરૂંછું અને તેઓને લડવા માટે "લાત" અને "ઉઝ્ઝા"ના સોગન દઉંછું, અને પછી સઘળી સામગ્રી તૈયાર કરૂંશ્રુ, તમો તમારે નિરાંતે રહો અને જરાએ અંદેશો કરો નહીં, જ્યારે તે બદબખ્ત યહુદીયોએ તેની આ વાતો સાંભળી ત્યારે તેના વખાણ કર્યા અને તેને એટલો છાપરે ચઢાવ્યો કે પાછો તે ખ્વારી અને ઝીલ્લત ઉપાડવા માટે તૈયાર થયો,

## પ્રકરણ ૧૧૦ મું.

### અબુસુફયાને યહુદીયોના જખમ પુરવા માટે કુરેશીયોના મોટેરાઓને એકઠાં કરવાં

મરવી છેકે જ્યારે અબુસુફયાન બેઇમાન તે યહુદીયો સાથે વચને બંધાઇ ચુકયો ત્યારે મુશરીકો આખી રાત આકાશના તારા ગણતાં પડયા રહ્યાં અને શું કરવું અને શું ન કરવું તે વિચારે તેઓને પળવાર પણ ઉંઘવા દીધાં નહી, હાંસીમ્રકલામ જ્યારે સહેર (પ્રભાતે) પરદામાંથી પોતાનું મોંહ બહાર કાઢયું અને રાતરના પર્વતમાંથી સુર્ય જાહેર થયો ત્યારે અબુસુફયાન પોતાનું વચન પાળવા તત્પર થયો અને સરવે મુશરીકોને તેણે કહેવરાવ્યું કે આ મ્હારા ઉપર કોઇ મુસ્કીલ બાબ આવી પડી છે અને તેથી મ્હારે તમારી સાથે કાંઇ મશ્વેરો કરવો છે માટે પળવાર બયતુલ્લ હરમમાં આવશો અને મ્હારા દીલની વાતને સાંભળશો, પછી પોતે બયતુલ્લ હરમમાં આવ્યો.

રવાં બા યહુદાને ફરિયાદગર*
ઝહે દાદ ખ્વાહો ઝહે દાદગર*
બેરફતંદ બાહુમ કદમ બરકદમ*
ન બીમ અઝ ખુદાગો ન શર્મ અઝહુરમ*
નિશસતંદ દર કઅબા તાબાં ઝમાં*
કેજમઅ આમદંદ આં તલબકર્દગાં*

અને તેની સાથે યહુદીયો પણ દાદ ચાહવા માટે ચાલ્યા અને તેઓ જ્યાં સુધી બોલાવેલાં કુરેશીયો આવ્યાં ત્યાં સુધી હરમમાં રાહ જોતાં બેઠાં

જ્યારે અબુસુફયાને સરવે મુશરીકોને એકઠા થએલાં જોયાં ત્યારે પહેલાં તો તેણે એક ઠંડી સાસ ખેંચી અને પછી યહુદીયોને દેખાડી કહેવા લાગ્યો કે અએ બાહાનીકોમ અને દોસ્તો! આ બુઝુર્ગ નામદારોએ ખુશી આનંદ અને હર્ષ શીવાય કદી ઝમાનાના ફેરફારનો મજા ચાખ્યો ન હતો અને તેઓએ ખરાબ દીવસ ને સ્વપ્ને પણ જોયો નહતો તેઓ હમેશાં નાઝ અને નેઅમતમાં રહેતાં હતાં અને દુઃખ અને સંકટની પાસે પળવાર પણ ગયા નહતાં, જ્યાં સુધી તેઓના ભાગ્ય ઉદય ઉપર હતાં ત્યાં સુધી તો એ પ્રમાણે ચાલ્યુ, પણ હવે ઝમાનાની ગરદિશે તેઓને એવા ઝલીલ અને ખ્વાર બનાવ્યાંછે કે તેઓને ખલી પંડે ઘરની બહાર નીકળવું પડયું છે કે હવે તેઓનું કાંઇ ઠેકાણું પડતું નથી તેઓને મોહમ્મદ સ૦ દેશ બહાર કાઢી મુકયાં છે અને તેઓના સરવે સાધનો હાથમાંથી સટકી ગયા છે, તોપણ આખર તેઓ મોતી સમાન છે કે જેની કીમત એટલીને એટલી રહેછે, તેઓનો હાલ જોઇને મને ઘણો સદમો થાય છે અને તેઓનો હાલ જોઇ આંખોમા આંસુ ભરાઇ આવે છે, અને તેઓ ઉપર હઝરત રસુલે ખુદા સ૦ના સબબથી બદતર અને સખતમાં સખત બલાઆવી પડીછે અને એજ પ્રમાણે તેના હાથથી આપણે પણ ઘણી મુસીબતો વેઠવી પડી છે, હવે કહેવાનું એટલુંજ કે આ લોકો ઝમાનાના ફેરફારથી બલામાં ફસાઇ તમારી જનાબમાં દાદ ચાહવા માટે આવ્યાં છે અને તેઓ પોતાની તબાહ હાલત દેખાડે છે અને તમારી આશ એ તેઓએ આટલી મોહટી મુસાફરી કીધી છે અને તેઓ કહે છે કે અમારા નસીબ ઝોરાવર છે કે જેથી અમો તમારી પાસે મદદ ચહવા માટે આવવા ભાગ્યવાન થયા છીએ માટે તમોને લાઝિમ છે અને ફરિયાદ કરનાર મેહમાનની મેહમાનદારી કરવી જરૂર છે કે તમો પોતાના

ગેને પણ એવીજ રીતે તેઓની શિક્ષાએ પહોંચ્યડીએ કે તેઓમાંના કોઇને જીવતો મુકીયે નહીં, પછી પાછા આવીયે, આ વાત સાંભળીને મુશરીકોએ પોતાના કપડાં કાઢી નાંખ્યાં અને પોતાની છાતીયો ઉઘાડી બયતુલ્લ હરામ સાથે લગાડી બોલવા લાગ્યાં કે—

કે સવગંદ મારા બ બલયતુલ્લ હુરામ*
બ લાતો બ ઉઝ્ઝા બ રૂકનો મકામ*
કઝીં હાવરી બર નયામીમ રૂંઇ*
મગર આવરીમ આબ રફતા બ જુઇ*
બુવદ અઝનમી તા બગિતી નિશાં*
ન દારીમ દસ્ત અઝ હુસામો સિના*
નસાઝીમ હુમઝીં કરામ બાઝગરત*
બુવદાઝંદા તા યકતનો મા બદરત*

અમેને બયતુલ્લ હરામના અને "લાત" અને "ઉઝ્ઝા"ના સોગન છે કે જ્યાં સુધી આ દુન્યામાં હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦નું નીશાન બાકી હોય ત્યાં સુધી અમો અમારા હાથમાંથી તલ્લવાર ભાલા વી૦ હથીયારો મુકીયે નહી, અથવા તો જ્યાં સુધી અમારામાંનો દરેક જણ કતલ્લ ન થઈ જાય ત્યાં સુધી લડાઇમાંથી પાછી પાની કરીયે નહીં જ્યારે તે બદબખ્તો આવા ખોટા સોગન ખાઇ ચુકયા ત્યારે લડાઇની સામગ્રી તૈયાર કરવા લગા અને લડાઇના હથીયારોને દુરસ્ત બનાવવા શરૂ કર્યા યહુદીયોએ જ્યારે પોતાની ઇચ્છા પ્રમાણે સઘળો સામાન તૈયાર થતો જોયો ત્યારે ઘણાં ખુશ થયાં અને અત્યંત હર્ષને કારણથી ફુલ્યા ન સમાયા અને પછી કહ્યું કે અએ નામદાર હવે અમારી ઇચ્છા પ્રમાણે સઘળે બાબતો થઇ ગઇ અગર અમોને રજા આપો તો હવે અમો અમારા કબાયલ તરફ જઇયે અને તેઓને આ બાબતની ખુશખબરો સંભળાવીયે અને જે જે કબાયલ અમારી સાથે કૌલ કરારથી બંધાએલાં છે તેઓને પણ આ કામ માટે તૈયાર કરીયે અને આ લડાઇમાં તેઓની મદદ માગીયે અને તમો તો બસ બુતોની મદદથી ગદીના તરફ રવાના થઇ જાઓ અને અમો ત્યાં તમોને મહાભારત લશ્કર સહીત આવી મળીશું, આ બાબત સાંભળી! અબુસુફયાને કહ્યું કે હા તેમ કરવું ઠીક છે, જેટલી બને તેટલી તમો પણ કોશીશ કરજો અને દરેક કબીલા પાસેથી એવીજ રીતે મદદ લેજો, પછી તે યહીદુયો પોતાના રહેઠાણ તરફ રવાના થયા અને પહાડોમાં અને જંગલોમાં દરેક ટોળાના સરદાર પાસે ગયા જેમકે પહેલાં તો તેઓ ગતફાનીયાના સરદાર અતબા પાસે આવ્યા અને હઝરતે રસુલે ખુદા સ૦ ની શિકાયત કીધી અને જેજે વાતો કુરૈશીયોને કહી હતી તે તેને પણ કહી સંભળાવી અને જે જે મદદ ઇત્યાદી થવા હતા તે સઘળા બયાન કર્યાં અને ઘણી આજીઝી અને નમ્રતાથી કહ્યું કે તું પણ અમેને કુરૈશીયોની જેમ મદદ આપ કે ખરેખર અમો મઝલુમની દાદે પહોંચીશ તો ત્હારો મરતબો વધશે, પહેલાં તો એજ કે અમો હજારો માણસો ત્હારી આગળ અરજ કરીયે છીયે, અને બીજું એકે અગર અમો ત્હારી મારફતથી પોતાની મુરાદે પહોંચીશું તો લાત અને ઉઝ્ઝા ત્હારી સ્હાયે રહેશે; ત્રીજું એકે હરમના મોટેરાઓ પણ ત્હારો ઘણો આભાર માનશે. ચોથું એકે આ લડાઇમાં ફતેહ પામીશ તો ત્હારા હાથ બે શુમાર ગનીમતનો માલ આવશે, પાંચમું એકે અએ સરદાર ગોકે હમણાં હમારી પાસે કાંઇ નથી તો પણ ખયબરની આસપાસના એક વરસના ખુરમાની ઉપજ કે જે અમારી મીલ્લકત છે તે તને નઝર કરીયે છીયે અગર તુ આ દુઃખથી અમોને મુકત કરાવે અને હઝરતે રસુલે ખુદા સ૦ના ઝુલ્મથી બચાવે, અતબા મલઉને જ્યારે આ બાબત સાંભળી ત્યારે પહેલાં તો વિચારમાં પડયો પછી ખુરમાની લાલચમાં આવી જઇ બોલ્યો કે મેં કબુલ્લ કર્યું પછી તેણે પોતાની કોમને લડવાની

સલાહ આપી, પછી તે લોકોએ તેને કહ્યું કે તું તૈયાર થઇને જા અમો તને ત્યાં આવી મળીશું. અતબાએ આ વાત પસંદ કીધી: અને તેઓએ ત્યાંથી "ફરારા" તરફ મુસાફરી કરી, ત્યાંનો સરદાર "હરિસ" નામનો હતો તેને પણ ખયબરના ખુરમાની લાલચ આપી, તેણે પણ પહેલાં તો પોતાના મનમાં વિચાર કર્યો, પછી તે પણ લાલચમાં આવી તે ઘણો રાજી થયો અને પોતાની કોમને તૈયારીનો હુકમ આપ્યો, પછી તે યહુદીયો ત્યાંથી પણ ખુશ થતાં થતાં ચાલ્યાં અને "આલેઅસદ" તરફ આવ્યાં અને તે કોમનો સરદાર "તલહા" હતો તેની પાસે પણ મદદની દરખાસ્ત કીધી, અને તેની સાથે પણ કોલકરાર કરી "કનાના" તરફ આવવા માટે નીકળ્યા અને તેઓનો સરદાર "અયનદ" હતો તેને પણ ઇનામ ઇકરામનો ફરેબ આપી લાલચી જાળમાં ફસાવ્યો: આ ચારે સરદારો પાસે બારે બારે ફોજો હતી. ખેર તે દીવસતો એમને એમ પસાર થઇ ગયો પણ જ્યારે પ્રભાતમાં સુર્ય પ્રગટ થયો ત્યારે તે સરવેજણાઓએ પોતાના ઝરીન વાવટા ખોલ્યા અને ફોજો લઇ બહાર નીકળ્યા.

બ મરદી હુમા શોહરા દરખાસો આમ* નમુદન્દ રૂ સુએ બયતુલ હરામ*

અને તેઓ સઘળાં મરદાઇમાં ચારેતરફ પ્રખ્યાત અને મશહુર હતાં, અને તેઓ સઘળાં બયતુલ હરામ તરફ રવાના થયાં અને પેલી તરફથી અબુસુફયાન પણ ઘણું લશ્કર લઇને આવ્યો, લશ્કરોના ગડગડાટ અને લડવૈયાઓના શોરબકોરથી આકાશ ગાજી ઉઠયું હતું તેઓમાં શુરવીરતાના નીશામાં ચકચુર થયેલો અમર ઇબને અબ્દે વદ પણ હતો તેણે માથા ઉપર ખોદ અને શરીર ઉપર ફૈલાદી બખ્તર પહેરલ હતું, તેના હાથમાં એક મોહટો ગુરજ ફુલાદી હથીયારો પકડયા હતાં. અને ઉસમાન બિન તલહા કે જેનો બાપ હઝરતે અમીરુલ મોઅમેનીન અ૦ના હાથથી જંગે ઓહોદમાં માર્યો ગયો હતો મુશરીકોનો વાવટો લઇ કુરેશના લશ્કર સહીત ઝુલતો ઝુલતો જાણે મસ્તાન હાથી હોયની !! આવતો હતો અને લશ્કરના મધ્ય ભાગમાં અબુસુફયાન હતો.

એવી રીતે તે ફોજમાં મોહટા મોહટા નામી બહાદુરો અને પહેલવાનો હતાં. હાંસલ કલામ ચારે તરફથી ફૌજો ઉપર ફોજો આવતી હતી અને એકઠી થતી હતી, અને હઝરતે રસુલે ખુદા સ૦ સ૦ લડવા માટે ગુસ્સાથી ભરપુર થઇ રવાના થતાં હતાં આટલી બધી સંખ્યા હોવાથી જાણે ફૌજનો સમુદ્ર મોજા મારે છે એવો દેખાવ દેખાતો હતો, જ્યારે આ ફોજો બતહાના મેદાનમાં એકઠી થઇયો ત્યારે જોનારાઓને એમ જણાયું કે પૃથ્વિ ફોજથી ભરપુર થઇ ગઇ છે અને તે મેદાનમાં મહશર જેવો શોરબકોર મચી ગયો અને જમીનથી કે આકાશ સુધી ધુળના ગોટેગોટા ઉડવા લાગ્યા જેથી સુર્યનું મુખ પણ ઢંકાઇ ગયું અને તેઓએ તે મેદાનમાં પોતાના તંબુઓ કેટલાંક ફરસંગો સુધી ઉભાં કીધા, ત્યાર પછી સઘળી કોમોના નામદાર સરદારો અબુસુફયાનના તંબુમાં એકઠાં થવાં અને સલાહ કરવા માટે ત્યાં બેઠાં, અબુસુફયાને પોતાની જીભનો બંદ ખોલ્યો અને યહુદીયો તરફ મુખાતિબ થઇને કહેવા લાગ્યો કે આએ હકને ઓળખનાર સાહેબે કીતાબ તમો સરવે નહાના મ્હોટા અને આલી જનાબ સરદારો મારા કારોબારની ગવાહી આપો અને મારી રીતભાત જાણો કે હું તમારી નજદીક હરમ અને તેના રૂકનની તઅમીર કરૂછુ અને હજ માટે સરવેને સલાહ આપુછું અને ઝીલહજ્જાહમાં બેરાતા ઉંટની કુરબાની કરવાની સુન્નત બજાવી લાવુછું અને મેં આજ સુધી સીલેરહમીમાં કોઇ પણ પ્રકારનો કસુર કર્યો નથી અને જે કોઇ મ્હારી પાસે

પનાહ લાવ્યો તેની મેં તનમન અને ધનથી મદદ કીધી અને દરેક નવસ્ત્રાને હું પહેરવા વસ્ત્રો આપુછું અને દરેક ભુખ્યા તરસ્યાને ખાણું પાણી આપુછું અને બુતોનો સાચો પુજારોછું અને દેરા અને ગોખલા અને છત ઉપર રહેનાર ખુદાઓનો પુંજનારોછું કે—

**કે અજદાદે મા હમ પરસ્તીદા અંદ***
**અગરચે ખુદ આંરા તરાશીદા અંદ***

અમારા બાપદાદાઓએ તેની પુજા કરી છે અગરચે અમોએ અમારા હાથે તને કોતરી કાઢયાં છે તેમાં શું થયું ! પણ મ્હારો ખુદા એવો નથી કે જેનું નામ સહુ કોઇ સાંભળે અને તેને જાઇ શકે નહી, અને તેવા ખુદાની તરફ મોહમ્મદ સ૦ તમોને બોલાવે છે આ એક વિચિત્ર બાબત છે કે તે ખુદાને ન જાનછે ન તન છે ન તે કોઇ જવહર છે અને તેમજ ન તે કોઇ જીસ્મ (અંગ) છે, અને તેને જીભ નથી પણ વાત કરેછે તેમજ તેને હાથ પગ કાન અને આંખ નથી પણ તે સાંભળેછે અને જુવે છે અને તે દરેક વસ્તુ ઉપર શકતીમાન છે તે ન ખાયછે ન પીએછે ન ચાલેછે ન સુઇ રહેછે પણ આખી આલમને શું ઇનસાનને શું જાનને દરેક હયવાનને પુષ્કળ રોઝી આપે છે, તેનુ ઘર ન જમીન ઉપર છે ન આસમાન ઉપર છે, ત્યારે કોઇ બતાવે કે તે કયાં છે ? આકાશ અને જમીન શીવાય તે બીજી કઇ જગ્યા એ છે ? તો એવી કઇ જગ્યાએ બેઠો છે કે મખલુકાત તેને જોઇ શકતી નથી, જ્યારે તેણે ખુદાનું ન હોવું ( મઆઝ અલ્લાહ ) આ વાહીયાત દલીલોથી ( તેની સમજ પ્રમાણે ) સાબીત કરી રહ્યો ત્યારે બોલ્યો કે અએ કીતાબ વાળા લોકો કહો કે હવે અમો બન્ને પક્ષકારોમાંથી કોણ સત્ય ઉપર છે અને કોણ અસત્ય ઉપર છે ! યહુદીયોએ જવાબ આપ્યો કે બેશક આ ઉત્તમ જામો તનેજ શોભે છે એટલે તુંજ સત્ય ઉપર છે, અને આ મરતબાઓમાં ત્હારો મરતબો સરવે કરતાં શ્રેષ્ઠ છે આથી તે મલઉન ફુલાઇ જઈ વળી કહેવા લાગ્યો કે હો ! બંધુઓ ! સરદારો ! હે મિત્રો ! સાંભળો સાંભળો ! મોહમ્મદ બિન અબ્દુલ્લાહે આ દુન્યામાં કેટલો મોહટો નવો ફીતનો ઊભો કર્યોછે ? તેણે જુના મઝહબોને બાતીલ કરવા માટે થઇ અને હઝરતે ઇબરાહીમ ખલીલુલ્લાહની હીકારત માટે આ નવો મઝહબ શોધી કાઢયો છે, અને તમો સહુ કોઇ જાણોછો કે તે ફીતનાથી તેણે અમારી સાથે કેવો ઝગડો પાડયો છે ? એ ધર્મ કે જે "ખલીલુલ્લાહ"ની બાદ આખા અરબસ્તાનમાં આજ સુધી પ્રસરી રહ્યાં છે અને સુર્યની જેમ રૂમ અને ઇરાક અને ચારે તરફ પોતાનો પ્રકાશ આપે જાય છે બલકે જે ધર્મ પ્રમાણે આપણા બાપદાદા ચાલતાં આવેછે અને સરવે કોમો અને કબીલાઓને તેજ ધરમ પસંદ છે તેને મોહમ્મદ સ૦ જુઠો ધર્મ કહી આખી આલમમાં ફીતનો ઉભો કીધો છે, તેણે અમારા ખુદાઓને કોઇ વખતે તો પત્થર અને બુત કહ્યાં અને કદી તો પ્રકાર પ્રકારની ગાળો દીધી અને બેહદ ગરૂર અને તકબ્બુરથી તેણે અમારા જીવતાંઓને બદબખ્ત અને મુરદાઓને દોઝખી કહયાં, આ શીવાય તેણે અમારા માથે ઘણી કરી છે જેમકે તે અમોને અમારા અસલી અને જુના તરીકાથી ફેરવવા માટે એકલો આ વખત સુધી મથ્યો રહ્યો પણ તેનો તે ફરેબ અમારા ઉપર ચાલ્યો નહીં અને આ શેહરમાં તેનો મતલબ પુરો થયો નહીં ત્યારે શરમીંદા અને લાચાર થઇ યસરિબમાં જઇ તેને પોતાનુ વતન ઠેરાવી ત્યાં રહ્યાં. ત્યાં તેના ફરેબમાં "અવસ" અને ખઝરજ અને બીજાં કેટલાંક શકી બદબખ્તો ફસાઇ ગયાં અને ગરીબ અને મુફલિસ લોકોએ તેનો સાથ દીધો.

બર કુશાં નમુદ અઝસિતેઝો જે દાસ*
હમ અમવાલો હમ ખુને મારા હલાલ*
કમર બસ્ત બર કત્લો તારાજે મા*
કે મુલ્કો જહાં ખ્વાસ્ત ઇખરાજે મા*
બજંગે ઓહદ આંચે કર્દ અઝ ઇનાદ*
શુમા જુમ્લા દારીદ આંરા બ યાદ*

તેણે લડાઇ અને જંગથી અમારો માલ, અસબાબ અને મીલકત અને અમારા ખુન તેઓ ઉપર હલાલ કરી દીધાં અને તેણે આપણને કતલ અને ગારત કરવા ઉપર ચુસ્ત કમર બાંધી અને અમારા મુલકમાંથી ખંડણ લેવાની દરખાસ્ત કરી, ઉપરાંત તેણે અમારી સાથે બદર અને ઓહદની લડાઇમાં શું શું કર્યું છે તે તમો સઘળા સારી પેઠે જાણો છો, હવે એથી વધારે રંગઢંગ હું શું બયાન કરૂં? અને કઇ જીભથી કહું? બસ એટલે સુધી તેનો જુલમ ફેલાઇ ગયો કે સરવે કોમોને તેની સાથે જહાદ કરવાનો વખત આવ્યો, નિશ્ચય જાણજો જ્યાં સુધી તે લોકોથી પુરી રીતે બદલા લેવામાં નહીં આવે ત્યાં સુધી આ ફીતનો અને ફસાદ હેઠે બેસશે નહીં અને આ અદાવતનો ભડકો કદી પણ હોલવાઇ જશે નહી, અને હવે આ યહુદીઓ ઉપર જે કોઇ નવો તાજો સીતમ થયો છે તે તમો સહુ કોઇ જાણો છો હવે તે બીજી વખત બયાન કરવાની હાજત નથી માટે હવે તેઓની ખ્વાહીશ છે કે તેઓના કીનો પોતાના દિલોમાં રાખો અને પુરેપુરો બદલો લેવાના પ્રયત્નો કરો પણ એવી રીતે ન કરતાં કે જેથી બદર અને ઓહદ જેવો હાલ સેહવો પડે, પણ આ વખતે એવો સખત અને મજબુત અહદ કરો અને અરસપરસ સોગન ખાઓ કે જ્યાં સુધી મોહમ્મદ સ૰ હાથમાં ન આવે ત્યાં સુધી કોઇ દમલીપે નહીં અગરચે આપણામાંના સઘળા જણ મારી જાય અને માત્ર દસ વીસ જણ રહે તોપણ તેઓ પણ લડાઇના મેદાનથી મોંહ ફેરવે નહી અને પોતાનો મતલબ પુરો પાડવાની કોશીશ કરે જાય, જ્યારે તે કોમે આવા સખુનો સાંભળ્યાં ત્યારે તેઓના દીલ અદાવતની અગ્નીના કારણથી તન્નુરની જેમ બળવા લાગ્યાં અને "હમીયતે" તેઓની અકલના હાથ પગને તોડી નાંખ્યા, હાંસીલ કલામ સરવે જણ પોતાના બુતોના નામ લઇને એવી રીતે અરસપરસ સોગન ખાવા લાગ્યા કે—

અમોને લાત ઉઝ્ઝા મનાત હુબલ અને બુતખાના અને સામેરીના ગોસાલાની કસમ છે અને એ બુતની કસમ છે કે જે લડાઇના મેદાનમાં ઉડે, અને એ લોહીની કસમ કે જે શુરવીરોની તલવારોથી ટપકે અને જોરથી ટાપુ મારનાર ઘોડાઓની કસમ અને વિજળી પ્રકાશ વાલા ભાલાઓની કસમ કે અગરચે અમારામાંથી એકજણ પણ ઝીન ઉપર કાયમ રહે તો તે પણ મેદાનથી પાછી પાની કરે નહીં અને ઇસ્લામીઓના માથા જમીન ઉપર ઉરાડી દે, અગર અમારા નસીબનું જોર અમારી તરફ છે તો તો પળવારમાં આખા મદીનાને ઉજડ કરી નાંખીશું અને ઇસ્લામની જડનો નાશ કરીશું તમામ શહેરને વગડો બનાવીને જવ વાવીએ જવનો સાતુ કરીએ અને તેનુંજ ભાતુ ખાધો, ઘરે આવીએ અને જે કહ્યું તે કરી બતાવીએ, અને જે કોઇ આ અહદથી ફરશે તે તેના બાપનો ખોટો ફરઝંદ ગણાશે, આવો અહદ મજબુત કરી પોતાના રહેઠાણે ગયા અને બીજે દીવસે તૈયાર થઇ લડાઇ માટે નીકળ્યા,

# મેઅરાજ શા માટે થઇ ?!!!

ઇસ્નાઅશરી ૧૯૦૭ તા૦ ૧ લી મેના અંકમાં મેઅરાજ શા માટે થઈ એ મથાળા નીચે લખેછે કે સહારનપુરમાં આર્યા ધર્મ વાળાઓએ ઇસલામી ચોને સવાલ કરેલ કે હઝરતે રસુલ ખુદા સ૦ને એઅરાજ થવાનું શું કારણ હતું? તેનો જવાબ એક સાહેબે આપેલો તે વધારા સુધારા સાથે અહીં લખીએ છીએ, ઇનસાનની તબીયતમાં એક દીશાની આદત પડી ગઇછે, કે દરેક બાબત માટે ખાસ એક જગ્યો હોવી જોઇએ, જેમકે નમાઝ પડવાનો હુકમ થયો પણ કઈ તરફ પડવી તે ઇનસાનની આદત મુજબ દીશા જોઇએ તેથી ખુદાએ કઅબા તરફ નમાઝ પડવાનો હુકમ આપ્યો, કે તે દીશા માટે હેરતમાં ન રહે, અને અગર એ ખુદાએ તઆલાને અંગ નથી તેમજ ખાસ કોઈ જગ્યો તેના માટે નથી તોપણ અર્ષને પોતાની અઝમત અને જબરૂતની જગ્યો ઠેરાવી.

હવે ખુદાએ તઆલાએ પોતાની કુદરતથી બનાવેલી અજાએબ ચીજો અને અઝમતની પોતાના ખાસ માનવંતા બંદાને સએર કરાવાનો ઈરાદો થયો, ગોયા પોતાની મુલાકાત માટે મહેમાન તરીકે બોલાવા ધાર્યું, તો કાયદો છે કે કોઈ બાદશાહ કોઈ સારા અને લાયક માણસની મહેમાની કરેછે ત્યારે તેના માટે ખાસ ઉમદા સગવડો કરેછે અને તેને ખુશ કરવા પોતાની ઉમદામાં ઉમદા ચીજો બતાવેછે, અને ઊંચામાં ઊંચા અને કીમતી આલીશાન મકાનમાં મુલાકાત લીએછે, તો ખુદાએ તઆલાએ પોતાની ઉમદા અને જોવા લાયક તેમજ વખાણવા લાયક તેમજ અજબ થવાની વીચીત્ર ચીજો આસમાનો ઉપર રાખીછે તો તેઓને ત્યાં ન બોલાવતે તો કયાં બોલાવતે? તો જરૂર થયું કે આસમાન ઉપર બોલાવી તમામ સયર બતાવી અરશ અને કુરસી વી૦ વી૦ બતાવે.

હવે કેવી રીતે બોલાવવા ચાલીને બોલાવવા કે સ્વારી ઉપર, તો એ જાહેર છે કે ચાલીને અથવા ઉડીને બોલાવે તે કરતા સ્વારી ઊપર બોલાવે તો માનમાં વધારો થાય, તેથીજ જીબરાઈલ વી૦ની જેમ ઉડવાની તાકત આપીને ઉડીને બોલાવ્યા નહીં બલકે સ્વારી મોકલી, અને સ્વારી જો મામુલી ખચ્ચર ઊંટ કે ઘોડો મોકલે તો તે કાંઈ નવીન બાબત ન કહેવાતે તેથી એવી ખાસ સ્વારી મોકલી કે તે સ્વારી કોઇને નસીબ થઈ ન હોય એટલે બુરાક મોકલ્યું.

અને તમામ ચીજોની વહી થકી ખબર આપતે અને પૈગામ મોકલતે તે કરતા નજરે બતાવી અને વચમાં જીબરઈલનો વાસ્તો વીનાવાત કરી એ પણ આપના માનમાં વધારો માટે જરૂર હતું.

બાદશાહોના ફરમાન અને હુકમ દરેક ઘરે પહોંચેછે પણ ખાસ અથવા આમ દરબાર ભરેછે તેનું એજ કારણછે કે અમીર ઓમરાની કદરદાની અને માન આપવા અને પોતાના દરબારનો ઠાઠમાઠ બતાવા.

તો અવા અવા કારણથી હઝરતને મેઅરાજ થઇ અને જન્નત તથા જહન્નમ અર્શ અને કુરસીની સૈર કરાવી હજારો અજાએબ ચીજો બતાવી, એવી ખાસ કુર્બની જગ્યોએ બોલાવ્યા કે તે જગ્યોએ વહી લાવનાર જીબરઇલને પણ જવાનું નસીબ થયું નહીં.

અગર એમ સવાલ કરે કે ખુદાનો દીદાર તો થયો નહીં તો મુલાકાત કેવી? તો જાણવુ કે દીલ્લીમાં દરબાર થયો તે વખતે રાજાઓ નવ્વાબો રઇસો વીગેરેને આમન્ત્રણ કરી બોલાવેલા દરેક માટે લીયાકત મુજબ માન ન અપાણું અને તાજપોશીની ખુશ હાલીનો મેળાવડો થયો ખાસ ઉતારા બેઠકો ગોઠવવામાં આવી ખાસ ડબા અને ઇસ્પેશલ ટ્રેનો દોડવવામાં આવી અને નઝર નઝરાણું થયું, એ છતાં કે આપણા શહનશાહ ત્યાં ન હતાં તો તેથી મહેમાનોની શું ઇજ્જતમાં કાંઇ ખામી રહી ?

અગર કહે કે રાતના વખતે મેઅરાજ કેમ થઇ ? તો એ જાહેર છે કે મુલાકાત અને ખાસ બેઠકનો વખત દીવસ કરતા રાત્રે વધારે પસંદ કરવામાં આવેછે, ઉપરાંત નબુવ્વતનું જે કામ હીદાયતનુંછે તે ઘણે ભાગે દીવસનું છે તેમાં પણ ખલલ થયો નહીં અને રાતના આરામના વખતમાં મેઅરાજ થઇ.

કોઇ કહે કે એ ટુંક વખતમાં અટલી અટલી સૈર કેવી રીતે થઇ શકે ? તો જાણવું કે ઇનસાન કલાક અરધો કલાક સ્વપ્નું જુવેછે તેમાં હજારો ચીજની સૈર કરેછે દુરદુરના મુલક અને વીચીત્ર ચીજો જુવેછે તો આ બાત ખુદાએ ચાહી તો તે કેમ બની ન શકે ? બીજો દાખલો રેલનો જુવો કે ઇનસાન ચાલીને અથવા સ્વારીથી પાંચદસ દીવસમાં જેટલી સૈર કરીને આવેછે તેટલીજ સૈર રેલની સ્વારીથી પાંચ દસ કલાકમાં થઈ શકે છે, તો બુરાકની સૈર રેલ કરતા વધારે કેમ ન હોય ?

# બસરાના આમીલ ઉસમાન બીન હનીફ અનસારી ઉપર હ૦ અલી અ૦નો કાગળ.

હઝરતે અમીરૂલમોઅમેનીને ઉસમાનબીન હનીફ અનસારીને એક વખત કાગળ લખ્યો કે અએ ઇબ્ને હનીફ મને ખબર મળીછે કે બસરાના જવાનોમાંથી એક શખસે તમારી દાઅવત કરી તેથી ત્યાં જલદીથી ગયા, અને જાતજાતના ખાણા અને મોટા મોટા પ્યાલા તમારા માટે રાખવામાં આવ્યા, હું જાણતો નહતો કે જે લોક મોહતાજોને દાવત ન આપે અને અમીરોને દાઅવત આપે તે દાઅવતમાં તમેઃ પણ ભાગ લેશો, તમારે વિચાર કરવો જુવે કે શું ખાઓછો, જે ચીજ શુબાવાળી હોય તે થુકી નાખવી જોઇએ, અને જે ચીજ હલાલ હોવાનું યકીન હોય તે ખાવી જોઇએ, જાણો કે દરેક જણ માટે પેશવા હોય છે, અને પોતાના પેશવાની પેરવી કરે છે, અને તેના નુરથી રોશની પામે છે, અને જાણો કે તમારા ઇમામે દુન્યામાંથી જુના બે કપડાં અને બે રોટી ઉપર સંતોષ કર્યો છે, પણ હું જાણુંછું કે તે પ્રમાણે તમારાથી વરતી નહીં શકાય, પણ પરહેઝગારી કરો અને પાક સાફ રહી મારી મદદ કરો.

ખુદાની કસમ તમારી દુન્યામાંથી મેં સોનું ભેગુ કર્યું નથી, ગનીમતના માલમાંથી માલ ગમ્યો નથી. એટલુંજ નહીં પણ પોતાના જુના કપડા માટે થીગડા પણ લીધા નથી, હા આખી દુન્યામાંથી ફકત અમારા હાથમાં એક ફીદક (બાગેફીદક) હતો, તે પણ એક કોમે અમારી પાસે રેહવા આપ્યો નહીં; અને તે વીશે અલ્લાહ તઆલા ઉત્તમ ફેસલો કરનારછે, અરે મને ફીદક તેમજ બીજી ચીજોનું શું કામ છે? કેમકે કાલે કબરમાં સુવું છે, ત્યાં નીશાની પણ બાકી નહીં રહે, કબર એક ખાડોછે કે તે અગર ખોદનાર પગતો ખોદે તો પથ્થર અને ઇંટ તંગ કરી નાખશે, અને તેની તડકો માટીથી બંધ કરી દેશે, આ મારા નફસને પરહેઝગારીની આદત પાડુંછું, કે તેથી કયામતમાં અમાન પામે અને લપસી જવાથી સાબીત કદમ રહે.

અગર હું ચાહતે તો સાફ મધ ઘઉંનો મેદો રેશમી કપડા મેળવી શકતે, પણ એ બનવા જોગ નથી કે મારો મનોવીકાર ફાવી જાય, એ કેમ બને? જ્યારે હીજાઝ અને યમામાના શાયદ એવા પણ લોક હશે કે

ઇલ્મ રોશની છે.
[illegible] લાઈબ્રેરી
હાજીભાઈ મામદાણી
માળીયા ([illegible])

જેઓને રોટી મળતી નથી અને પેટ ભરીને ખાવાની વાત તે જાણુતા નથી, અને મારી અતરાફ ભુખ્યા હોવા છતાં હું પેટ ભરીને કેમ ખાઈ શકું? ભલા મારા માટે એ છાજે ખરૂં? કે હું અમીરૂલ મોઅમેનીન કહેવાઉં અને ઝમાનાની અણુગમતી બાબતોમાં તેઓનો સાથ ન આપું? અથવા તંગીથી ગુજરાન કરવામાં તેઓનો પેશવા ન કહેવાઊં? અરે હું એટલા માટે પૈદા થયો નથી કે બાંધેલા હૂયવાનની જેમ ઊમદા અને શ્રેષ્ટ ખાણા ખાઈ મસ્ત બનું! કેમકે હયવાનને ઘાસનીજ ફીકર રહેછે કે જ્યાં ત્યાંથી પેટ ભરાય તો બસ, બાકી શા માટે સરજાયા છે તેની ખબર નથી; શું મને ભટકતો મુકી આપવામાં આવશે? શું બેહુદા મોકળો રાખવામાં આવશે? શું ગુમરાહીના રસ્તામાં ભટકતો ફરૂં? એ છતાં કે ગોયા સાંભળું છું કે તમોને કહેનાર કહેછે કે જયારે અબુતાલેબના ફરઝંદની આવી ખોરાકી છે ત્યારે બહાદુરો અને શુરવીરો સાથે લડવાથી અશકત થઈ ગયો હશે, પણ જાણો કે જંગના ઝાડના લાકડાં બહુજ સખત હોય છે, અને ખુશનુમા સબ્જો બહુજ નાજુક હોય છે, અને જંગલી ઝાડ બાળવામાં સખત હોય છે અને જલદી હોલવાતા નથી.

મ્હારી અને હઝરતે રસુલે ખુદા સ૦ની એવી નીસબત છે કે જેમ બાજુ અને પંજાને, અને એકજ મુળવાળા બે ઝાડને, ખુદાની કસમ અગર મારી સાથે લડવામાં તમામ અરબ ભેગા થાય તો પણ હું તેઓને પીઠ બતાવનાર નથી, અને ફુરસતે મોહલત આપી તો તેઓનું કામ તમામ કરૂં, અને હવે એવી કોશીશ કરીશ કે જમીનને ખરાબ લોકોથી પાક કરૂં.

પછી લખેછે ઓ દુન્યા જા મારી પાસેથી છેટે જા તારી દોરી તારા ખભા ઉપર છે, હું તારા પંજાથી નીકળી ચુકયો, તારા ફંદામાં આવવાથી છેટેછું, અરે એ લોક કયાં છે? કે જેઓને તેં તારા નખરાથી ફરેબમાં લાવી, અને એ લોક કયાં છે? કે જેઓને તેં બણી ઠણી સણગારકરી પોતા ઉપર આશક કરી લીધા, અરે તે કબરોમાં કેદ છે, અરે દુન્યા તેં લોકોને ધોખો આપ્યો, ખાડામાં હોર્યા, બાદશાહોને ધુળમાં મેળવી દીધા, ભોંયપર ફેંકી દીધા, તો જો તને અંગ અને જીસમહતે તો તારા ઉપર સજા માટે ખુદાની હદ કાયમ કરતે, હાય જે તારા ફરેબમાં સપડાણો તે લપશી ગયો. અને તારા ભમરામાં ફસાણો તે ડુબી ગયો, અને જે તારી જાળથી બચ્યો તે તોફીક પામ્યો, અને જે તારાથી બચ્યો તેને પછી કોઇ

બાબતની પરવા નથી રહેતી કે તેનું કામ તંગ થયું કે શું થયું ! તેની સામે એ લાંબી બાબતથી બલકે દીવસ અસ્ત થવાની નજીક પહોંચ્યોં હોય એમ છે, અરે મારાથી દુર થા તારો કદી તાબેદાર થઇશ નહીં કે તેથી તું મને સારી પેઠે ઝલીલ કરે, યાદ રાખ હું કદી નરમ નહીં થાઊં કે તું મને ખેંચે.

અને ખુદાની મશીયતની જુદી વાત છે તે સીવાય ખુદાની કસમ ખાઇને કહુછું કે પોતાના નફ્સને એવો સખતી વેઠનાર બનાવીશ કે જ્યારે ખોરાકી માટે રોટી મળે તે વખતે રાજી રહે અને શાકને બદલે નમક ઊપર સંતોષ કરે, અને હું મારી આંખને એ ઝરરાની જેવી બનાવીશ કે જેનું પાણી ખલાસ થઈ ગયું હોય, ચોપગાં ઘાંસ ખાઇ પેટ ભરીને બેસી રહે છે અને બકરીયો ચરીને સુઈ રહે છે અને અલી પણ પોતાનું ભાતુ ખાઇને સુઇ રહે છે, હવે આની આંખો ઊઘડી છે કે વરસોની મુદ્દત પછી તેણે ગોવાળીઆએ અડયાવીના ચોપગા અને ઘાંસ ખાવાવાળા ઊંટની પૈરવી કરી છે.

જે નફ્સે પોતાના રબનો ફરીઝો અદા કર્યો છે અને પોતાની સખતી પોતાના પડખાથી ઘસી નાંખી, અને રાત્રે સુવું તજી દીધું, અને તેઓની આંખોને કયામતની બીકે બેદાર રાખી છે, અને સુવાની જગ્યોથી પડખા દુર છે, અને પોતાના રબની યાદમાં હોઠ તર છે, અને ઇસ્તીગ ફારના વધારાથી ગુનાહોના વાદળ ગળી ગયા છે, જમીન બીછાનું અને હાથ તકયા છે, તેઓને બશારત થાય એજ લોક ખુદાના ટોળાં છે અને ખુદાના ટોળાંજ રસ્તગારી પામનાર છે. તો અએ હનીફના છોકરા પરહેઝ કર અને પોતાની રોટી ઊપર સંતોષ માનકે તેથી તને જહન્નમની આગથી નજાત મળે.

અને જેને ઝકાત લેવા આમીલ કરીને મોકલતા હતા તેતે નીચે મુજબ વસીયત લખતા હતા કે તેથી દરેક અદના અઅલા નાના મોટાને હઝરતની હક પસંદી અને અદલ ઇન્સાફના પાબંદ હોવાપણું જાહેર હતું.

ખુદાએ તઆલા વહદહુ લાશરીક લહુનો ખૌફ રાખવો, અને કોઇ મુસલમાનને ડરાવવો નહીં, અને તેની પાસે નાખુશીથી હરગીજ જવું નહીં અને તેની પાસેથી ખુદાના હકથી વધારે લેવું નહીં.

અને જ્યારે કોઇ કબીલામાં ઉતરવું તો તેઓના ઘરથી જુદો પાણીની જગ્યોએ ઉતર, પછી ધીમે ધીમે શાંતપણાથી તેઓ પાસે જા, તઓની વચ્ચે જઈ ઊભા રહીને પુરેપુરી સલામ કર, પછી તેઓને કહે કે એ બંદગાને ખુદા મને તમારી પાસે ખુદાના વલી અને ખલીફાએ મોકલ્યો છે કે

અગર તમારા માલમાં કાંઇ ખુદાનો હક હોય તો તમો ખુદાના વલીને આપો, પછી જો કોઈ કહે કે મારી પાસે નથી તો તકરાર કરો નહીં, તેને તકલીફ આપ નહીં, અને સોનું રૂપું જે આપે તે લઇ લે, તેની પાસે બકરાં ઉંટ હોય તો તેની રજા વીના ત્યાં જા નહીં, અને જ્યારે તેઓ પાસે જા ત્યારે તેઓ ઉપર સખતી અને વધારો કરનારની માફક જા નહી, અને કોઇ હયવાનને ભડકાવ નહીં તેમજ ડરાવ નહીં, અને એમ કરી તેઓના માલીકને તકલીફ આપ નહીં, અને ઉંટ બકરા વી૦ના બે ભાગ કર, તેમાંથી તેઓ એક ભાગ લઈ લીંએ અને તે લીએ તેમાં દખલ આપ નહીં, પછી એક ભાગ રહ્યો તેના બે ભગ કર, તેમાંથી એક ભાગ લેવા કહે વળી બાકી રહે તેના ભાગ પાડ; એટલે સુધી કે જયારે તેઓ પોતાનો હક લઇ લીએ અને ખુદાના હક જેટલો બાકી ર તે વખતે તે ખુદાનો હક લઈ લે, આ મુજબ કરવા છતાં પણ તે કહે કે આ વહેંચણી કબુલ નથી તો તમામને મેળવીને બીજી વખતે પહેલાંની માફક ભાગ પાડી પાડીને તેને લઇલેવા કહે અને તે પોતાનો તમામ હક લઇ રહે અને ખુદાના હક જેટલોજ બાકી રહે ત્યારે તું લે; પણ ઘરડો ઉમરે પહોંચેલ અવયવ ભાંગેલ એબ વાળો લે નહીં.

જે મુસલમાનોના માલમાં જેના દીન ઉપર સંપુર્ણ ભરોંસો હોય કે તે પોતાના ઈમામ પાસે પહોંચાડશે અને તેઓ વચે વહેંચણી કરશે એવા શખસ સીવાય બીજા ઉપર ભરોંસો કરીશ નહી; જે મહેરબાન હોય માયાળુ હોય અમાનતદાર હોય રક્ષણ કરનાર હોય સખતી કરનાર ન હોય તેઓને બરબાદ કરનાર ન હોય તકલીફ આપે એવો ન હોય એવા શખસ વીના બીજાને તેઓ ઉપર મુકરરર કર નહીં, પછી તારી પાસે જે કાંઇ ભેગું થાય તે તાકીદે અમારી પાસે મોકલી આપ કે ખુદાના હુકમ પ્રમાણે અમો પહોંચાડી આપીએ; અને જયારે તારો અમીન લઇ લીએ તે વખતે તેને તાકીદ કર કે સાંઢણીના બચ્ચાને જુદુ ન કરે અને તેણીનું તમામ દુધ દોઈ લીએ નહીં કે તેના બચ્ચાને હરકત પહોચે અને સ્વારીમાં તકલીફ આપે નહીં અને એકજ ઉપર વધારે બોજ ન રાખે; અને થાકી ગીએલને આરામ આપે અને જખમી અને લુલાને આરામ આપે, અને જે તળાવ ઉપરથી પસાર થાય ત્યાં પાણી પીવરાવે; અને ખડ વાળી જમીન મુકીને ઉજડ જમીન વાળા રસ્તાથી લઇ નજાય; અને વચમાં આરામ આપે; ઘાંસ પાણી આપ્યા કરે; એટલે સુધી કે અમારી પાસે તાજા અને સારી હાલતમાં આવે; થાકેલા દુબળા થઈને

આવે નહી; પછી અમો ખુદાના હુકમ અને નબીની સુન્નત મુજબ વહેં-ચણી કરીએ; આમ કરવાથી બેશક તમારો અજર સારો થશે અને ખુ-બી નજીક થશે ઈનશાઅલ્લાહો તઆલા. તરજુમો કરનાર મવલાના મોલવી સઇયદ આફતાબહુસેન સાહેબ મરહુમ દીલ્લી વાળા.

( અખબારે ઇસ્નાઅશરી )

## * પરચુરણ. *

બેહારૂલઅનવાર માં લખેછે કે **શીમ્ર** મલઉન જનાબે ઇમામે હુસયન અ૦નો ઉંટ લુંટમાંથી લઈ ગયો અને તે નાપાકે કુફામાં જઇ તે ઉંટને ઝબેહ કરીને તેનો ગોશ્ત લોકોને વહેંચ્યો,

આ બાબતની મુખતારને ખબર હતી તેથી તેણે કુફામાં જેટલા ઘરોમાં એ ઉંટનો ગોશ્ત ખાવામાં આવ્યો હતો તે તમામ ઘર-ની ગણત્રી કરાવી એતમામ ઘરો પડાવી નાખ્યા, અને તે ઘરોમાં રહેનારાઓને કતલ કરાવી નાખ્યા.

એજ કીતાબમાં લખે છે કે મુખતારે ઇમામે હુસયન અ૦ના કાતીલોને શોધવામાં ઘણી કોશીશ કરી એટલે સુધી કે એ મલઉ-નોના ગુલામો પતો આપતા; અને મુખતાર તેઓને કતલ કરાવતા અને ગુલામોને ઇનામ આપતા.

મુખતાર જયારે ઇમામે હુસયન અ૦ના કાતીલોને શોધી શોધીને કતલ કરાવતા હતા અને ગુલામો પોતાના આકાઓને પકડીને લાવતા અને ઇનામ પામતા તે વખતે ગુલા-મોનું એટલું તો માન વધી ગયું કે ગુલામો પોતાના આકાઓને ડરાવતા અને કહેતા કે મુખતારને કહી દેશુ કે આ ઇમામનો કાતીલ છે તેથી તેઓ ડરતા અને ગુલામો રાજી રહે તેમ કરતા, એટલે સુધી કે ગુલામો કહેતા કે તમારી ગરદન ઉપર બેસારો તો તે બદબખ્તો પોતાના ગુલામોને ગરદન ઉપર બેસારતા, અને ગુલામો તેઓની છાતીઓ ઉપર પગ લટ-કાવતા હતા,

**સુબહાનલ્લાહ** મુખતારે એ મલા-ઇનોથી ખુબ ગજબનો બદલો લીધો, ખુદાએ તઆલા મુખતારના દરજાને આલી કરે.

એક બુઝુરગવારને ત્યાં એક અરબ મહે-માન થયો ખાણું ખાધા પછી તેણે કહ્યું **શરબત** ( પીણું ) આપો, બુઝુરગવારે પુ-છ્યું કેવુ શરબત ચાહો છો ? તેણે કહ્યું એ **શરબત** ( પીણું ) ચાહું છું કે જયારે તે ન મળે ત્યારે તમામ શરબતથી માનવંતુ અને પ્યારૂં હોય, અને જયારે મળે ત્યારે તમામ શરબતો કરતા હલકુ અને કદર વીના-નું હોય તે, આ સાંભળીને તેને પીવાનુ પાણી આપ્યું.

**આગ કરતા માટી**નો મરતબો વધારે છે ફાયદા વાળી ચીજો ઘણે ભાગે માટીથી થાય છે, જેમકે ફળ ફુલ અનાજ ઇમારતી લાકડા તેમજ તમામ ધાતુ પણ જમીનમાંથી નીક-ળે છે,

કુફામાં બે જણ પાડોશી એક બીજા સાથે ઝગડો કરતા હતા, લોકોએ ઝગડાનું કારણ પુછયું તો એકે કહ્યું કે મારા ઘરે મહેમાન આવ્યો તેના માટે બકરાની મુંડી લાવ્યો; તે ખાઇને બાહેર ગયો પછી મેં તે મુંડી અને ખોપરી ઘરની બાહેર ટાંગી કે તે જોઇને મારા દુશમનો બળે; અને બીજા જાણે કે આજે મેં મુડી ખાધી છે, પણ તે ખોપરી આ પાડોસીએ ઉપાડીને પોતાના ઘરે ટાંગી તેથી લોકો સમજશે કે તેણે મુંડી ખાધી છે, તો હું ખરચ કરૂં અને આ પોતાનું નામ વધારે તે કેમ બને ?

## અનજુમનથી થતા ફાયદા.

અનજુંમન અથવા મેહફીલ વી૦ સ્થાપી તેના કાયદા મુજબ સંપ કરીને અમલ કરવાથી ઘણાં ફાયદા થાય છે; જેમકે હીંદુસ્તાનમાં **મુઝફ્ફર નગર** શહેરમાં **અનજુમને જઅફરીયહ** સ્થાપવામાં આવી છે, તેથી ઘણા ફાયદા થાય છે, તેમાંના કેટલાંક ફાયદા નીચે મુજબ.

૧—અબદુલ્લાહપુરમાં એક મદરેસો જારી થયો, ચાળીસ રૂપીયા મહીનાનો ફાળો કરી બે મોઅલ્લીમ રાખ્યા.

૨—ખરાબ રીવાજો બંધ થવા શુરૂ થયા; જેમકે કોઇ મરી જાય તો છોકરીયોને ભાગ આપતા ન હતા અને છોકરા વેંહચી લેતા, તે મવકુફ કરીને શરા પ્રમાણે અમલ કરી છોકરીયોને પણ ભાગ આપવામાં આવેછે.

૩—**વિધવા** ઓરતો તેમાં ખાસ કરીને નાની વયની વીધવાને બેસારી ન રાખતા નિકાહ કરી દેવાનો રીવાજ ચાલુ થયો; અને હાલ સુધીમાં પાંચ નાની વયની વિધવાના બીજા નીકાહ કરાવી આપ્યા.

૪—બનતા સુધી મુકદમા કોરટમાં ન લઇજતા આપસના સમજુતી ઉપર આવવા નો રીવાજ ચાલુ થવાની તજવીજ ચાલે છે.

૫—શાદી ખુશહાલીમાં ખરાબ અને હરામ રીવાજો છે તે તરક કરવામાં આવે છે.

## મસજીદ બનાવવી કે ઇમામવાડો ?

મસજીદ બનાવવામાં ઘણો સવાબ છે; સાથે કેટલીક શરતો પણ છે કે મુસલમાન કડીયા મજુર પાસે પાક ચુના માટીથી બનાવવી અને તઇયાર થયા પછી તેને નજીસ કરવી નહીં, કાફર અને મુશરીકને અંદર પેસવા દેવા નહીં; અને આપણા લોકોમાં કેવી રીતે મસજીદો બનાવે છે અને કેવી રીતે પાક રાખે છે અને અદબ સાચવે છે તે સરવે કોઇ જાણે છે, માટે જેઓ પાક રાખી શકે નહીં અને અદબ જાળવી શકે નહીં તેઓ ઇમામવાડા તરીકે મકાન બનાવે કે તેમાં નમાઝ પડાય, મજલીસ થાય, અને મદરેસાનું પણ કામ ચાલે.

---

## પંદર કરોડ રૂપીયા હીદાયત માટે કોઈ કાઢનાર છે?

અરે **નાજી** તને કાંઈ અકકલ છે કે નહીં ? શું મગજમાં કાંઇ ખામી આવી ગઇ છે ? અરે આપણા ખોજા શીઆ ઇસ્નાઅશરીમાંના કોઇની પાસે પંદર કરોડની પુંજી પણ નથી કે તમામ આપી દીએ; મને અજબ થાય છે કે આ શબ્દ કયાંથી યાદ આવ્યો ? અરે પહેલે જરા વીચાર તો કરવો હતો કે એટલી મોટી રકમ કેની પાસે છે;

સાહેબ ગુસ્સે થાઓ નહીં એટલી મોટી

રકમ યાદ આવવાનું કારણ અગરચે કોઇ પણ છાપુ વાંચવાની ફુરસત નથી પણ છાપા ચોપાન્યા વીગેરે આવે તે જરા ઉપર ટપકે મથાળા જોવામાં આવે છે. તેમાં કોઇ મથાળું પસંદ પડયું તો વાંચું પણ ખરો, અમરેલીના ઇસલામ ગેઝેટમાં પંદર કરોડની અમેરીકન સખાવત મથાળા નીચે આ પ્રમાણે વાંચ્યું.

નયુ યોરકનું "ઇવનીંગ વરલ્ડ" પત્ર જણાવે છે કે ચીનાઓને ખ્રીસ્તી ધરમમાં વટલાવવાની કોશેશની શરૂઆત તરીકે ચીનમાં શાળાઓ ઉઘાડવા માટે અમેરીકન કરોડપતી મી૦ જોન ડી. રોકફેલર રૂ. ૧૫ કરોડની રકમ આપનાર છે. મી૦ રોકફેલર એવું માને છે કે પહેલાં મીશનરીઓએ લોકોને કેળવણી આપવી જોઇએ અને તે પછી તેઓને વટલાવવાની કોશેશ કરવી જોઇએ.

તેથી વીચાર થયો કે એક અમેરીકન પોતાના મઝહબના ફેલાવા માટે પંદર કરોડ જેટલી ગંજાવર રકમ આપનાર છે ત્યારે આપણામાંનો કોઇ સખી મરદ શું આપનાર નીકળી શકે નહીં? કે તેથી દીન ઇસલામનો ઘણો ફેલાવો થાય.

હદીસમાં છે કે કારે ખૈરમાં વાપરવાનો સવાબ છે, તેમજ અપવાનારને પણ સવાબ છે, તેથી એવા શબ્દ નીકળી ગયા, પણ ભુલનો થઇ તેમાં શક નથી, તે એકે કરોડને બદલે લાખ કહે તે તો હરકત નહતી, એ પણ વીચારવાનું છે કે પંદર લાખ પણ આપનાર કોણ છે? અલબત ખુદાના બંદા છે નથી એમ નથી કેટલાંક પચાસ સાઠકે એંશી લાખના ધણી છે, તેઓ જો હીમ્મત કરી બિસ્મિલ્લાહ કહીને પંદર લાખ આપે તો શું બનવા જોગ નથી? શા માટે ન આપે? શું નાખી દેવા છે? નાના એ તો ખાસ પોતાનાજ કામ માટે છે. એવા લાખો પતીને બંગલા વાડી ઘોડાગાડી અને બાગ બગીચા અને દરીયાની લેહરવાળા મકાનવીના જરા પણ ચૈન આવતુ નથી, તો મરવા પછી કયામતને દીવસે એ ચીજો કયાંથી લાવશે? હાલ પહેલેથીજ ત્યાં ગોઠવણ કરીઆપે તો થાય, અહીંના બાગ બગીચા માટીના અને ત્યાંના જવાહેર અને મોતીના છે.

તો શું માટીના મુલમાં હીરા, રેતીના મુલમાં મોતી, ટાટના મુલમાં રેશમ, પીતળના મુલમાં સોનું! ઘેંસના બદલામાં ખીરીયાની, પાણીના બદલામાં કવસર લેવા કોઇ ખુશી નહીં હોય? અલબત હશે ઇ૦ કોઇ પણ અલ્લાહનો બંદો નીકળે ખરો, પણ આજુ બાજુ વાળા રોકે ટોકે અને બહકાવે નહીં તો આ કામ થાય, પછી જુવો દીનનો કેવો ડંકો વાગે છે અને ઇસલામની કેવી ચડતી થાય છે.

અફસોસ આ કામમાં કોશીશ કરનાર નીકળતા નથી, ઘણી જાતના ફંડ અને ખાતા ઉઘાડે છે પણ પાંચ દસ જણ લાયક માણસ હીમ્મત કરી બરાબર કમર બાંધીને હીદાયત ફંડ કાઢી તેમાં લાગતા વળગતાઓને કહી ફાળો ભરાવે તો મારી સમજ મુજબ મુંબાઇ જંગબાર અને માડાગાસકર વી૦માં દસ પંદર લાખ રૂપીયા થઇ જાય, તેના મેમબરો ટરસ્ટીયો સેક્રટરી મેનેજર વી૦ દીનદાર લાયક અને અમાનતદાર સાહેબો મુકરરર કરીને હીદાયતનુ કામ ચલાવે તો ટુંક મુદતમાં જ્યાં જુવો ત્યાં મદરેસા મસજીદ ઇમામવાડા વીગેરે થાય અને ચારે તરફ શીઆ ઇસ્નાઅશરી મઝહબનો ડંકો વાગે.

અરે એટલી મોટી રકમ હોય તો હીંદુસ્તાનથી પણ આગળ વધી ચીન જાપાન અમેરીકા વી૦ વી૦ હીદાયતનું કામ ચાલુ થાય.

અગર કોઇ ભાઇસાબ આ મારા વિચારને શેખ ચીલ્લીના વીચાર સમાન ગણશે એવો ગુમાન રહે છે ડાપણુ તેથી મને હરકત નથી અને જો ઇનસાફથી બારીક નજરે જુવે તો આ મારો વીચાર શેખ ચીલ્લી જેવો ન બનવા

જેવો નથી બલકે બનવા જેવો છે ઇનસાન શું કરી શકતા નથી ? જે ચાહે તે કરી શકે છે કરોડો રૂપીયાના ખરચવાળી રેલ, લાખોના ખરચવાળા કારખાના ઇનસાનેજ કરેલ છે, શેઠ આદમજી પીરભાઇની સખાવતો મશહુર છે ગામો ગામ મદરેસા ઉપરાંત ગરીબ તાલીબે ઇલ્મને ખોરાક પોશાક આપી તાલીમ આપવી તેમજ આપણા લોકોમાં શેઠ કરીમભાઇ ઇબ્રાહીમની આરફતેજ યતીમોને તાલીમ આપવી ખાવા પીવાનો ખરચ આપવો, મુંબાઇની આલીશાન શીઆહ ઇસ્નાઅશરી મસજીદ અને તેને લગતા કેટલાંક માળા, જંગબારમાં બબે મસજીદો કેટલાંક ઇમામવાડા, કરબલા અને બસરાના મુસફરખાના, વી૦ વી૦ લાખો રૂપીઆની રકમો ખરચ કરનાર આપણેજ છીએ, તો એક મ્હોટું હીદાયત ફંડ શા માટે ન થાય? આ આપણું હીદાયત ફંડ જુવો કે જેનો મેનેજર આ તમારો સેવક અધીપતી રાહેનજાત છે તેણે વીસ વરસ પહેલા એવી ખાહીશ કરેલીકે ફકત પંદર રૂપીયાનો મહીનો કોઇ આપે તો હીદાયતનું કામ કરે, પણ લાંબી મુદત સુધી કોઇ મલ્યું નહીં છેવટે એક વરસ માટે શેઠ જમાલભાઇ હીરજીએ બસો રૂપીઆ મોકલી આપ્યા તે વખતે બન્દો દીનના કામમાં રોકાઇ ગયો તેથી ભાવનગરવાળા મો૦ સલેમાનભાઇ કરીમભાઇ હાલ મહુવાના મદરેસાના મોઅલ્લીમને રૂ ૧૨॥ નો પગાર કરી દાલરોટી ઉપર કીનાઅત કરવા રાજી કરી કુકડ મોકલ્યા તે પછી કેટલેક વરસે વળી હેદાયત માટે કોશીશ કરી અને રૂ ૧૨૫ આશરે એકઠા થયા પણ કોઈ હીદાયત કરનાર મલ્યું નહીં બંદાએ ચોપાન્યુ કાઢેલ તેથી ફુરસત નહીં તો પણ બોટાદ વી૦ જઇ અમુક મુદત રહી થોડા રૂપીઆ ખરચ્યા, બાકી રહ્યા તે અમદાવાદ પાસે બટવામાં મદરેસો કરીને પુરા કર્યાં.

તે પછી થોડા વરસ સબર કરીને વળી પાંચ વરસ થયાં કોશીશ કરીને હીદાયત ફંડ કાઢ્યું તો ખુદાએ તઆલાએ સખી બીરાદરોને એવી તોફીક આપી કે જમીન આસમાનનો ફરક થઇ ગયો, કે એક વખત એ હતો કે એક વરસ માટે દોઢસોના ફાંફાં હતા ત્યાં અલહમ્દો લીલ્લાહ દર મહીને દોઢસોનો ખરચ રાખવાનો સામાન કરી આપ્યો ( ખુદાએતઆલા આપ સખી બીરાદરો એ ફંડમાં મદદ કરનારના તમામ નેક મતલબ પુરા કરે ) તો આજ પ્રમાણે બીજા સાહેબો મકદુર હીમ્મત કરી હીદાય ફંડ કાઢે તો શુ દર મહીને દોઢ હજાર વાપરી શકે એટલી તાકાત વાળું ફંડ થાય નહીં? થાય તો ખરૂં પણ હીમ્મત કરે કોણ ? મુનાફેકો અને હસદખોરોની અદેખાઈની ઇજ્જા ખમે કોની બલા ! અરે એવા નેક કામમાં આડા પડનારની તોહમતો સહન કરે કોણ? પોતાના અમુલ્ય વખતનો ભોગ આપે કોણ!

અગરચે એવા બહાદુરો છે કે મેં કહ્યા કરતા પણ મોટા ફંડ ઉભા કરે પણ કોશીશ કરનારની ખામી છે, આતમારો અદનો શેવક એ કામની કોશીશ કરતે પણ ઇસ્નાઅશરીનો દાવો કરનારામાંથીજ કેટલાંક ઝાલીમોએ એટલી તો મુસીબત પહોંચાડી છે કે ગોયા કમરમાં તાક નથી, તો પણ જો મુંબાઇ જંગબાર માડાગાસકર રંગુન અને કરાંચીના બીરાદરોમાંથી બબે ચાર ચાર દીનદાર મોહીબ્બે અહલે બૈતે અતહાર સાહેબો મકદુર આ જુના પુરાના શેવકને લખે કે ખુશીથી આવજે તન મન અને ધનથી મદદ કારીશું તો જો કે હજુ સુધી કોઇ જાતનો ફાળો કરવા નીકળ્યો નથી તો પણ તવકકલ કરી પોતાના કારોબારનો બંદોબસ્ત કરી ઘોડો અને ધડકી લઇને એ દરેક ગામમાં જઇ સારી રકમો ભરાવી ત્યાંજ ફંડી

ઓ તેની હીદાયત ફંડ સ્થાપી ફતેહમંદ થઇને આવે આ લખાણ નકકામુ સમજવું નહીં જો અસર થયો તો સુબ્હાનલ્લાહ, અને રાહેન. જાતના એક ખુણામાં પડયું રહે તોપણુ સ. વાબથી ખાલી નથી કે ફુલ નહીં તો ફુલની પાંખડી મળશે.

## જુદી જુદી હદીસો.

હ૦ ૧૭૨૫ આપે ફરમાવ્યું કે મોઅમી. નની હાજત પુરી થવા માટે ચાલવું તે મારી પાસ હજાર ગુલામ આઝાદ કરવા કરતાં અને હજાર ઘોડાઝીન અને લગામ વાળા ઉપર મા. ણુસોને બેસારીને જહાદ કરવા માટે મોકલું તે કરતાં બેહતર છે.

જાણવું જોઇએ કે આવી બલકે આથી પણ વધુ સવાબની હદીસો મોઅમીનની હાજત પુરી કરવા વીશે ઘણી વારીદ થઇ છે, પણ આતો ફકત હાજતપુરી કરવા ચાલવામાં એટલો સવાબ છે, હાજતપુરી થાય અથવા ન થાય તે જુદી વાત, અને હાજતપુરી કરવી તે કોઇ પણ હાજત હોય નાની હોય કે મોટી હોય. કોઇ વખતે ફકત એક નેક શબ્દ કહેવાથી અથવા પાણીના એક જામથી મોઅમીનની હાજતપુરી થાય છે, મજમુઅએ વરામને આધારે લખે છે કે હઝરતે ઇમામેહસન અ૦ ફરમાવ્યું કે જે મોઅમીન ખાલેસ દીલથી ખુદાની ઇબાદત કરે તેને દુન્યાની તમામ નેઅમતનો ફકત એક લુકમો કરીને તેને ખવરાવી આપુ તો પણ હું એમજ સમજુ કે તેનો હક અદા કરી શકયો નથી; અને બેદીન હોય તેને દુન્યાની કોઇ પણ નેઅમત ખાવા આપુ નહી એટલે સુધી કે તે ભુખ અને પ્યાસથી મરવા પડે તે વખતે અગર તેને પાણીનો એક જામ પીવરાવું તો એમ સમજુ કે તે પાણી પાયું તે ઇસરાફ કર્યો એટલે નકામું ગયું. હ૦ ૧૭૨૬ માં હઝરતે ઇમામે હુસેન અ૦ થી રોવાયત કરી છે કે આપે ફરમાવ્યું કે મેં મારાનાના હ૦ રસુલે ખુદાસ૦ થી સાંભળયું છે કે **નમાઝ** પછી અફઝલ અઅમાલ એ છે કે ગુનાહના કામ. વીના હર કોઇ રીતે બીરાદરે મોઅમીનના દીલમાં ખુશી પહોંચાડવી.

હ૦ ૧૭૨૭ જે કોઇ મોઅમીનની ગીબત કરે તેનો રોઝો બાતીલ થાય છે અને વઝુ તુટી જાય છે, કયામતને દીવસે મુરદાર કરતા પણ ખરાબ બદબો તેના અંગમાંથી નીકળશે અને તે બદબોથી મહશરના લોકને ઇજા પહોંચશે. હ૦ ૧૭૨૮ કોઇ બોરાદરે મોઅમીનની ગીબત કરતુ હોય તેને કોઇ રદ કરે અને તે મોઅમીન તરફથી જવાબ આપે તો તે રદ કરનારની દીન અને દુન્યામાં હજાર જાતની બદી દુર કરે, અને ગીબત રદ કરી શકતો હોય અને તેને રદ કરવાની સતા પણ હોય છતાં રદ ન કરે અને તેની બુરાઇ સાંભળીને ચુપ રહેતો જેટલો ગુનાહ તે ગીબત કરનારને થશે તેથી સીતેર ગણો ગુનાહ તે સાંભળનારને થશે.

☞ તસ્દી લઇ મેહરબાની કરી આ ચોપાન્યાના પુઠાનું બીજુ પેજ પહેલે જરૂર જરૂર જરૂર વાંચી અમલ કરવા ભલામણ કરવામાં આવે છે.

જો તે ઊપર અમલ કરવો ન હોય તો અમારો ચડેલો હક મોકલીને ચોપાન્યું બંધ કરવા લખો.

## કારે ખૈરના નાણાની પહોંચ.

૬) શેઠ અલીભાઇ માવજીભાઇ લાલપુર, આપે ગઢડાના મેળાવડામાં ફીતરાના આપ્યા તે ત્યાંજ ભાવનગરના મોલવી સાહેબને હકદારને આપવા આપ્યા.

૭ા- શેઠ કાસમભાઇ લધાભાઇ મારવાડ. કરબલા હ૦ અબ્બાસ અ૦ના રોઝા મુબારકમાં મોકલવાના.

૨૪ા શેઠ હુસેન અલીભાઇ સુંદરજીભાઇ પંજેતન પાક અ૦ના નામના.

૪૧ાા શેઠ કરમઅલીભાઇ મુળજીભાઇ ટુલીયાર ૭૨ ફરાંક પંજતે પાકના સદકાના અને ફીતરાના.

૧૧ાાા શેઠ મનજીભાઇ થાવરભાઇ મોરનડાવા ૮ મજલીસ માટે તેમાં ૬ મજલીસ કરી બાકી ઇ૦ હવે પછી

૨૧) શેઠ ગુલામઅલીભાઇ દેવજીભાઇ ૧૫ાા ભાવનગરના મદરેસામાં મોકલ્યા ૫ા ઇ૦ બે મજલીસ કરીશું.

૫) શેઠ હાજી તુરમોહમ્મદભાઇ દેવજીભાઇ ઇ૦ બે મજલીસ કરીશું.

૫) શેઠ હાજી જુમાભાઇ રાજનભાઇ મુંબઇ, આપ હજ અને મદીનએ મુનુવ્વરાની ઝીયારત કરી આવ્યા તેની ખુશહાલીની મજલીસ કરીને વાપર્યા છે.

૮ાા શેઠ વાલજીભાઇ મેડરઅલીભાઇ માંડવાતાના. ગરીબોને આપવાના હીદાયત ફંડમાં મોકલ્યા પણ તે અપાય નહીં તેથી ગરીબ મુસાફરોને આપ્યા.

૩૦) શેઠ ગુલામઅલીભાઇ જાફરભાઇ લીંન્ડી, આપની ઘરવાળી બાઇ જેના બાઇ ૧૯૬૩ ના પહેલા ચૈત્ર સુદ ૧૫ ના ખુદાની રહમતે પહોંચ્યા તેની રૂહના સવાબા માટે કરબલા મોકલ્યા.

૫) શેઠ રેમતલાભાઇ ડુંગરશીભાઇ ભરપાયલીવાળા મજલીસ કરી છે.

૨ાાા શેઠ મુસાભાઇ જીવણભાઇ મજલીસ કરીશું.

૪)- શેઠ હાજી તુરમોહમ્મદભાઇ દેવજીભાઇ વરેરા, સદકાના તથા ફીતરાના.

૨૫ાા શેઠ નાસરભાઇ વીરજીભાઇ બાગામોયા, આપના તથા શેઠ રેમતલાભાઇ મનજીભાઇ તથા શેઠ રશીદભાઇ નાનજી-ના ફીતરાના.

૨ાા શેઠ ધરમશીભાઇ લધાભાઇ માંડવાના નાના ફીતરાના.

૪ાાા શેઠ પીરભાઇ રામજીભાઇ હણીયાણા ફીતરાના,

૦ાાા- શેઠ મનજીભાઇ રવજીભાઇ હણીયાણા ફીતરાના.

૪ા- હાજી મુળજીભાઇ મોહેદીનાભાઇ ફીતરાના

૬) શેઠ ઇસમાઇલભાઇ હાજી જમાલભાઇ લાસુ ફીતરાના,

૧૩ા બદે ખુદા અગલાવા હ૦ અબ્બાસ અ૦ ના.

૪) શેઠ સવજીભાઇ નાનજીભાઇ બે કુરઆન ખતમ કરાવીશું.

૬ાા શેઠ અબ્દલાભાઇ મેગજીભાઇ હ૦ અબ્બાસ અ૦ના

૧) શેઠ દેવશીભાઇ ખોધાભાઇ હ૦ અ૦ અ૦ ના.

મજકુર રકમો પેટે રૂ ૧૦૦) કરબલાએ મોઅલ્લા જનાબે શેખ હાજીમોહમ્મદ હુસેન સાહેબને હુંડી મુંબઇથી મંગાવી ને કરબલા તા૦ ૨૦–૫–૦૭ ના મોકલી. અને રૂ. ૧૫ ની નોટ લખનઊ જનાબ આકા સઇયદ હસન સાહેબને તા૦ ૨–૪–૭ ના મોકલી, થોડીક રકમ અત્રે આવતા સઇયદ વી૦ મુસાફરોને આપી બાજી આપીશું, ખુદાએતઆલા એ સરવેને જઝાએ ખૈર અતા ફરમાવ.

## હીદાયત ફંડની ફતેહ.

### દર મહીને રૂ ૧૫૦) નો ખરચ.

ખુદાના ફઝલો કરમથી હીદાયતનું કામ ધમધોકાર ચાલે છે, પાંચ જગ્યેએ તો પુરે

પુરો પગાર અત્રેથી અપાય છે, ત્રણ ઠેકાણે અરધો પગાર અત્રેથી અપાય છે, અને બીજી ચાર પાંચ જગ્યોએ થોડી થોડી મદદ છે કુલ ૧૪ જગ્યોએ થઇ દર મહીને રૂ ૧૫૦ નો ખરચ છે જેની તફસીલ ગયા અંકમાં લખીછે

ખુટવડા માટે એક મોઅલ્લીમને મોકલ્યા પણ તેઓની તબીયત બરાબર ન હોવાથી પાછા આવ્યા રૂ ૧૩ ખરચ થયો, એ જગ્યો ઓછી થઇ તેને બદલે ધોળકામાં મોમનાઓના ૨૦૦ ઘર છે તેઓ માટે રૂ ૧૦ નો પગાર કરી એક કામ ચલાઉ મુલ્લાંને રાખ્યોછે કે તેઓ સડક ઉપરથી ઊતરી જાય છે તે અટકાવે અને બચ્ચાઓને તાલીમ આપે ૨૪ બાળકો આવે છે.

કોડીનારમાં બાળકોની સંખ્યા વધીને ૪૦ ની થઇ છે.

નંન્દશહરમાં રૂ ૫) ની મદદ આપતા હતા, પણ ત્યાં બચ્ચાં એકદમ ઓછા થઇ ફકત બે બચ્ચા પડનાર છે, અને બીજો લાભ લેતા નથી એવું ચોકસ સાંભળવાથી તે મદદ બંધ કરી છે. તેને બદલે કઠન અથવા રેમકી બજારમાં રૂ ૧૦) ની મદદ આપવા મનજુર કર્યુ છે. રાજુલામાં મદરેસો જારી થયો છે, ત્યાં રૂ ૫) દર મહીને મદદ આપવા ચાલુ કરેલ છે.

શીરવહ્હામાં હમેશની જમાઅતની નમાઝ થતી હતી, હવેથી જુમ્માની નમાઝ પણ થાય છે આજુબાજુ ચાર ચાર માઇલ છેટેથી જુમ્માની નમાઝ માટે બીરાદરો આવે છે.

## હીદાયત ફંડમાં આવેલા નાણાની પહોંચ.

૫ા શેઠ કાસમભાઇ લધાભાઇ મારવાડવાળા, બીમારીથી શીફા મળવા માનતા માનેલી તે શીફા મળી.

૫ શેઠ ગુલામઅલીભાઈ જાફરભાઇ તુરમામદ લીંડીવાળા આપની ઘરવાળી બાઈ જેના બાપુની રૂહના સવાબ માટે.

૧૦ શેઠ હાજી રાજનભાઇ જુમ્માભાઇ મુંબઇ આ વરસે હજ અને મદીનએ મોનુવ્વરાની ગીયારત કરીને આવ્યા તેની ખુશહાલી માટે.

૧૦ાા શેઠ મોહમ્મદઅલી કરમઅલીભાઇ ચાંદોર બજાર માનતા પુરી થવાથી.

૫ શેઠ તુરમોહમ્મદભાઇ જમાલભાઇની કું. ભાવનગર નીચે લખેલા મરહુમોની રૂહના સવાબ માટે.

હાજી સાલે મોહમ્મદભાઇ જીવાભાઇ.

મુખી લાલાભાઇ નથુભાઇ.

મુખી જમાલભાઇ નથુભાઇ.

૨ાા શેઠ હાજી તુરમોહમ્મદભાઇ દેવજીભાઇ વરેરા,

૧૭ાા શેઠ માધુભાઇ શામજીભાઇ માઇવાતાનાથી.

૧૦ાા= શેઠ શવજીભાઇ નાનજીભાઇ મ.કંતાતાનાના.

૧૦ શેઠ રેમતલ્લાભાઇ અલ્લાનાભાઇ હીંગનઘાટ આપના ફરજંદ અબદુલ્લાભાઇની શાદીની ખુશહાલી માટે મોકલ્યા.

ખુદાએતઆલા એ સરવેને જઝાએ ખૈર અતા ફરમાવે.

## પરચુરણ.

રાણપુરમાં—ઇમામવાડો લેવા રૂ ૨૫૦) બંદે ખુદાના આવેલા, તે લેવા ઢીલ થવાથી અમોએ તાકીદ કરી તેથી રૂ ૨૫૦)માં એક મકાન વેચાતુ લઇ રજીસ્ટર કરાવ્યું, અને રૂપીયા અમારી પાસેથી મંગાવ્યા, તે અમો મોકલી આપવાના હતા ત્યાં બીજે દીવસે શેઠ વલ્લીભાઇ વસરામનો કાગળ આવ્યો કે અત્રે ખોજાના પાંચ ઘર હતા તેમાંથી બે ઘર કેટલાંક કારણથી સામી પાટીમાં ભળી ગયા, હવે ફકત ત્રણ ઘર માટે મકાન લેવાની જરૂરત નથી માટે રૂપીયા મોકલવા નહીં, હવે એ રકમ મોકલનારને પુછાવી તેઓની મરજી મુજબ અમલ કરીશું.

## ખુશખબરી (૧)

વાંકેરા કાઠીયાવાડવાળા મોહીબ્બે અહલે બૈતે અતહાર શેઠ અલાદીનભાઇ ઇબ્રાહીમ ગયા ફાગણ મહીનામાં ઝીયારત કરવા ગયા હતા તે ખુશી સાથે આવ્યા, અને ઇ૦ આવતી મોંસમમાં હજ કરવા જશે, એ સાહેબ વીજપડીના મદરેસામાં ૨ ૨) નો મહીનો આપે છે, અને ત્યાંની મેહફીલ બનાવામાં પણ તનમન અને ધનથી મદદ કરી છે,

અને વીજપડીમાં ૩૦ જણ નમાજી થયા છે અને વઝુ કરવા તથા નહાવા માટે હોઝ મહુવા વાળા શેઠ ખાનમોહમદ અલીભાઇ જેહાએ બંધાવી આપ્યો છે ખુદાવંદે કરીમ એ સાહેબોને જઝાએ ખૈર અતા કરે અને અમોને ઝીયારત નસીબ કરે.

લી૦ ખોજા શામજી પીરભાઇ.

વીજપડી ૧૫-૫-૭

## ખુશ ખબરી. (૨)

લીંબડી કાઠીયાવાડની—મસજીદ તથા ઇમામવાડા માટે એ કામના સેક્રેટરી મી૦ નુરમોહમ્મદભાઇ વેલશીભાઇને નીચે મુજબ અમારા હસ્તક મદદ મળી છે.

૫૦) ખાનબહાદુર શેઠ હાજીસાજનભાઇ લાલજીભાઇ સીકંદરાબાદ.

૫૦ શેઠ મોહમદભાઇ ઇસુફ જુમાણી ટાંડુર.

૨૫) શેઠ અલીદીનાભાઇ માવજીભાઇ સીકંદરાબાદ.

૨૫) શેઠ રહમતુલ્લાભાઇ અલીદીના હૈદરાબાદ.

૫૫) અમોએ વાસણ વી૦ માટે.

લી૦ રેહમતુલ્લાભાઇ ડાયાભાઇ

હૈદરાબાદ તા૦ ૧૦-૫-૭,

## ખુશ ખબરી. (૩)

હોઇમા મડાગાસકરમાં આપણા બીરાદરોના ૪ ઘર છે. મોહરમમાં મજલીસો અને જમવાનું સારી રીતે થતુ હતુ.

## સર્ટીફીકેટ.

અમો નીચે સહી કરનારા આપણા બીરાદરોને અર્જ કરીયે છીએ કે આ વરસે અમો હજ કરવા ગયા હતા, તો મદીનાના મુતવલ્લી જનાબે શેખ સાલેહ અમરૂલ્લાહે અમારી ઘણી ખાતર બરદાસ્ત કરી છે, અમોને વખતો વખત ઝીયારત પઢાવતા, યંબુ સાથે આવ્યા, અને કોઇ જાતની અમોને તકલીફ આપી નથી, અને તેઓ સાથે હોવાથી રસ્તામાં બદુ વી૦ ની બીક નહતી અને દરેક ચીજ આસાનીથી મળતી, માટે સર્વે સાહેબોએ તેઓને ત્યાં ઊતરવું, અને યંબુ વી૦ જવું તો તેઓને સાથે લેવા, એ સાહેબ ઘણા લાયક છે.

**મુંબઇવાળાની સહી.**

હાજી મોહમ્મદ બાકેર.
હાજી કરીમભાઇ મુસાહાશમ.
હાજી મોહમ્મદ જુમ્માભાઇ.

**મસકતવાળા.**

હાજી સલમાન હબીબાણી.
હાજી જાફરભાઇ મોહમ્મદઅલી.
હાજી ગુલામઅલી અહમદ.

**જુદા જુદા ગામ.**

હાજી મોહમ્મદ વાલજી.
હાજી બહાદુરઅલી માવજી.
હાજી કરીમ ભાણજી.
હાજી જાફર પીરમોહમ્મદ.
હાજી સાલેહ મોહમ્મદ ધાલા.

બીજી પણ કેટલીક સહી છે.

## વકફ.

શેઠ ગુલામઅલીભાઇ જાફરભાઇએ પોતાની ધરવાળી જેના બાઇ ખુદાની રહમતે પહોચી તેઓની રૂહના સવાબ માટે માબાપના હકની પચીસ કીતાબ વકફ કરી છે, માટે પોસ્ટેજ અરધો આનો આફ્રીકાવાળાએ એક આનો મોકલી મંગાવી લેવી.

## પહોંચ.

**રફીકુલ મોઅમીન**—પહેલે માસીક હતુ તે ન કાઢી શકવાથી બંધ પાડી કેટલીક મુદ્દતે દોમાસીક કર્યું, તેનું પણ વરસ પુરૂ થયું નહીં અને બંધ પાડયું, તે હવે લાંબી મુદ્દતે નવે સરથી ગયા રબીઉલઅવ્વલથી બાહેરપાડી ૧ લો અંક ભેટ તરીકે મળ્યો તે માન સાથે સ્વીકારી ચડતી થવાની આશા રાખીએ છીએ.

અને તેના અધીપતી હાજી અલાદીનભાઇ ગુલામહુસેન ટાઇમસર બાહેર પાડી શકતા નથી તેથી લખે છે તે કામ ઉપર બાહોશ મેનેજર રોકેલ છે, તો હવે ઉમ્મેદછે કે ૮ પાનાના માસીક ઉપર અધીપતી તથા મેનેજર એ બંને તન મનથી મેહનત લેશે તો ટાઇમસર બાહેર પાડી શકશે, અમો સર્વે સાહેબોને ઉત્તેજન આપવા ઇલ્તેમાસ કરીએ છીએ, અને તેના અધીપતી અને મેનેજરને પોતાના વાયદા ઉપર દ્રઢ રહી રેગ્યુલર બાહેર પાડવા ભલામણ કરીએ છીએ.

ગઢડાના મેળાવડાની ચોપડી મળી, તેની ટુંક હકીકત અમોએ ૪ થા અંકમાં છાપીછે, તે ખુલાસા સાથે ચોપડીના આકારમાં છપાવીને પ્રગટ કરેલ છે, તે આ માસીક સાથે વેંહચવા શેઠ મોહમ્મદઅલીભાઇ અબદુલઅલી ભાઇ ન્યાયાધીશ સાહેબે લખેલ પણ ચોપાન્યા સાથે જઇ ન શકવાથી અમો વેંહચી શકયા નહીં તેથી તેઓએ કેટલેક ઠેકાણે મોકલી છે: થોડી નકલો અમોને પણ મળી તે માન સાથે સ્વીકારી અને અત્રે ૫—૭ નકલો વેંહચી છે.

ભાઇબંધ, ઇસ્લામ ગેઝેટ, પોલીટીકલ ભોમીયો; મેમણમીત્ર, હીદાયતુલ મોઅમેનીન, ઇસલામ ગેઝેટ, અખબારે ઇસલામ, મળ્યા કરેછે, એ સર્વેનો આભાર માનીએ છીએ.

## ખુલાસો.

હીદાયતફંડનો હીસાબ દરવરસે છાપીએ છીએ, આ વરસે પલેગ વી૦ ના સબબથી પ્રેસ બંધ રહેવાથી બાહેર પાડી શકયા નથી તેથી ઇ૦ આ વરસ પુરૂ થીએ બે વરસોનો હીસાબ સાથે બાહેર પાડીશું.

શેઠ કરમાલીભાઇ મુળજીભાઇ અઢી ફરાંક૦ માં અકીકો થઈ શકે તેમ નથી, અને બચ્ચાનું નામ પણ લખ્યું નથી, માટે અઢી ફરાંક ખાતે ઉધારયા નથી.

## હાલ બાહર પાડેલી નવી કીતાબો

આ સાથેના કીતાબોના લીસ્ટમાં નં. ૨૮—૨૯—૪૦ વાળી કીતાબો હાલ નવી બાહેર પડી છે.

## મુંબઈ ખોજા શીઆહ ઈસ્ના-અશરી હીદાયત ફંડ.

એ હીદાયતફંડ ખાસ હીદાયત માટે ઉઘાડલામાં આવ્યું છે તેનાં ખીરાદરો શાદી ગમીને ટાંકણે રકમો ભરીને સવાબ હાંસીલ કરે છે.

એ ફંડના સેક્રેટરી **શેઠ અલીદીનાભાઇ લાડક દામજી** છે, ઠે૦ મુંબઇ પાલાગલી.

એ ફંડમાં જેઓને કાંઇ રકમ મોકલવી હોય તો મજકુર સેક્રેટરી સાહેબને મોકલી આપવી અને કોઇ ઠેકાણે કાંઇ મદદની જરૂરત હોય તોપણ લખી મોકલવું.

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ [illegible]
માળીયા (મીયાણા)

# કીતાબો વીગેરેનું લીસ્ટ.

## ૧ અનવારૂલ બયાન ફી તફસીરિલ કુરઆન.

મ્હામ્હોટી અમુલ્ય કીતાબ કુરઆને શરીફ કે જે આપણા માલીકો મુખ્તારનુ ફરમાન છે, તે અરબીમાં હોવાથી લોકો તેના અર્થ અને ખુલાસા જાણવાના ફેઝથી મહરૂમ હતા તેથી આલીમોએ ફારસી ઉરદુમાં તરજુમો અને તફસીર કરી, હવે આપણી કોમમાં ઘણે ભાગે ગુજરાતી તથા ઇંગરેજીનો અભ્યાસ હોવાથી એ પાક કલામે શરીફના મતલબ સમજવાથી ઘણા જણ મહરૂમ હોવાથી ખુદા ઉપર તવક્કલ કરી અમોએ અહલેબૈતે અઅતહાર અ૦ ના સદકાથી આ કામ માથે ઉપાડી અસલ અરબી કુરઆન તેની પાછળ તેજ ગુજરાતી અક્ષરોમાં આયતો તેની નીચે તરજુમો પછી તેની તફસીર અને મવકે મવકે તાવીલ અને અહલેબયતે અતહાર અ૦ ના ફઝાએલ વી૦ કેટલીક તફસીરોમાંથી ઇન્તેખાબ કરી છપાવી છે અને તેને ચાહનાર મોમીનોએ અહલેબયતે અતહારને પહોંચા તેઓના ઘરોને મુબારક આંખોને નુરાની અને દીલને રવશન કર્યા, અને ઇ૦ બીજા બીરાદરો પણ હાથોહાથ લેશે.

આ તફસીરમાં મોટાં ૨૬૦૦ પેજ છે કે જે રોયલ ૮ પેજી ૫૨૦૦ પેજ થયાં તેના દસ દસ સીપારાના ત્રણ ભાગ કર્યા છે ૧લા ભાગના રૂ ૧૨) તે પછીના દરેક ભાગના રૂ૧૦) ત્રણે ભાગના રૂ૩૦ આફ્રીકા વી. માટે પાંચ ભાગ કર્યાછે પોસ્ટેજના તથા એ પુંઠાના રૂ૪) વધારે તથા હીંદુસ્તાનના પાંચ ભાગના રૂ ૩૧)

## ૨ અમ્માનો સીપારો તરજુમા તફસીર સાથે.

અમોએ કુરઆને શરીફના છેલ્લા અમ્માના પારાની તફસીરનાં પાકાં પુંઠા બંધાવ્યાં છે એ સીપારો તમામ કરતાં લગભગ દોઢો મોટો છે જેની અંદર ૩૭ સુરા છે અને તેમાં પહેલે અરબી ખુશનુમા હરફોમાં આયતો અને તેની પાછળ તેજ આયતો ગુજરાતી મોટા ટાઇપમાં, તેની નીચે ગુજરાતીમાં તરજુમો અને તે પછી તેની તફસીર છે હદયો રૂ૧॥ પોસ્ટેજ ૦)≈ આફ્રીકાનું ૦।≈

## ૩ રાહેનજાત.

**અમુલ્ય ઉમરને બરબાદ ન કરો.**
**જેમ બને તેમ પોતાથી ખુદાને રાજી કરો.**

હર ઇનસાનને જરૂર છે કે પોતાનું ઇમાન વધારે અને આખેરતની કમાઇ કરે, પણ આખેરતની કમાઇ કરવા માટે કેટલાંક સાધન છે, જેમકે અહકામે ખુદા, હદીસો, ફઝાએલ, મોઅજીઝા, વીગેરે સાંભળે અથવા વાંચે. પણ હાલના ઝમાનામાં વખત પુરો કરવા, અને નફસને રાજી રાખવા, ગપાટા, સપાટા અને જોડી કાઢેલી ખોટખોટી વારતાઓ, વીગેરેની ઘણી ચોપડીઓ ચોપાન્યા નીકળ્યાં છે. પણ કોઇ ચોપાન્યુ દીન સંબંધી કે જેમાં ઉમદા ઉમદા જાણવા જેવા પયગમબરો આબીદો વીગેરેના કીસ્સા અને મોઅજીજા, નસીહતકારક કલમા, હદીસો, અને પરહેઝગાર લોકોની સાચી બનેલી હીકાયતો વીગેરે, કે જેના વાંચવાથી દીન અને દુન્યાના લાખો ફાએદા થાય, અને ખુદા તથા પંજેતને પાક અ૦ રાજી થાય, એવું જોવામાં કે સાંભળવામાં ન

આવવાથી આ નાચીઝે ખુદા ઉપર તવક્કલ કરીને એક ચોપાન્યું નામે "રાહેનજાત" ઉપર લખેલી દીન સંબંધી બાબતોમાં છપાવવું શુરૂ કર્યું છે, કે જેનું હાલ પંદરમું વરસ ચાલેછે, તે દર મહીનાની પેહલી તારીખે ૩૨ પેજમાં બાહેર પડેછે, તેની કીંમત વર્ષ ૧ ની રૂ. ૨) આફ્રીકાના રૂ ૨ા છે, પણ અગર કોઇ કોઇ બીરાદર બહુજ ગરીબ હોય તો વરસ ૧ નો રૂ૧) મોકલી આપે તોપણ ઇ૦ કબુલ કરવામાં આવે છે એટલુંજ નહીં પણ ખુદા નખાસ્તા કોઇ એવુંજ હોય કે એક રૂપીયો પણ આપવાની શક્તિ ન હોય તો જેટલી શક્તી હોય તેટલી અમને ખાનગી રીપલાઇ પોસ્ટ કયારડ લખી જણાવશે તોપણ ઇ૦ કબુલ કરવા અમારી મરજી છે. અમારો ખાસ મતલબ એવો છે કે આ ચોપાન્યાનો ફેલાવો એવી રીતે ઇ૦ થાય કે આખી દુન્યામાં જે જે ઠેકાણે ગુજરાતી વાંચનાર બીરાદરે મોઅમીન હોય અને ત્યાં પોષ્ટ મારફતે પહોચી શકે એમ હોય તો કોઇ ઘર આ ચોપાન્યાથી ખાલી ન રહે; અગર વિચાર કરીએ તો દર મહીને બે ત્રણ આના કાંઇ ચીજ નથી, શેઠીઆ લોકની તો એક વખતની પાનની પટ્ટી છે. અને ઘરે બેઠાં દર મહીને એવી એવી બાબતો આવ્યા કરે માટે દરેક બીરાદરે ગ્રાહક થવુંજ જોઇએ.

**૪ રાહેનજાત** ચોથી કતાબના બાર ચોપાન્યા રૂ ૧ા)

**૫ રાહેનજાતની** ૯ મી કીતાબના બાર ચોપાન્યા રૂ ૧ા)

## ૬ નુરેઇમાન.

એ ચોપાન્યું બબ્બે મહીનાનું ભેગુ દર બીજે બીજે મહીને બતરીસ પેજમાં રેગ્યુલર ટાઇમ સાચવીને બાહેર પડે છે ગુજરાતી હરફ અને ઉર્દુ આસાન સહેલી અને શીરીન ઝબાનમાં આકા ઇમામેહુસૈન અ૦ ની મુસીબતોની રીવાયતો અને બીજા કીસ્સા હીકાયતો નવહા સલામ, મરસીયા, રૂબાઇ વીગેરે વીગેરે વીષયથી ભરપુર હોયછે, તેનું ૧૪ મું વરસ ચાલે છે, કીંમત વરસ એકની અગાઉથી પોસ્ટેજ સાથે રૂ ૧ા જંગબાર વી૦ ના રૂ ૧ા) રાહેનજાતના ગ્રાહકો પાસેથી ચાર આના ઓછા.

**૭ નુરેઇમાન** ૯ મી કીતાબ રૂ ૧ા.

**૮ નુરેઇમાન** ૧૦ મી કીતાબ રૂ ૧ા.

## ૯ તોહફતુ સ્સાએમીન.

એની ખુબી એજ છે કે આ ૧૫ વરસમાં જેટલી કીતાબો કાઢી તેટલી ધીમે ધીમે ખપી, પણ આતો એવી પ્યારી અને ઉપયોગી થઇ પડી કે તે બાહેર પડતાંજ અરધી નકલો એક મહીનામાં ખપી ગઇ અને તેની તાઅરીફના કેટલાક સાહેબોના કાગળો પણ આવ્યા.

આ કીતાબ હમેશાં અને ખાસ કરીને માહે રમઝાનમાં બહુજ ઉપયોગી છે તેમાં ૩૦ વાએઝ, હીકાયતો, નસીહતો, લતીફા, રોઝાના સવાબ, હમેશાની દોઆ નમાઝ, જે જે તારીખે જે માઅસુમની વિલાદત કે શહાદત છે તે તથા બીજા બનાવ, રોઝા ખોલવાની સહેરીની નમાઝ પછીની દોઆ, શબેકદરોની ફઝીલત તેના અઅમાલ, ઝીયારત, દોઆએ જવશને કબીર મોટા હરફમાં ગુજરાતીમાં તરજુમા સાથે, ઇદની નમાઝ ઇદના ગુસલની દોઆ વી૦ વી૦ થી ભરપુર ઊંચા કાગળ ૩૦૦ પેજની છે. કીંમત રૂ ૨) પણ બે રૂપીયાવાળી ખલાસ થઇ ગઇ છે બહુજ ભારે કાગળ અને મજબુત પુંઠાની પાચ જાતની રંગીન સાઇની રૂ ૫) વાળીના હાલ રૂ૩) પોસ્ટેજ રૂ ૦ા આફ્રીકાનો રૂ ૦ાા

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ મામદાણી
...ળીયા (મીયાણા)



## ૧૦ અહવાલુન્નીસા.

એ આવૃતી ખપી જવાથી ત્રીજી વખત છપાવી છે એક વખતમાં વાંચેતો હાથમાંથી મુકતા દીલ ચાહે નહી.

**ઓરત** નેકબખ્ત અને ધણીના હુકમની તાબેદાર હોય તો મરદની ઝીંદગી ઘણી સારી હાલતમાં ગુજરેછે.

ઓરતને સુધારવી, અને નેકબખ્ત થવાના ઉપાય કરવા તે મરદોપર જરૂરી અમ્ર છે.

એ કીતાબમાં ઓરતો મરદોના હક, અને ઓરતોને લગતા વઝુ ગુસલના મસાએલ ઓરતોને હમલ રહે ત્યાંથી તે બચ્ચું જન્મ પામી મોટું થાય ત્યાં સુધી કઇ કઇ અને કેટલી ચીજો કરવી જોઇએ અને કેમ વરતવું તેના અહકામ અને નીકાહ તલાકના ખુલાસા પરહેઝગાર ઓરતોના રસીક કીસ્સાકે જે ધ્યાન આપીને વાંચવાથી ઓરતો બલકે મરદો પણ પરહેઝગારી ઇખતીયાર કરવાને આતુર થાય, અને ઇ૦ પરહેઝગાર પણ બની જાય. અને ખરાબ ઓરતોના પણ કીસ્સા કે જે વાંચી એવી ચાલ ચલણ છોડી આપે અને તેથી છેટે રહેવું પસંદ કરે વીગેરે બાબતો છે કીમત રૂ ૧= આફ્રીકા રૂ ૧।

## ૧૧ હદીકએ શીઆહ,

આપણે શીઆહ મઝહબનો દાવો કરીએ છીએ અને પાળીએ છીએ, પણ શીઆહ મઝહબ કયાંથી છે તે કાંઇ ખબર છે? અને શીઆહ મઝહબ વીશે બીજાઓ શુ કહે છે તે તો ખબર હશે કે કહે છે કે શીઆહ મઝહબ હ૦ રસુલે ખુદા સ૦ ના. ઝમાનામાં નહતો બલકે હ૦ અલીના વખતથી એક યુહુદીએ કાઢેલો છે વી૦

અને હકીકતમાં શીઆહ મઝહબ અસલથીજ છે, તો તેની ખાતરી અને સાબેતી કરવા અમોએ શીઆહ તથા સુન્નત જમાતની કીતાબોથી એક કીતાબ લખા તેનું નામ **"હદીકએ શીઆહ"** (શીઆહનો બાગ) રાખ્યું અને અહલેબૈતના અને ખાસ કરીને હ૦ અલી અ૦ ના એવા એવા ફઝાએલ લખ્યા છે કે જે વાંચવાથી દીલ નુરાની થઇ જાય, અને હ૦ અલી અ૦ ની ખીલાફત બની ઉમય્યહ બની અબ્બાસીયોમાંના ખલીફાઓનો હાલ વિગેરે એવી બાબતો લખી છે કે આ કીતાબ પહેલથી છેલ્લે સુધી વાંચે તો ઈસલામનું મુળ શીઆહ કોણ, અને શું, અને હઝરતના વખતમાં તથા તેઓ પછી ઇસ્લામમાં શું શું થયું તે ટુંક ટુંક સર્વે બાબતોથી વાકીફ થઈ જાય, અને પોતાનો શીઆહ મઝહબ હક હોવાની દલીલો અને તેની હકીકતથી માહીતગાર થાય, જાણે દરયાને કુજામાં ભરી આપ્યો હોય એવી ઢબથી ઘણી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, કીંમત પોસ્ટેજ સુધાં રૂ ૧। આફ્રીકાનો ૧।= રજીસ્ટરથી મંગાવનારનો ૦)- વધારે.

## ૧૨ તોહફતુ ઝાએરીન.

ઇમામે હુસૈન અ૦ તથા હઝરતે ઇમામે રઝા અ૦ ની ઝીયારતની ફઝીલતની હદીસો અને ઝીયારત કરવાના ફાયદા ન કરનાના નુકસાન ઝીયારતના કામમાં વાપરવાનો સવાબ, ઝવ્વારોની કદર, ઝવ્વારોના ઇતીકબાલનો સવાબ, અને એક ઝવ્વારનો હ૦ અબ્બાસ અ૦ મદદ કરવી.

કરબલા. કાઝેમૈન, સામરા, નજફ, ખુરાસાન, કુફા, મુસય્યબ, અને મદીનએ મુનવ્વરા એ સર્વે જગ્યોની અંદરના રોઝા મુબારકના નકશા અને મક્કા અને ખાનએ કાબાનો નકશો, (ખાસ લખનઉમાં છપાવીને મંગાવેલ છે) એ સર્વે જગ્યોની મુસાફરીનો હાલ રસ્તાનું બયાન મુસાફરીનો સામાન, તે તરફનું ચલણ, મુંબાઇથી તે બસરા બગદાદ સુધીની મુસાફરી કરનટીનનો હાલ, અને દરેક બાબ-

તની સગવડ વી૦ નો હાલ.

અને ખાસ કરીને નમાઝ પડતી વખતે કીબલાની ઘણી જરૂરત હોય છે અને દરેક મુલકમાં કીબલો જુદી જુદી દીશાએ છે તેથી તેની માહીતી અને ઓળખવા માટે તમામ દીશાઓનું ચક્ર બનાવી તેમાં દીશાઓ અને મોટાં મોટાં શેહેરોનાં નામ લખીને બનાવેલ છે.

ઉપરાંત ટુંકમાં ઝીયારતઅને તેના આદાબ પણ લખ્યા છે, કીંમત પોસ્ટેજ સુધાં ચઉદ આના, અને આફ્રીકાનો રૂ૧)

## ૧૩ મખઝનુલ મસાએલ.

આપણને કોણે પૈદા કર્યા! ખુદા છે તેનું યકીન કેવી રીતે થાય? ખુદા એકજ છે તે કેમ સાબીત થાય? ખુદા મરે કે નહી? ખુદા જોવામાં આવે કે નહી? સારાં નરસાં કામ કોણ કરાવે છે? માઅસુમ એટલે શું? બારમા ઇમામ ગાયબ હોવામાં શું મસલેહત છે? મોઅમીન કોણ મુનાફીક કોણ? ઇલ્મેદીન શું મુજતહેદમાં કેટલી શરતો જુવે? પેશ નમાઝમાં કેટલી શરતો જુવે? બંદગીમાં શું વાજીબ છે, તહારત કેટલી જાતની છે? જાહેરી અને અંદરની તહારત કઇ? પેશાબ પાયખાનાના આબાદ કેટલાં છે? પાયખાનાની સુન્નત કેટલી ચીજ છે? પાયખાનાની મકરૂહ કેટલી છે? નજીસ ચીજ કેવી રીતે પાક થાય? વઝુના અહકામ કેટલાં છે? વજુ કેટલી ચીજથી ટુટે છે? સુન્નત વઝુ કેટલાં છે? વઝુમાં મકરૂહ ચીજો કેટલી છે? તેની રીત કેમ છે સુવાવડી ઓરતના હાયનું ખાવું પીવું કેમ છે હેઝ નીફાસ ઇસ્તેહાઝા એ શુ છે, બીમાર પડે તો કેટલો સવાબ છે, બીમારે શું કરવું જુવે મઇયતનું ગુસલ કફન દફન નમાઝ વી૦ કેવી રીતે કરવું કબર ઉપર તલકીન કેવી રીતે પડવી નમાઝનો વખત રીત સવાબ વી૦ નમાઝીનાં કપડાં બદનનો હુકમ, સીજદો કઇ ચીજ ઉપર થઇ શકે છે? નમાઝ કેટલી જાતની વાજીબ છે? જમાઅતની જુમ્માની નમાઝનો સવાબ શું છે? મુસાફરીમાં નમાઝ કેવી રીતે પડવી? ગ્રહણ અને ઇદની નમાઝ કેમ પડવી? રોઝા રાખવામાં શું સવાબ છે, કેટલા રોઝા વાજીબ છે. કેટલી ચીજથી રોઝો ટુટે છે, ફીતરો શું છે કોણ આપે કોને આપે હજ કરવામાં શું સવાબછે અને ન કરવામાં શું અઝાબ છે ખુમસ અને ઝકાત શું છે. કુરઆન પડવામાં શું સવાબ છે. નીકાહમાં કેટલો સવાબ છે? તલાક વીશે શું હુકમ છે, કોઇ કાફર મજલીસમાં આવે તો શુ હુકમ છે? આશુરાના દીવસની શબીહ બનાવવી, જેમકે કોઇ ઇમામે હુસયન અ૦ બને કોઇ શીમર થાય વી૦ વી૦ માટે શું હુકમ છે. વી૦ એમાં છે

કીંમત ઊંચા કાગળવાળીનો રૂ ૧) પણ રૂપીઆવાળી ખલાસ થઇ છે હલકા કાગળ વાળીનો રૂ ૦ાા કાચા પુંઠાવાળીના ૦ાા= પોસ્ટેજ ૦)= આફ્રીકા રૂ. ૦ાા

## ૧૪ ઝાદુલ આખેરત ફરીને છપાવી.

**કીંમત પોસ્ટેજ સુધાં ૦ાા≈ આના આફ્રીકા ૦ાાઃ**

ઊરદુ સહેલી અને શીરીન મીઠાશથી ભરપુર જબાનમાં પંજેતને પાક અ૦ નો અહવાલ અને ખાસ કરીને ઇમામ હુસયન અ૦ અને તેઓના ભાઇ ભત્રીજા ફરઝંદો અને અસહાબોનો કરબલાનો અહવાલ નજરે દેખાવ આપે એવી ઢપમાં શેઅરમાં આપેલ છે. એવી રીતે મુસીબતનો અહવાલ ગોઠવેલ છે કે વાંચનાર અને સાંભળનારનાં દીલ હલી જાય અને ઝાર ઝાર રોવા લાગે મજકુર કીતાબ આપણા લોકોમાં પ્રખ્યાત છે અને તે ઉરદુ અક્ષરોમાં હોવાથી ગુજરાતી જાણનાર તેના

ઇલ્મ રોશની છે. શેઠ લાઈબ્રેરી હાજીભાઈ ગામદાણી (સીયાણા)

લાભથી મહરૂમ રેહતા હતા; હવે તે ગુજરાતી અક્ષરોમાં કરવાથી લોકોને બહુજ પસંદ પડી છે

## ૧૫ વઝીફો.

જેની અંદર પાંચ વખતની નમાઝ પછીની દોઆઓ, તેમજ કેટલીક આયતો સુરા તેનો સવાબ જાત જાતની બીમારી, બલા, ઝાલીમોના ઝુલમ દુર થવા, માલ દોલત મળવા કરજ અદા થવા, હાજતો પુરી થવાની દોઆ નમાઝ અમલ ખુદાના ૨૫ ઇસમની ખાસીયત વી૦ પોસ્ટેજ સુધાં ૩ ૦।=

---

## ૧૬ મેઅરાજનામા.

**ફક્ત ત્રણ આનામાં પોસ્ટેજ માફ.**
**જેની અંદર નીચે મુજબ બાબતો છે.**

ખુદાની તાઅરીફ, મેઅરાજની બાબતની હદીસો અને મેઅરાજની શરૂઆત પહેલા બીજા ત્રીજા ચોથા પાંચમા છઠા સાતમા આસમાનનો બએતુલ માઅમુરનો, બેહીસ્તનો અર્શ અને કુરસીનો ખુદાવંદે કરીમ સાથે સવાલ જવાબનો અહવાલ અને બીજા પયગમબરોને મળેલી ચીજોના પ્રમાણમાં રસુલે ખુદા સ૦ ને મળેલી ચીજોનું બયાન હઝરતે જમાઅતની નમાઝ પઢાવવી, અને તે વખતની ઉમ્મત ઉપર પચાસને બદલે પાંચ નમાઝ વાજીબ થવાનું બયાન

રસુલે ખુદા સ૦ નું મેઅરાજથી પાછું ફરવું અને ખુદાએ હઝરત અલી અ૦ વીશે બલામણ કરવી અને જાહીલ લોકોના કેટલાંક શકને દુર કરવાની દલીલો.

---

## ૧૭ નજાતુદ દારયન.

**( માબાપના હક વિષે )**

અમોએ ઘણી મેહનત કરી તમામ કુરઆને શરીફમાં તપાસીને ખાસ માબાપના હકની જેટલી આયતો વારીદ થઇ છે તે તમામ ચુંટીને લખી ખાસ એક આયતની તફસીર કરી, મવકે મવકે હદીસો નાંખી, માબાપની તાબેદારીના ફાયદા અને સવાબની હદીસો અને તેને લગતી હીકાયતો, તેમજ તેઓની નાફરમાનીના અઝાબની તથા તેથી થતા નુકશાનની હદીસો અને તેને લગતી હીકયતો, અને હકીકી ( ખરા ) માબાપ કોણ તેનું બયાન, અને છેલ્લે માબાપ ઉપર અવલાદનો હક લખી ઉમદા દોઆએ મશલુલ બેહદ અઝીમ સવાબ અને ફાયદાવાળી દરજ કરી છે. કીંમત ચાર આના આફ્રીકા ૦।૦॥

---

## ૧૮ બહરેગમ ભાગ ૧ લો.

જુદા જુદા શાએરોના બનાવેલા ૧૦ મરસીયાનો ઉંચા કાગળમાં કીતાબ છાપી છે જેના ૬૮ પેજ છે શાએરોનાં નામ, અને દરેક મરસીયાનો મતલો, અને કેટલા બંદ વ૦નું સાંકળીઉં છે, કીંમત બહુજ સસ્તી પોસ્ટેજ સુધાં સાડાચાર આના મરજી પડે તે મંગાવે.

---

## ૧૯ નહરેગમ.

જેની અંદર દેરૂદ, તીજા, સલવાત, મનાકેબ ૧૦ સલામ, ૩૯ રૂબાઇ અને ૭૫ નવહા ઉમદા ઉમદા ચુંટીને લખવામાં આવ્યા છે. કીંમત ૦।૦॥ આફ્રીકા ૦।–

---

## ૨૦ રવનકે માતમ.

જેની અંદર ચુટીને ૩૬ નવાહ છપાવ્યા છે કીંમત ત્રણ આના.

---

## ૨૧ સદ હીકાયત એટલે સો વાર્તા

વારતાના શોખીનો કયાં છે?

હવો ૧૦૦ વારતાની કીતાબ ફકત ત્રણ આનામાં પોસ્ટેજ અરધો આનો આફ્રીકાનો એકઆનો ઉમદા અને નસીહત કારક એવી એવી હીકાયતો લખવામાં આવી છે કે તે વાંચવાથી દીન અને દુન્યાના હજારો જાતના ફાયદા અને નસીહત મળવા ઉપરાંત દીલ પણ ખુશ થાય તાકીદે મંગાવો થોડી નકલો છાપી છે.

## ૨૨ ઉમદા મોઅજીઝો.

જેની અંદર ઉરદુ શેઅર અને દરેક બંદની નીચે ગુજરાતીમાં ખુલાસો એવા ૪૬ બંદ છે, એક કાજીની છોકરીએ હઝરત અલીઅ૦ ના નામ ઉપર ખૈરાત કરેલી તેથી એક મલઊના યહુદાણીએ તે બીચારી નેકબખ્ત ઉપર ઝીનાની તોહોમત નાંખેલી, અને તેથી તેણીનો બાપ કાજી કે જે હઝરત અલીનો મોહીબ નહતો પોતાની છોકરીને તલવાર લઇ મારવા આવેલો પણ જનાબે ફાતેમાં અ૦ જન્નતથી આવીને તેણીની મુશકીલ આસાન કરી ઝીનાની તોહોમત દુર કરેલી, અને એ મોઅજીઝો જોઇ કાજી મોહીબેઅહલેબએત થઇ ગયો. કીંમત ૦)- પોસ્ટેજ જુવે તેટલા લીઓ ૦)॥

## ૨૩ ખૈબરની લડાઈ.

એ કીતાબમાં ખૈબરના કીલ્લાને ફતેહ કરવાનો અહવાલ બહુજ સરસ રીતે લખવામાં આવેલ છે, હઝરતે રસુલે ખુદા સ૦ છત્રીસ હજારનું લશકર લઇને ગયા, અને હમેશા ઇસલામી હારી જતા હતા.

આખર મદીનેથી જનાબ હયદરેકરરાર ગયરેફરરારે આવી બહુજ શુજાઅત અને બહાદુરીથી એ મ્હોટામ્હોટા દરવાજાને ખેંચી ઉપાડી અને મરહબનામી પહેલવાન સાથે લડાઇ કરી કીલ્લાને ફતેહ કરેલ છે ટુંકમાં એકે હયદરે સફદરના ગુલામોને વાંચવાથી એવી ખુશહાલી હાસીલ થાય છે કે જેની હદ નથી, કીંમત ૦)- જોઈએ તેટલા લીઓ પોસ્ટેજ ૦)॥ આનો.

## ૨૪ બીલોહર અને યુઝાસુફનો કીસ્સો

અરેબીયનનાઇટ અમોએ વાંચી નથી, પણ રફીકના અધીપતીએ લખ્યું છે કે બિલોહર અને યુઝાસુફનો કીસ્સો અરેબીયન નાઇટના કીસ્સાને ભુલાવે એવો દીલને બેહલાવનારો છે.

"અયનુલ હયાત" મોઅતબર કીતાબમાં એ કીસ્સો જનાબે મજલીસીએ લખ્યો છે તેઓ એ કીસ્સા બાદ છેવટે લખે છે કે અએ અઝીઝ (દોસ્ત) આ કીસ્સો કે જેની અંદર દાખલા અને મીસાલો ફાયદા કારક ભરેલી છે, અને એ હીકમત ઉપર બરાબર ધ્યાન કરે, અને ફીકર કરી વીચાર કરે અને બસીરતની આંખથી જુવે તો દુન્યાની મોહબ્બત તોડવા માટે અને દુન્યાના એબ જાણવા માટે કાફી છે એવી એવી હકીમતો છે કે હકીમાને ઇલાહી લોકોના ફાયદા માટે એ હક સુખન બોલી ગયા છે કે તે નજાત મળવાનુ સાધન છે કીંમત ચાર આના આફ્રીકા ૦।૦॥

## ૨૫ નુરૂલ ઓયુન.

જેની અંદર યાસીન, અરરહમાન, તબારકલ્લઝી મુઝ્ઝમ્મેલ, ઇન્ના અન્ઝલના, કુલહો વલ્લાહ, અને અલહમ્દ મળી સાત સુરા અરબી તથા પાછળ ગુજરાતી મોટા ટાઇપમાં અને ગુજરાતી તરજુમા સાથે છે, અને દીબાચામાં એ સાતે સુરાનો ટુંક ટુંક સવાબ લખ્યો છે, અને નમુના તરીકે બીસમિલ્લાહની ટુંક તફસીર પણ લખી છે. પોસ્ટેજ સુદ્ધાં ૦॥- આફ્રીકા ૩ ૦॥=

## ૨૬ નેઅમત.

એ કીતાબમાં ગોસ્ત ખાવાનો સવાબ તથા હીંદુ લોકો તેથી વીરધ છે તેનો અક્કલથી

ઇલ્મ ગાથી છે. ... આહીયા (...)

જવાબ, શીકાર કરવાની શરતો તથા તેને લગતા મસાએલ ઝબહ (હલાલ) કરવાનો તરીકો હયવાનમાં કેટલી ચીજ હરામ અને મકરૂહ છે, તથા કયા કયા હયવાન હલાલ છે. કયા કયા હરામ છે વીગેરે ખુલાસા લખ્યા છે. કીમત બે આના પોસ્ટેજ માફ.

## ૨૭ તાવીઝે અઅઝમ

જેની અંદર બલાથી બચવાના અફ્ઝોથી છેટે રહેવાના નકશા દોઆ, અને કુરઆનના સાત સુરા, અને કાઅબા બૈતુલ મુકદ્દસ કરબલા વીગેરે ના નકશા પણ છે, બહુજ અસરવાળું તાવીજ છે કીંમત ૦)–ાા જુવે તેટલા લીએ પોસ્ટેજ ૦)ાા

## ૨૮ ગુલઝારે કરબલા. બીજો ભાગ.

ગુલઝારે કરબલાનો પેહલો ભાગ જેમાં ત્રણ હીસ્સા હતા તે ખલાસ થયો, અને બીજો ભાગ જેમાં ચોથો અને પાંચમો હીસ્સો છે તે તૈયાર થયો, તેની અંદર ઇમામે હુસેન અ૦ ની શહાદત પછીનો કરબલાથી કુફા શામ અને મદીને પહોંચવાનો અને તે પછી મુખતાર તથા બીજા મોઅમીનોએ ઇમામે હુસેન અ૦ના ખુનનો બદલો લીધો અને ઝાલીમોને પકડીને ખુબ સજા કરી આ હાલ ઉરદુ બાષા અને ગુજરાતી હરફમાં છે, જે મુરેઈમાનમાં દર વખતે આપનો તેની જુદી કીતાબ બંધાવી છે કીંમત રૂ. ૧ાા પોસ્ટેજ આફ્રીકાનું ર૦ા રાહેનજાતના ગ્રાહકને રૂ. ૦ાા ઓછા.

## ૨૯ હૈદર ચરીત્ર તથા હૈદરવાણ.

તેમાં હ૦ અલી અ૦ની વીલાદતથી શહાદત સુધીનો કેટલોક જાણવા જેવો અહવાલ ઉપરાંત હઝરતે ફરમાવેલી ૨૩૫ નસીહતો સમાએલી છે કીંમત ૦–- પોસ્ટેજ ૦)ાા આફ્રીકા એક આનો, સોનેરી નામ વાળી પાકા પુઠાના ત્રણ આના વધારે.

## ૩૦ ઝાડ.

ચઉદ માઅસુમ અ૦ ના નામનું ઝાડ કાચમાં જડાવા લાયક રંગીન છાપવાળું ૦)ાા ગમે તેટલાં લ્યો પોસ્ટેજ ૦)ાા.

---

## ૩૧ તાવીજ બાજુબંધનું.

હઝરત અલી૦ અ૦ નું બાજુંબંધ અરબીમાં ઉરદુમાં ખાસીયત સાથે જે પાસે રાખવાથી ૭૦ જાતની બલા દુર થાય છે તેમાં આયતુલકુરસી પણ વધારી છે જેની ખાસીયત ઘણી છે દુકાનમાં રાખે તો બરકત થાય વીગેરે કીંમત એકનો અરધો આનો અને ત્રણનો એક આનો પોસ્ટેજ જોઇએ તેટલા લીએ અરધો આનો.

## ૩૨ અમુલ્ય તાવીજ.

### હજારો તાવીજોનું એક તાવીજ.

**ખાસ હરણના ચામડા ઉપર હાથે લખેલું ઉમદા તાવીજ.**

તમામ બીમારીઓથી બચવા, જાદુ દુર થવા જીન પરીથી બચવા, કોલેરા અને વબાથી અમાનમાં રહેવા, હમલને ખલલ ન પહોંચવા આપવા, બચ્ચાઓને થતી બીમારીયો તેઓનું બરાબ જવું સસણી દુર થવા, અને માન ઇજ્જતમાં વધારો થવા માટે આ તાવીજ બહુજ જલદી અસર અને ફાયદો કરનાર છે.

આ તાવીજ છાપેલું નથી બલકે ખાસ મોઅમીન શીઆહ ઇસનાઅશરી દીનદાર અને પરહેઝગારના હાથે લખાએલું છે, આ તાવીજ હરણીયાની ઝીણી ચામડી ઉપર લખવામાં

આવેલ છે.

મજકુર તાવીજ આઠ દસ અમારી પાસે તઇયાર છે, માટે જેને જરૂરત હોય તે કીંમત પહેલેથી મોકલીને મંગાવી લીએ.

એ તાવીજની કીંમત પોસ્ટેજ રજીસ્ટર સુધાં.

નંબર ૧ ના ૩ ૫

નંબર ૨ ના ૩ રા

બન્ને તાવીજમાં દોઆ ઇસમ નકશ વી૦ એકજ જાતના છે, ફકત ચામડાં અને લખાણની સફાઇ અને ખુબસુરતીમાં ફેરફાર છે, જમણે હાથે અથવા ગળામાં સારી રીતે મીણ વી૦ માં પેક કરીને અથવા તાવીજમાં રાખીને બાંધવું.

## ૩૩ ઇસલામી તારીખ્યુ.

નવી શોધ એક પંથ અને પાંચ કાજ, એ તારીખ્યુ હમેશાં કાયમ કામ આવશે તેમાં ઇસલામી ૭ વાર ૧૨ મહીના, અને ૩૦ તારીખો અને દરેક તારીખ નીચે ખુદાનું એક એક ઇસમ છે તેની નીચે તેની ખાસીયત છે એ પડવામાં અમુક અમુક ફાયદા છે, એની ખુબી ૧—હમેશાં તારીખ જોવા થાય, ૨—તારીખ ફેરવે ત્યારે ખુદાનુ ઇસમ નજરે પડે, ૩—જો કે આળસુ અથવા કમફુરસતવાળો હોય તો પણ નજર પડતાંજ એક વખત અચાનક વંચાય, ૪—અને જો ખાસીયત વાંચી તો વીરદ કરવા પણ દીલ થાય; ૫—જ્યાં રાખે ત્યાં બરકત થાય, બલા દુર થાય, ફીરીસ્તા આવે અને શયતાન ભાગે કીંમત પોસ્ટેજ સુધાં ૦ા

## ૩૪ મરકી દુર થવાની મુનાજાત.

કીંમત એક પૈસો પોસ્ટેજ જુદે તેટલી લીઓ ૦)ા

## ૩૫ શાદીનામા.

ઇસલામી રીતથી લાલ રૂશનાઇથી લગન લખ્યા છે, અને તેમાં શાદી વીશેની હદીસ, અને દુલા તથા દુલહનનાં નામ નીકાહ પડાવનાર અને સાક્ષીઓનાં નામ અને સહીહની જગો, મેહર લખવાનુ ખાનુ વીગેરે મોટા હરફમાં લાલ રૂશનાઇથી જાડા કાગળમાં ફારમ છાપેલા છે કીંમત ૦)= જુદે તેટલા લીઓ પોસ્ટેજ ૦)ા

## ૩૬ જંગે બીરૂલ અમલ.

જેની અંદર હઝરત અલી અ૦ ની એ મશહુર લડાઇનો અહવાલ છે કે જે કુવાની અંદર જઇ જીન્નાતો સાથે લડયા અને ખુબ બહાદુરીથી એ સરકશો સાથે લડાઇ કરી અને ફતેહ કરીને આવ્યા કીંમત ૦)= પોસ્ટેજ ૦)ા

## ૩૭ તમીમ અનસારીનો રસીક કીસ્સો.

"તમીમ અનસારી" નો અજાએબીઓ ભરેલો કીસ્સો એટલો તો ઉમદા અને રસીક છે કે એક વખત વાંચવાથી દીલ સેર થતું નથી, અને સાચો બનેલો અહવાલ છે, તેને એક દેવ ઉપાડીને પોતાની જીન્નાતની કોમમાં લઇ ગયો હતો તે બીચારો સાત વરસે હજારો આફત ઉપાડી સેંકડો અજાએબીઓ જોઇ હ૦ ખીઝર અ૦ વી૦ વી૦ ની મુલાકાત કરી પોતાને ઘેર એ રાત્રે પહોંચ્યો કે જે રાત્રે તેની ઓરત બીજો શવહર કરી તેની પાસે બેઠી હતી ઇત્યાદી. એ કીસ્સાની કીંમત ચાર આના પોસ્ટેજ માફ.

## ૩૮ તાલીમુન્નીસા ભાગ ૧–૨ જો.

તાલીમુન્નીસા ભાગ ૧–૨ જો બચ્ચાઓને

ઇલ્મ રોશની છે. શેઠ લાઇબ્રેરી હાજીભાઈ આમદાણી ચીમરીઆ (કાઠીયાવાડ)

ગુજરાતી શીખવા કદો બારાક્ષરી જુદા જુદા એક અક્ષરી ચાર અક્ષરી વી૦ ઇસલામી તાલીમના શબ્દો જેમકે **ખુદા નબી ઈમામ નમાઝ હજ** વી૦ વી૦

અને પાઠ પણ નસીહત ભરેલા ઇસલામી મુળની તાલીમ મળે અને બચ્ચા શોખથી વાંચે અને કેટલેક ઠેકાણે જુદા જુદા ચીત્ર ગેઠવ્યા છે કે બચ્ચા ખુશી થાય એવી રીતે બનાવેલ હોવાથી બીરાદરોને બહુજ પસંદ આવવાથી એ કીતાબની તમામ નકલો ઝડપથી ખપી ગઇ અને હજુ માગણી ચાલુ હતી તેથી ફરીને છપાવી છે, માટે બચ્ચાઓને ઇનામ આપવા તેમજ મદરેસામાં શીખવવા મંગાવશો કીંમત ચાર આના પોસ્ટેજ અરધો આનો આફ્રીકા ૦)-

## ૩૯ તાલીમુન્નીસા ભાગ ૩-૪થો

જેની અંદર ઘરના કામકાજ સીવવું. શાદી. ગમી, તહારત વી૦ વી૦ બાબતોના ઉમદા ઉમદા પાઠ ગેઠવેલ છે કીમત રૂ ૦I પોસ્ટેજ ૦)॥ આફ્રીકા ૦)-

## ૪૦ તાલીમુન્નીસા ભાગ ૫-૬ ઠો.

તેમાં શોકોની કહાણી અને ઘરનું કામકાજ કારભાર રીતભાત, ઘરનો સુધારો નોકરો ચાકરોને કેવી રીતે રાખવા, ઘરનો ખરચ કેમ ચલાવવો છેલ્લે ખુદાને ઓળખવાની દલીલો ઉસુલેદીન ફુરૂએદીન વી૦ વી૦ કીમત રૂ. ०I પોસ્ટેજ ૦)૦॥આનો આફ્રીકા ૦)-

---

૪૧—રૂબાઇનો જથો જેમાં ઉમદા ઉમદા ચુંટીને બસો રૂબાઇયો લખી છે કીંમત ફકત ૦)- જુવે તેટલી લીયો પોસ્ટેજ ૦)॥

૪૨ બે મરસીયાની બયાજ કીંમત ૦)- જુવે તેટલી લીઓ પોસ્ટેજ ૦)॥

૪૩—નકશા હમેશા તથા બીજ જોઇને જોવાના નકશા એ જોવાથી બલા આફત વી૦ થી નજાત મળે છે કીંમત ૦)- જુવે તેટલા લીઓ પોસ્ટેજ ૦)॥

## ૪૪ ગૈબી ખજાનો.

જેની અંદર હમેશાં સાતે વારના જુદા જુદા સાત નકશા અરબીમાં છપાવી તેની પાછળ ગુજરાતીમાં તે જોવાનો સવાબ ફાયદા વી૦ લખ્યા છે અને તેની નીચે જગ્યો ખાલી હોવાથી ખુદાનું એક એક ઇસમ અને તેની ખાસીયત અને ફાયદો લખ્યો છે, જેમકે—

શનીવારનું નકશ જુવે તો તે બીજા શનીવાર સુધી તમામ બલા અને આફતોથી ખુદાની અમાનમાં રહે

બુધવારનું નકશ જુવે તો લોકોની નજરમાં માનવંત આબરૂવાળો દેખાય.

જુમેરાતના દીવસનું નકશ જુવે તો દોલત પામે અને તમામ આફતો અને બલાથી ખુદાની અમાનમાં રહે અને દીન દુન્યાનાંકામથાય

દરેક ખૌફથી નિર્ભય રહેવા અને મોહટી નેઅમતો મળવા માટેનું ઇસમ

કસ્તુરી અને કેસરથી લખીને ખાઇ જાય તો ખલાએકની સામે માનવાવાળો થાય તે ઇસમ વી૦

કીંમત ફકત અઢી આના પોસ્ટેજ ગા૫.

૪૫ રાહેનજાત ૯ મી કીતાબ રૂ ૧I

## નીચે લખેલી કીતાબો મફત મળશે

દરેકનું પોસ્ટેજ ૦)॥

૪૬ નુરેહીદાયત કલમો બાર ઈમામના નામ વજુ ગુસલ નમાઝ વી૦

૪૭ નજાતુલ એબાદ નુરેહીદાયતમાંની તમામ ચીજો ઉપરાંત નમાઝના માયના અને હ૦ અલી અ૦ ખુદા ન હોવાની મજબુત દલીલો

૪૮ સારી નરસી તારીખો વાર વી૦ જોવાનો કોઠો.

૪૯ પંજેતને પાક અ૦ નો શજરો

૫૦ તવરેતના ૪૦ સુરા.

૫૧ મસ્જીદના આદાબના પાના

૫૨ વારસાની કીતાબ, ૨૦૦ પેજની આનું પોસ્ટેજ ૦)- આ૦ ૦)=

## ૫૩ સોબુતે શહાદત.

દીલ્લીમાં મીરઝા હયરત કરીને કરઝન ગેઝેટના એડીટર છે, તે ઇમામે હુસયન અ૦ ની શહાદતનો ઇનકાર કરે છે.

એ શહાદતના ઈનકારના રદમાં સોબુતે શહાદત નામનો એક રીસાલો ઉરદુ હરફ અને ઉરદુ ભાષામાં છપાણો છે; તેમાં સુન્નત જમાઅતની મોઅતબર કીતાબોના આધારે ઇમામે હુસયન અ૦ની શહાદતની સાબેતી ક૦ રી આપી છે, તેનો તરજુમો.

૫૪ તોહફએ હાશમી.

૫૫ તરીકે નજાત.

જુના ચોપાન્યા એક આનાની ટીકેટમાં ચાર નકલ.

### નીચેની કીતાબ છપાય છે.

૫૬ ઝાદુસ્સાલેહીન બારે મહીનાના અઅમાલ જાણવા જેવી બાબતો, દોઆ, નમાઝ, ઝીયારતો, તારીખો ગ્રહણ વી૦ વી૦ મોટાં કદની જાડાં કાગળની આશરે ૩૫૦ પેજ ની ૪૦ થશે. કીંમત હવે પછી લખીશું.

### નીચેની કીતાબ છપાવાની તઇયારીછે.

૫૭ કસસુલ અંબીયા મેહદી આશરે ૪૦ ૫૦૦ પેજની,

૫૮ મુખતારનામુ મોટું આશરે ૪૦ ૪૦૦ પેજ.

### નીચે લખેલી કીતાબો ખલાસ થઇ છે, પણ જે કીતાબની બસો નકલની માગણી કરેતો ઝડપથી છપાવી તઇયાર કરી આપીયે.

૫૯ દુરરેબેબહા બાર ઇમામ ચઉદ મઅસુમઅ૦ ના અહવાલની રૂ ૧।

૬૦ હદીકએ શહાદત ચાલીસ મજલીસની રૂ૧।।

૬૧ મેઅરાજુસ્સઆદહ નફસ અને રૂહની બીમારીયોના ઇલાજ રૂ ૧।।

૬૨ ગુલઝારે કરબલા ઉરદુ ભાષા ગુજરાતી હરફ પહેલો ભાગ ઇમામે હુસયન અ૦ના નુરથી તે શહાદત સુધીનો અહવાલ રૂ૧।।

૬૩ મહેરેમુનીર ૭૫ મોઅજીઝા.

૬૪ શાદીનામા.

૬૫ તોહફએ નાજી.

૬૬ તોહફએ શરીફીયાહ.

૬૭ તોહફએ નજરીયાહ.

૬૮ નવો મોઅજીઝો.

૬૯ રાહે હક.

૭૦ રાહે ઇમાન.

૭૧ જન્નતની ચાવી.

૭૨ ચશમેગમ.

૭૩ ઉસ્તાદ અને શાગીર્દ

૭૪ સેરાતે મુસ્તકીમ ઉરદુ.

૭૫ સઝાએ ઝુલમ.

૭૬ થી ૮૬ રાહેનજાત ૧-૨-૩-૬-૭-૮-૧૦-૧૧-૧૨-૧૩-૧૪ એ કીતાબ નથી.

૮૭થી૯૬ નુરેઇમાન ૧—૨—૩—૪ ૫—૬—૭—૮—૧૧—૧૨ એ કીતાબનથી,

૯૭ કંબરનો મોઅજીઝો.

૯૮ નજાતુદદારયન ઉરદુ હરફમાં.

૯૯ દોઆએ કન્ઝુલ અર્શ

૧૦૦ મીલાદે શરીફ.

૧૦૧ મુનાજાત.

૧૦૨ તોહફતુલ મોઅમેનીન.

૧૦૩ કહરે ઝુલજલાલ.

૧૦૪ મફાતીહુલજીનાન ઉરદુ

૧૦૫ આદાબે મુજામેઅત. આ હવે છાપવી નથી.

લ૦ હાજી ગુલામઅલી
હાજી ઇસમાઇલ.
અમદાવાદ પાંચપટી મુગલની પોળ.

—:૦:—